# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425

05 MAY, 2026 TUESDAY




પેજ 2 શોભાસણ બ્રિજ પાસે ટ્રક અને ડમ્પર વચ્ચે કાળઝાળ ટક્કર


પેજ 3 વિલાયત GIDCમાં કેમિકલની જમ્બો બેગ ફેંકી દેવાતા ચકચાર


પેજ 7 અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર પુત્રને મળવા જતા પિતાનું એક્ટીવાની અડફેટે મોત


પેજ 5 સાત વર્ષથી પીવાના પાણી માટે વલખાં મારતી મહિલાઓનો રસ્તા પર ચક્કાજામ



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 49 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## પાંચ રાજ્યોના વિજય બાદ મોદી લહેર પૂર્વ ભારતમાં ફરી વળી

# દીદીના ગઢમાં દાદાનો દબદબો: બંગાળ હવે ભગવા રંગે રંગાયું!

## અમિત શાહની 'ચાણક્ય નીતિ' એ મમતાના કિલ્લાના કાંગરા વિખેરી નાખ્યા

• કોલકાતા/નવી દિલ્હી:

દેશના પાંચ રાજ્યોમાં ભવ્ય વિજય મેળવ્યા બાદ હવે પશ્ચિમ બંગાળમાં પણ ભારતીય જનતા પાર્ટીએ ઈતિહાસ રચી દીધો છે. વર્ષો સુધી જે રાજ્યમાં ભાજપ માત્ર એક નાનકડી શક્તિ ગણાતું હતું, ત્યાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'ભગવો' લહેરાયો છે. મમતા બેનર્જીના દસકાઓ જૂના ગઢને તોડીને ભાજપે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં બહુમતી સાથે જીત હાંસલ કરી છે. આ જીત સાથે જ સાબિત થયું છે કે દેશમાં 'મોદી લહેર' માત્ર યથાવત નથી, પણ વધુ પ્રબળ બની છે.




**મોદી મેજિક યથાવત: વિરોધપક્ષોના સૂપડા સાફ, બંગાળની જનતાએ વિકાસ અને રાષ્ટ્રવાદ પર મહોર મારી**

અમિત શાહ: રણનીતિના અસલી 'ચાણક્ય'

આ જીત પાછળ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અતૂટ મહેનત અને રણનીતિ જવાબદાર મનાય છે. ચૂંટણીના મહિનાઓ પહેલાથી જ શાહે બંગાળમાં ધામા નાખ્યા હતા. 'ઈસ બાર, ૨૦૦ પાર' ના નારા સાથે શરૂ થયેલી સફર આજે વિજયમાં પરિવર્તિત થઈ છે. ટીએમસીના આંતરિક અસંતોષને પારખીને પાયાના કાર્યકરોને સંગઠિત કરવાની અને હિન્દુત્વની સાથે વિકાસના મુદ્દાને જોડવાની તેમની સ્ટાઈલ વિરોધપક્ષો માટે લોઢાના ચણા સાબિત થઈ છે.

શા માટે જીત્યું ભાજપ?

1. મોદીની લોકપ્રિયતા: પીએમ મોદીની રેલીઓમાં ઉમટેલી જનમેદની પરિણામોમાં પરિવર્તિત થઈ.

2. સંગઠન શક્તિ: બૂથ સ્તર સુધી ભાજપના કાર્યકરોની ફોજ અને પન્ના પ્રમુખ મોડેલની સફળતા.

3. મહિલા મતદારો: કેન્દ્ર સરકારની યોજનાઓ અને સુરક્ષાના મુદ્દે મહિલાઓએ મન મૂકીને ભાજપને મત આપ્યા.

4. ભ્રષ્ટાચાર વિરોધી લહેર: શાસક પક્ષ વિરુદ્ધની એન્ટી-ઈન્કમ્બન્સીનો સીધો ફાયદો ભાજપને મળ્યો.

ગુજરાતીઓનો ઉત્સાહ

પશ્ચિમ બંગાળમાં ભાજપની જીતના સમાચાર આવતા જ ગુજરાતમાં પણ દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે કાર્યકરોએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચીને વિજયોત્સવ મનાવ્યો હતો. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખે આ વિજયને લોકશાહીની જીત ગણાવી અમિત શાહ અને પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે.

[કોર્નર ન્યૂઝ બોક્સ]

'બંગાળની જનતાએ સાબિત કરી દીધું છે કે તેમને માત્ર વિકાસ જોઈએ છે. આ વિજય દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે.'

– નરેન્દ્ર મોદી (વડાપ્રધાન)

## નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઉછાળો, મારુતિ-અદાણી પોર્ટ્સના શેરમાં 4% સુધીનો ઉછાળો

### બજાર સામાન્ય રીતે રાજકીય સ્થિરતા અને સ્પષ્ટ જનાદેશને સકારાત્મક રીતે લે છે

• મુંબઈ

દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો વચ્ચે આજે, 4 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 350 પોઈન્ટની તેજી સાથે 77,200 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ 100 પોઈન્ટની તેજી સાથે 24,100ની સપાટીએ પહોંચી ગયો છે. આજના કારોબારમાં નિફ્ટી રિયલ્ટી સૌથી વધુ ખરીદી છે, જ્યારે નિફ્ટી આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે. ચૂંટણીના વલણો: આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પ્રારંભિક વલણો બજાર માટે સૌથી મોટો ટ્રિગર સાબિત થયા છે. બજાર સામાન્ય રીતે રાજકીય સ્થિરતા અને સ્પષ્ટ જનાદેશને સકારાત્મક રીતે લે છે. વૈશ્વિક બજારમાં મજબૂતી: અમેરિકી બજારોમાં આવેલી તેજી, ખાસ કરીને S&P 500 ના રેકોર્ડ સ્તરે પહોંચવા અને ટેક શેરોમાં ઉછાળાએ ભારતીય બજારના સેન્ટિમેન્ટને મજબૂત બનાવ્યું છે. ક્રૂડ ઓઈલની કિંમતો: આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલો ઘટાડો



ભારત જેવા મોટા તેલ આયાતકાર દેશ માટે રાહતના સમાચાર છે. આનાથી મોંઘવારી ઘટવાની આશા જાગે છે, જેની સીધી અસર બજાર પર જોવા મળે છે.

મોટી કંપનીઓના શાનદાર ત્રિમાસિક પરિણામો: હિન્દુસ્તાન યુનિલિવરના બહેતર સેલ્સ વોલ્યુમ અને અન્ય મોટી કંપનીઓના ચોથા ક્વાર્ટર (Q4)ના પરિણામોએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે. આ જ કારણ છે કે મારુતિ અને HUL જેવા શેરોમાં 4% સુધીનો ઉછાળો જોવા મળ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### વિનેશના સમર્થનમાં ઉતર્યા મહાવીર ફોગટ:કહ્યું-કુસ્તી મહાસંઘ ભંગ કરો, હાલના પ્રમુખ બ્રિજભૂષણની કઠપૂતળી

ઓલિમ્પિયન રેસલર વિનેશ ફોગાટ દ્વારા ભારતીય કુસ્તી મહાસંઘ (WFI) ના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ પર યૌન શોષણના આરોપો લગાવ્યા બાદ વિનેશના બાળપણના કોચ રહેલા તાઉ મહાવીર ફોગાટ તેમના સમર્થનમાં ઉતર્યા છે. મહાવીરે કહ્યું કે બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહેલા આંદોલન છતાં મહાસંઘમાં કોઈ ખાસ બદલાવ આવ્યો નથી. વર્તમાન પ્રમુખ સંજય સિંહ બ્રિજભૂષણના માત્ર એક કઠપૂતળી છે. ગઈકાલે જ વિનેશે વીડિયો જાહેર કરીને કહ્યું હતું કે તે પણ તે યૌનસોષણની ભોગ બનેલી મહિલા ખેલાડીઓમાં સામેલ છે.

### દ્વારકેશ પોડકાસ્ટના ચાહક ટેક દિગ્ગજો:ઝકરબર્ગને કહી દીધું હતું- ફરીથી રેકોર્ડ કરવું પડશે

AIની જાદુઈ દુનિયામાં જ્યાં મોટા-મોટા દિગ્ગજો પણ ટેકનોલોજીના ઘોંઘાટમાં ખોવાઈ જાય છે, ત્યાં દ્વારકેશ પટેલ સિલિકોન વેલીના AI સમુદાયનો સૌથી મહત્વપૂર્ણ અવાજ બનીને ઉભર્યા છે. 25 વર્ષીય ભારતીય મૂળના દ્વારકેશના પોડકાસ્ટને પ્રતિ એપિસોડ સરેરાશ 20 લાખ વાર સાંભળવામાં આવે છે. માર્ક ઝકરબર્ગ, સત્ય નડેલા અને જેન્સન હુઆંગ જેવા દિગ્ગજ CEO તેમની સાથે કલાકો સુધી ચર્ચાઓ કરે છે. લોકપ્રિયતા એવી છે કે તેમની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી થાય છે. પટેલ ઈન્ટરવ્યુ માટે ઊંડો અભ્યાસ કરે છે અને AIની જટિલ ભાષાને નવી શૈલીમાં રજૂ કરે છે. દ્વારકેશના પોડકાસ્ટની સફર 2020માં એક કોલેજ હોસ્ટેલના રૂમમાંથી શરૂ થઈ હતી. કોરોના મહામારી દરમિયાન જ્યારે બધું જ ઠપ થઈ ગયું હતું, ત્યારે યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થી દ્વારકેશ કંઈક અલગ કરવાની શોધમાં હતા. તેમણે પોતાની જિજ્ઞાસાના જોરે નિષ્ણાતોને ઈમેલ કરવાનું શરૂ કર્યું. આજે 'દ્વારકેશ પોડકાસ્ટ'ની અલગ ઓળખ છે. એન્થ્રોપિકના મુખ્ય સંચાર અધિકારી સાશા ડી મેરિગ્ની કહે છે, 'લોકો તેમને ફક્ત કોમેન્ટેટર નથી માનતા, તેઓ AI સમુદાયના અભિન્ન અંગ છે.'

### યુપી-રાજસ્થાનમાં વાવાઝોડા-વરસાદથી 4ના મોત:હરિયાણા-ઉત્તરાખંડમાં કરા પડ્યા; કાશ્મીરમાં ભૂસ્ખલનથી બારામુલા-ઉરી રોડ બંધ

યુપી, રાજસ્થાન, બિહાર અને ઉત્તરાખંડ સહિત ઘણા રાજ્યોમાં વાવાઝોડા-વરસાદનો દોર ચાલુ છે. રાજસ્થાનમાં રવિવારે ખરાબ હવામાનને કારણે ત્રણ લોકોના મોત થયા. દૌસાના લાલસોટ અને કોટપુતલી-બહરોડના નારાયણપુરમાં કરા પડ્યા. યુપીના સુલતાનપુરમાં ચક્કી પર ઝાડની ડાળી પડવાથી એકનું મોત થયું. ફર્રુખાબાદમાં વાવાઝોડાથી થાંભલા ઉખડી ગયા, જ્યારે કાનપુરમાં રેલવે ટ્રેક પર ઝાડ પડી ગયું. હરિયાણાના સિરસા, ભિવાની અને મહેન્દ્રગઢમાં રવિવારે ભારે વરસાદ સાથે કરા પડ્યા. ઉત્તરાખંડના પણ 11 જિલ્લાઓમાં વરસાદ થયો. નૈનીતાલ, દેહરાદૂન અને અલ્મોડામાં કરા પણ પડ્યા. જમ્મુ-કાશ્મીરના લઘામામાં ભૂસ્ખલન પછી બારામુલા-ઉરી નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો. ટ્રાફિકને ઉરી તરફ બાંદી-પરનપિલન-દાચી માર્ગ પરથી ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

## પાક્કો ગુજરાત વિશેષ પર્દાફાશ: જૈન શાસનના ઓઠા હેઠળ 'કૌંસધારી' ગદ્દારોનો આતંક!

# ધર્મના નામે હનીટ્રેપનું ગંદું નેટવર્ક, કરોડોની ઉઘરાણી અને ભાડૂતી પત્રકારોનો પ્યાદા તરીકે ઉપયોગ: શું જૈન ધર્મને ખતમ કરવાનું આંતરિક ષડયંત્ર છે?




• [ખાસ તપાસ અહેવાલ: પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ]

જૈન શાસનની પવિત્રતાને કલંકિત કરનારા અને સમાજની એકતામાં સુરંગ ચાંપનારા 'આસ્તીન કે સાપ' હવે સાવધ થઈ જાય! એક બાજુ આપણા પૂજ્ય ગચ્છાધિપતિ ભગવંતો રાત-દિવસ શાસન પ્રભાવના માટે વિહાર કરી રહ્યા છે, ત્યારે બીજી બાજુ સમાજની વરંડીમાં બેઠેલા કેટલાક 'વિભીષણો' ડૉલર અને રૂપિયાના જોરે ધર્મને વેચવા નીકળ્યા છે. 'પાક્કો ગુજરાત' આજે એ કાળા સામ્રાજ્યનો કાચો ચિઠ્ઠો ખોલવા જઈ રહ્યું છે, જેણે પવિત્ર જૈન સંઘને પોતાની બ્લેકમેલિંગની ફેક્ટરી બનાવી દીધી છે.

જગત પારેખ: જેલની હવા ખાઈ ચુકેલો 'તડીપાર' માનસિકતાનો શખ્સ હવે ધર્મનો રક્ષક?

જેને જૈન સંઘે તેની અનીતિ અને પાપલીલાઓને કારણે વર્ષો પહેલા દૂધમાંથી માખીની જેમ ફેંકી દીધો હતો, એ જગત પારેખ આજે કયા મોઢે સંતોના ચરિત્ર પર આંગળી ઉઠાવે છે?

* સત્ય શું છે?: આ એ જ જગત પારેખ છે જેના પર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સકંજા કસાયેલા છે.

* સવાલ: જેનું પોતાનું ભૂતકાળ ગુનાખોરી અને કૌભાંડોથી ખરડાયેલું હોય, તે શાસનના શુદ્ધિકરણની વાતો કરે એ તો 'સો ઉંદર ખાઈને બિલાડી હજ પર ગઈ' જેવો ઘાટ છે!

ષડયંત્રકારીઓની 'ગેંગ ઓફ થ્રી': કલ્પેશ, વિક્રમ અને હાર્દિક હુડિયાનો ખેલ

આ કોઈ વ્યક્તિગત વિરોધ નથી, પણ એક સુનિયોજિત સિન્ડિકેટ છે. કલ્પેશ સિંઘવી અને વિક્રમ બાફના જેવા સૂત્રધારો એસી ઓફિસોમાં બેસીને કાવતરાં ઘડે છે, અને હાર્દિક હુડિયા જેવા કથિત 'પીળી પત્રકારત્વ' (Yellow Journalism) કરનારા મહોરાઓ સોશિયલ મીડિયા પર ગંદકી ફેલાવે છે.

* મોડસ ઓપરેન્ડી: સાધુ-ભગવંતો વિરુદ્ધ નકલી હનીટ્રેપ ગોઠવવી, મોર્ફ કરેલા વીડિયો બનાવવા અને પછી સમાજમાં બદનામીનો ડર બતાવી કરોડોની ખંડણી માંગવી! આ પત્રકારત્વ નથી, આ શુદ્ધ 'ડકાઈતી' છે.

ધર્મનો સોદો: ડૉલરના જોરે સંતોની ગાદી પર પ્રહાર

લઘુમતી જૈન સમાજની સૌથી મોટી તાકાત તેના ત્યાગી સંતો અને પરંપરા છે. આ તાકાતને તોડવા માટે વિદેશી ફંડિંગ અને સ્થાનિક ગદ્દારોએ હાથ મિલાવ્યા છે. માત્ર થોડા સિક્કાઓ માટે પોતાના જ ગુરુ ભગવંતોને બદનામ કરતા આ લોકોને શાસન ક્યારેય માફ નહીં કરે.

સીધી ચેતવણી: જેઓ કાચના મહેલોમાં બેસીને જૈન શાસનના સ્તંભો પર પથ્થર ફેંકી રહ્યા છે, તેઓ જાણી લે કે તેમની કાળી કુંડળીઓના દસ્તાવેજ 'પાક્કો ગુજરાત' ના ટેબલ પર આવી ગયા છે. શાસનને વગોવનારાઓ, હવે ભાગવા માટે રસ્તો પણ નહીં મળે!

આગામી અંકમાં 'મહા-ધડાકો'!

કોણ છે આ ગદ્દારોના આકા? કોણ કરી રહ્યું છે આ આખા નેટવર્કનું ફંડિંગ? તે સફેદપોશ ચહેરાઓ અને તેમની કથિત 'ઓડિયો ક્લિપ્સ' સાથે પાક્કો ગુજરાત ટૂંક સમયમાં મોટો ખુલાસો કરશે.

અંતિમ સંદેશ:

'ધર્મના વેશમાં છુપાયેલા આ વરુઓને ઓળખો. આજે જો આપણે મૌન રહીશું, તો આવનારી પેઢી પૂછશે કે જ્યારે શાસન પર પ્રહાર થતા હતા ત્યારે આપણે ક્યાં હતા? જૈન શાસન વિજયતે!'

સંપાદકીય નોંધ: આ અહેવાલ સચોટ પુરાવાઓ અને તપાસ બાદ જ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. પત્રકારત્વના નામે ધંધો કરનારાઓની ધમકીઓથી અમે ડરવાના નથી. સત્ય વિજયી ભવ:!

## એટલાન્ટિક મહાસાગરમાં ક્રુઝ પર હંટાવાયરસ ફેલાવવાની શંકા : 3 યાત્રીઓના મોત

• પ્રાયા

એટલાન્ટિક મહાસાગરમાં એક ક્રુઝ શિપ પર હંટાવાયરસ સંક્રમણનો શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. તેમાં ત્રણ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ત્રણ લોકો બીમાર છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને દક્ષિણ આફ્રિકાના આરોગ્ય વિભાગે રવિવારે તેની પુષ્ટિ કરી. MV હોન્ડિયસ નામના આ ક્રુઝશિપને હાલમાં આફ્રિકી દેશ કેપ વર્ડેની રાજધાની પ્રાયામાં રોકવામાં આવ્યું છે. હાલમાં મુસાફરોને ઉતરવાની મંજૂરી મળી નથી. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે જેથી સંક્રમણ ફેલાવાના જોખમને નિયંત્રિત કરી શકાય. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, જહાજ પર 6 લોકોમાં સંક્રમણ જેવા લક્ષણો મળ્યા છે. તેમાંથી એક કેસની પુષ્ટિ લેબમાં થઈ ચૂકી છે. એક દર્દી દક્ષિણ આફ્રિકાની હોસ્પિટલમાં ICUમાં દાખલ છે, જ્યારે બેને જહાજમાંથી બહાર કાઢવાની તૈયારી કરવામાં આવી રહી છે. એ પણ હજુ સુધી જાણી શકાયું નથી કે બધા બીમાર લોકો હંટાવાયરસથી સંક્રમિત છે કે નહીં. આ બીમારી આખરે કેવી રીતે અને ક્યાંથી ફેલાઈ છે, તેની તપાસ ચાલી રહી છે. નેધરલેન્ડના ફ્લેગવાળું આ ક્રુઝ શિપ 20 માર્ચે આર્જેન્ટિનાના ઉશુઆઈયાથી રવાના થયું હતું. ત્યારબાદ તે દક્ષિણ ધ્રુવની આસપાસના વિસ્તારોમાં ગયું અને પછી એટલાન્ટિક પાર કરીને યુરોપ તરફ આગળ વધી રહ્યું હતું.

## ઈરાનના શાંતિ પ્રસ્તાવ પર ટ્રમ્પને ભરોસો નથી:કહ્યું- ઈરાને માનવતા વિરુદ્ધના તેના અપરાધની કિંમત હજુ ચૂકવી નથી

• વોશિંગ્ટન ડીસી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવની સમીક્ષા કરવાની વાત કહી છે, પરંતુ તેની સફળતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ઈરાને હજુ સુધી પોતાના અપરાધોની કિંમત ચૂકવી નથી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું કે તેઓ ઈરાન દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને જલ્દી જોશે, પરંતુ તેના સ્વીકાર થવાની સંભાવના ઓછી છે. તેમનું કહેવું છે કે છેલ્લા 47 વર્ષમાં ઈરાને જે કર્યું છે, તેના માટે તેને મોટી કિંમત ચૂકવવાની બાકી છે. ઈરાનની એજન્સીઓ અનુસાર, તેહરાને પાકિસ્તાન દ્વારા અમેરિકાને 14-પોઈન્ટનો પ્રસ્તાવ મોકલ્યો છે. તેમાં તમામ મોરચે સંઘર્ષ સમાપ્ત કરવા અને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવી રૂપરેખા બનાવવાની વાત સામેલ છે. ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ કહ્યું કે હવે અમેરિકાએ નક્કી કરવાનું છે કે તે વાતચીત ઈચ્છે છે કે સંઘર્ષ. ઈરાન બંને વિકલ્પો માટે તૈયાર છે. ઈરાની સેનાના વરિષ્ઠ અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ગઈકાલે કહ્યું કે અમેરિકા પર ભરોસો કરી શકાય નહીં અને બંને દેશો વચ્ચે ફરીથી યુદ્ધ થઈ શકે છે. તેમણે કહ્યું કે ઈરાનની સેના સંપૂર્ણપણે તૈયાર છે અને જો અમેરિકા કોઈ ખોટું પગલું ભરશે તો જવાબ આપવામાં આવશે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકા કોઈપણ કરાર કે વચનનું પાલન કરતું નથી. અસદીએ કહ્યું કે અમેરિકી અધિકારીઓના નિવેદનો અને પગલાં મોટાભાગે દેખાડા પૂરતા અને મીડિયા માટે હોય છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ઓલપાડ તાલુકાની ઉ.મા. ધો.૧૨ ની શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષાનું પરિણામ

### દરિયાઈ કાંઠાની લવાછા હાઈસ્કૂલનું ગત વર્ષની જેમ ફરી ૧૦૦ ટકા પરિણામ

• ઓલપાડ,તા.૦૪

ગાંધીનગરની ગુ.મા.અને ઉ.મા. શિ.બોર્ડે સોમવારે સમગ્ર રાજ્યની ધો.૧૨ સામાન્ય પ્રવાહની શાળાઓનું પરિણામ જાહેર કરેલ છે.જો કે ઓલપાડ તાલુકાનાં કાંઠાની લવાછા હાઈસ્કૂલનું ગત વર્ષની જેમ ફરી ૧૦૦ ટકા પરિણામ જાહેર થતા આ શાળા અભિનંદનને પાત્ર બની છે.જયારે તાલુકાની અન્ય શાળાઓનાં જાહેર પરિણામથી તાલુકામાં 'કહીં ખુશી-કહીં ગમ' નાં માહોલ વચ્ચે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ દિકરીઓ અવ્વલ નંબરે ઉત્તિર્ણ થઈ છે. જેના પગલે વિવિધ શાળાઓ અને માતા-પિતાનું નામ રોશન કરનાર ઉત્તિર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓ ને તાલુકાનાં શિક્ષણવિદોએ અભિનંદન પાઠવ્યા છે.

ઓલપાડ ટાઉન મથકની મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયમાં આર્ટ્સ અને કોમર્સનું રિઝલ્ટ ૯૪.૬૪ ટકા આવ્યું છે.જે પરિણામમાં એ-૧ ગ્રેડ સાથે ૩ વિદ્યાર્થીનીઓ પૈકી હેની કિરણ ચૌહાણે ૯૨.૬૭ ટકા મેળવી શાળામાં અવ્વલ નંબરે રહી છે.જયારે બીજા ક્રમે મોનિકા કૈલાશ શર્માએ ૯૨.૨૭ ટકા અને ત્રીજા ક્રમે માનસી મુકેશ પટેલે ૯૨.૨૭ ટકા પ્રાપ્ત કર્યા છે.આ ઉપરાંત સાયણની ડી.આર.જી.ડી.વિદ્યાલયનાં ૯૭.૫૯ ટકા રિઝલ્ટમાં રાજવી કાલુભાઈ ડાભીએ ૯૦.૪૦ ટકા,બીજા ક્રમે અનિતા હિંમતસિંહ રાજપૂતે ૯૦ ટકા અને ત્રીજા ક્રમે મુસ્કાન રાકેશ મોર્ય ૮૯.૮૭ ટકા મેળવી ઉત્તિર્ણ થયો છે.જયારે ઓલપાડ દરિયાઈ કાંઠા પટ્ટીના લવાછા ગામની ઝેડ.એમ.પટેલ વિદ્યાલયનું ફરી વખત 100% પરિણામ આવતા શાળાના પ્રિન્સિપાલ પંકજભાઈ પટેલનું શિર શિક્ષણ જગતમાં ટોચ ઉપર ફરી અડીખમ રહ્યું છે.આ શાળામાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનારી ૦૩ તેજસ્વી દિકરીઓ પૈકી પ્રથમ ક્રમે જીલકુમારી રાકેશભાઈ પટેલે ૯૨.૫૭ ટકા, દ્વિતીય ક્રમે ફેનિકુમારી અરવિંદભાઈ પટેલે ૯૨.૧૪ ટકા અને ત્રીજા ક્રમે ઈપ્સી નરેશભાઈ ખલાસીએ ૯૧.૨૮ ટકા મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.આ ઉપરાંત તાલુકાના છેવાડાની સેગવાછામાની સર્વોદય વિદ્યાલયનું ૯૩% અને તળાદ હાઈસ્કૂલનું ૯૧.૧૧ %પરિણામ આવ્યું છે.

# વાવ તાલુકાના વાવડી ગામ ખાતે સંવેદના ટ્રસ્ટ દ્વારા યુનિસેફ પ્રોજેક્ટ અંતર્ગત બાલિકા પંચાયતનું ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ તાલુકાના વાવડી ગામ ખાતે સંવેદના ટ્રસ્ટ દ્વારા યુનિસેફ પ્રોજેક્ટ અંતર્ગત બાલિકા પંચાયતનું ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વાવ ટીડીઓ સાહેબ વિનોદભાઈ, વાવ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એસ. વસાવા સાહેબ, જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી પરમાર રેખાબેન, મેડિકલ ઓફિસર ધીરજભાઈ લુવા તેમજ ડીસીપીઓ ઓફિસર કમલેશભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.કાર્યક્રમમાં સંવેદના ટ્રસ્ટ અને યુનિસેફ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ શિલ્પાબેન વૈષ્ણવ તથા તમામ બ્લોકના કોર્ડિનેટરો ઉપસ્થિત રહ્યા હતા.

**વિશ્વાસ!** ખાખીના ઓથા હેઠળ માફિયા વિજયનો આતંક!

# ભ્રષ્ટાચારનો ભસ્માસુર: અંકલેશ્વર પોલીસ માફિયાની ગુલામ, દારૂ અને સટ્ટાના હાટડે વેચાયો લોકશાહીનો વિશ્વાસ!

### PI ચાવડા અને LCBની 'જુગલબંધી'એ અંકલેશ્વરને બનાવ્યું ગુનાખોરીનું એપીસેન્ટર

• અંકલેશ્વરથી વિશેષ તપાસ અહેવાલ]

અંકલેશ્વર: લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારત્વ જ્યારે સત્ય ઉચ્ચારે છે ત્યારે ભ્રષ્ટ અધિકારીઓના પાયા હચમચી જાય છે.આજે અંકલેશ્વરની ધરતી પર કાયદો અને વ્યવસ્થાનું જે રીતે વરવું પ્રદર્શન થઈ રહ્યું છે, તે જોતા એમ લાગે છે કે અહીં પોલીસનું નહીં, પણ માફિયા 'વિજય'નું શાસન ચાલે છે. 'પાક્કો ગુજરાત' ના આ ખુલાસા બાદ જો ભરૂચ પોલીસમાં થોડી પણ નૈતિકતા બચી હોય, તો તેમણે જનતાની માફી માંગવી જોઈએ.




ચોટા બજાર: જ્યાં પોલીસના હપ્તાની હરાજી થાય છે!

રેલવે સ્ટેશન પાસે આવેલું ચોટા બજાર આજે અંકલેશ્વરનું કલંક બની ગયું છે. અહીં ખુલ્લેઆમ ચાલતા વરલી-મટકાના અડ્ડા, જુગારની કલબો અને વિદેશી દારૂની રેલમછેલ એ વાતની સાબિતી છે કે PI ચાવડા અને તેમની ટીમની મીઠી નજર હેઠળ આ બધું ફૂલીફાલી રહ્યું છે.તાર ફળિયાથી લઈને સ્ટેશન વિસ્તાર સુધી દારૂની જે દુર્ગંધ આવે છે, તે અસલમાં અંકલેશ્વર પોલીસના સડી ગયેલા તંત્રની છે.

બાતમીદારોની 'સુપારી' આપતી પોલીસ!

સૌથી ચોંકાવનારો અને ખતરનાક ખુલાસો તો એ છે કે, જ્યારે કોઈ જાગૃત નાગરિક આ ગેરકાયદે પ્રવૃત્તિઓની માહિતી પોલીસને આપે છે, ત્યારે LCB અને સ્થાનિક પોલીસ તે નાગરિકને સુરક્ષા આપવાને બદલે તેનો મોબાઈલ નંબર સીધો માફિયા વિજયને પકડાવી દે છે. આ પોલીસ નથી, આ તો વર્દીમાં છુપાયેલા 'સૂત્રધારો' છે જે ગુનેગારોને મદદ કરી રહ્યા છે.

સીધી ચેતવણી: જો કોઈ બાતમીદાર કે પત્રકાર પર હુમલો થયો, તો તેની જવાબદારી સીધી PI ચાવડા અને જિલ્લા પોલીસ વડાની રહેશે. તમારી વર્દી પર લાગેલો આ લોહીનો ડાઘ ક્યારેય ભૂંસાશે નહીં.

નંબર બ્લોક કરવાથી સત્ય નહીં દબાય!

જ્યારે 'પાક્કો ગુજરાત' ના પ્રતિનિધિએ આ મામલે PI ચાવડા અને LCB અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે જવાબ આપવાને બદલે તેમણે કાયરતા બતાવીને નંબર બ્લોક કરી દીધા. સાહેબ, નંબર બ્લોક કરવાથી તમારી જવાબદારી ખતમ નથી થતી.

* શું તમે લઠ્ઠાકાંડની રાહ જોઈ રહ્યા છો?

* શું વિજય માફિયાના કાળા નાણાંની ચમક એટલી વધી ગઈ છે કે તમને ગરીબ પરિવારોના આંસુ દેખાતા નથી?

ગાંધીનગર સુધી પહોંચશે આ પાપનો ઘડો!

મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ' નીતિના ધજાગરા ઉડાવતા આ અધિકારીઓ શું પોતાને સરકારથી પણ ઉપર સમજે છે? ભરૂચ SP સાહેબ, તમારી નાક નીચે ચાલતું આ પાપનું સામ્રાજ્ય શું તમારા મૌન આશીર્વાદથી ચાલે છે? સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કેમ હજુ સુધી ઊંઘમાં છે?

નિષ્કર્ષ:

અંકલેશ્વર પોલીસ સ્ટેશન આજે માફિયાનું હેડક્વાર્ટર બની ગયું હોય તેમ જણાય છે. જો સત્વરે આ ભ્રષ્ટાચારના ભસ્માસુરને ડામવામાં નહીં આવે, તો જનતા રસ્તા પર ઉતરશે. 'પાક્કો ગુજરાત' આ લડત ચાલુ રાખશે_જ્યાં સુધી વિજય જેવો માફિયા જેલના સળિયા પાછળ ન જાય અને ભ્રષ્ટ અધિકારીઓની વર્દી ન ઉતરે!

બ્યુરો રિપોર્ટ:પાક્કો ગુજરાત ન્યૂઝ

(હિંમત હોય તો સિસ્ટમ સુધારો, પત્રકારોના નંબર બ્લોક કરવાથી સત્ય નહીં બદલાય!)

### પૂછપરછ દરમિયાન તેમણે આ કૃત્યમાં પ્રકાશભાઈ તખાભાઈ ઠાકોરની સંડોવણી હોવાની કબૂલાત કરી હતી

# દિયોદર પોલીસની કાર્યવાહી: અબોલ ગાય સાથે અશ્લીલ કૃત્ય કરનાર બે આરોપી ઝડપાયા

**ઝડપાયા** અશ્લીલ કૃત્ય કરનાર ઈસમો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

દિયોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અબોલ પશુ સાથે જાહેરમાં અશ્લીલ કૃત્ય કરનાર ઈસમો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડ (રેન્જ બનાસકાંઠા-પાલનપુર) તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.આર. ભારાઈના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી છે.



તા. 03/05/2026ના રોજ દિયોદર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી કે ભેસાણા ગામની સીમમાં રહેતા ગણેશભાઈ તેજાભાઈ ટાંટીયાએ અબોલ ગાય સાથે જાહેરમાં અશ્લીલ કૃત્ય કર્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મામલો ગંભીર બન્યો હતો.ફરિયાદના આધારે દિયોદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ ગુનો ભારતીય ન્યાય સંહિતા-2023 ની કલમ 296(એ), 270, 292 તેમજ પશુઓ સામે ક્રૂરતા નિવારણ અધિનિયમ-1960 ની કલમ 11(1)(એ) અને જી.પી. એક્ટ કલમ 110, 117 મુજબ દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ ઈન્સપેક્ટર સી.જી. જોષીના નેતૃત્વ હેઠળ ટીમે ખાનગી બાતમીના આધારે આરોપી ગણેશભાઈને તેમના નિવાસસ્થાનેથી ઝડપી પાડ્યા હતા.

પૂછપરછ દરમિયાન તેમણે આ કૃત્યમાં પ્રકાશભાઈ તખાભાઈ ઠાકોરની સંડોવણી હોવાની કબૂલાત કરી હતી. બાદમાં પોલીસે પ્રકાશભાઈને પણ પકડી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓ:

ગણેશજી તેજાજી ટાંટીયા (ઉંમર 57), રહેવાસી - ભેસાણા, તા. દિયોદર

પ્રકાશભાઈ તખાભાઈ ઠાકોર (ઉંમર 21), હાલ રહેવાસી - ભેસાણા, મૂળ - અબાસણા, તા. ભાભર

બંને આરોપીઓને દિયોદર પોલીસ સ્ટેશન ખાતે લાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

જણાવ્યું છે કે અબોલ પશુઓ સામે આ પ્રકારના કૃત્યો સહન કરવામાં નહીં આવે અને આવા ગુનાઓ સામે કડક પગલાં લેવામાં આવશે.

# મહેસાણા-વિજાપુર હાઈવે લોહીલુહાણ: શોભાસણ બ્રિજ પાસે ટ્રક અને ડમ્પર વચ્ચે કાળઝાળ ટક્કર

### કેબિનમાં ફસાયેલા ચાલકનું 'દિલધડક' રેસ્ક્યુ: ક્રેન વડે પતરાં ચીરીને ડ્રાઈવરને મોતના મુખમાંથી બહાર કઢાયો

• મહેસાણા | 'પાક્કો ગુજરાત'

મહેસાણા-વિજાપુર હાઈવે પર આજે કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. શોભાસણ બ્રિજ પાસે એક ટ્રક અને ડમ્પર વચ્ચે થયેલી પ્રચંડ ટક્કરમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત એટલો ભીષણ હતો કે ડમ્પરનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ચાલક સ્ટીયરિંગ તથા કેબિનના લોખંડના પતરાં વચ્ચે લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયો હતો. ક્રેનની મદદથી ભારે જહેમત બાદ તેને જીવતો બહાર કાઢવામાં સફળતા મળી હતી.



ઘટનાની વિગતો: ધડાકાભેર ટક્કર અને કીકિયારીઓ

મળતી માહિતી મુજબ, શોભાસણ બ્રિજ પરથી પસાર થઈ રહેલા એક ડમ્પર અને ટ્રક વચ્ચે સામસામે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે આસપાસના લોકો ધડાકો સાંભળીને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ડમ્પરના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો, જેના કારણે ડ્રાઈવર કેબિનમાં જ દબાઈ ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામ સર્જાયો હતો.

રેસ્ક્યુ ઓપરેશન: જ્યારે ક્રેન વડે લોખંડના પતરાં ખેંચાયા

અકસ્માત બાદ સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી, પરંતુ કેબિનનો ભાગ એટલી હદે દબાઈ ગયો હતો કે ચાલકને બહાર કાઢવો અશક્ય હતો. અંતે તાત્કાલિક ક્રેન મંગાવવામાં આવી હતી. ક્રેન દ્વારા કેબિનના મજબૂત લોખંડના ભાગોને ખેંચીને જગ્યા કરવામાં આવી હતી. આ દિલધડક રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ત્યાં હાજર લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. લાંબી જહેમત બાદ ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢી નવજીવન આપવામાં આવ્યું હતું.

108 દ્વારા હોસ્પિટલ ખસેડાયા

આ અકસ્માતમાં કુલ બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હાલ પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજપીપલા ખાતે પશ્ચિમ બંગાળમાં ભાજપાની ભવ્ય જીત બદલ વિજયોત્સવ મનાવ્યો

### સફેદ ટાવર ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો આગેવાનોએ ફટાકડા ફોડી મીઠાઈ વેચી ખુશી મનાવી



• રાજપીપલા, તા 4

પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપા એ ઉત્કૃષ્ઠ દેખાવ કરી પહેલી વાર ભવ્ય જીત મેળવતા ભાજપા છાવણીમાં ખુશીની લહેર જોવા મળી હતી જેમાં ખાસ પશ્ચિમ બંગાળમાં પહેલી વખત ભારતીય જનતા પાર્ટી એ ટીએમસીને હરાવી જંગી બહુમતીથી વિજય મેળવતા રાજપીપળા સફેદ ટાવર ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો આગેવાનોએ ફટાકડા ફોડી મીઠાઈ વેચી વિજયોત્સવ સાથે ખુશી મનાવી હતી જેમાં એમાં ધારાસભ્ય ડોક્ટર દર્શનાબેન દેશો દેશમુખ પૂર્વ જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# વાવ-થરાદ સરહદી વિસ્તારમાં નર્મદા કેનાલ બંધ: ખેડૂતો ચિંતિત



• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ-થરાદ વિસ્તારના સરહદી ગામોમાં નર્મદા કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવાનું અચાનક બંધ થતા ખેડૂતો ભારે મૂંઝવણમાં મુકાયા છે. ઉનાળાની કટોકટી વચ્ચે રાજ્ય સરકારે ૧ મે થી ગુજરાતભરની નર્મદા કેનાલોમાં સિંચાઈ માટે પાણી પુરવઠો બંધ કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે સ્થાનિક ખેતી પર સીધી અસર પડી રહી છે. વાવ-થરાદ તાલુકો મુખ્યત્વે વરસાદી પાણી અને નર્મદા કેનાલના પાણી પર આધારિત છે. હાલમાં ઘણા ખેડૂતો દ્વારા પશુઓ માટે ઉનાળુ ખાસ ચારા પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પાકને સમયસર બે થી ત્રણ પાણી આપવાની જરૂરિયાત હોય છે. પરંતુ કેનાલમાં પાણી બંધ થતાં પાક સુકાઈ જવાની ભીતિ ઊભી થઈ છે. આ વિસ્તારમાં કેનાલ પર આધારિત ૫૦થી વધુ ગામોના ખેડૂતો ખેતી કરે છે. પાણી બંધ થતા ખેડૂતોને ભારે નુકસાનની આશંકા છે. ખેડૂતોનું કહેવું છે કે જો આગામી દિવસોમાં પાણી ઉપલબ્ધ ન થશે તો તેમની મહેનત બગડી જશે અને આર્થિક નુકસાન સહન કરવું પડશે.

### ૪૧૫ રેડ, ૨૩ પીડિત મુક્ત, ૧૦ લોકોની CID દ્વારા ધરપકડથી સન્નાટો

# મુખ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ અને અધિક પોલીસ મહા નિર્દેશક અજય ચૌધરીના માર્ગદર્શનમાં CID દ્વારા કાબિલેદાદ કામગીરીથી સન્નાટો

• મહેસાણા | પાક્કો ગુજરાત પ્રતિનિધિ

ગુજરાતમાં ગુનેગારો અને અસામાજિક તત્વો સામે CID ક્રાઈમે લાલ આંખ કરી છે. રાજ્યના મુખ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ અને અધિક પોલીસ મહાનિર્દેશક અજય ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ CIDની ટીમોએ રાજ્યભરમાં ઓપરેશન હાથ ધરીને સપાટો બોલાવી દીધો છે. એકસાથે ૪૧૫ સ્થળો પર રેડ પાડીને CIDએ ગુનાખોરીના નેટવર્કને હચમચાવી નાખ્યું છે, જેના કારણે સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં અને ગુનેગારોમાં સન્નાટો છવાઈ ગયો છે.

દરોડાની વિગત:

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના આશયથી CID ક્રાઈમે એકાએક એક્શન મોડમાં આવીને ૪૧૫ જેટલા શંકાસ્પદ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. આટલી મોટી સંખ્યામાં થયેલી કાર્યવાહીએ



સાબિત કરી દીધું છે કે હવે ગુનેગારો માટે બચવું મુશ્કેલ છે.

પીડિતોને મળી મુક્તિ:

આ ઓપરેશનની સૌથી મોટી સફળતા એ રહી છે કે, CIDએ અલગ-અલગ સ્થળોએથી કુલ ૨૩ પીડિતોને મુક્ત કરાવ્યા છે. આ પીડિતો જે નરક જેવી સ્થિતિમાં ફસાયા હતા ત્યાંથી તેમને આઝાદ કરાવવામાં આવ્યા છે.

ધરપકડનો દોર:

માત્ર દરોડા જ નહીં, પરંતુ CIDએ સચોટ પુરાવાઓના આધારે ૧૦ મુખ્ય શખ્સોની ધરપકડ પણ કરી છે. આ ધરપકડ બાદ ગુનાખોરીની દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં અન્ય અનેક મોટા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે.

ઉચ્ચ અધિકારીઓનું માર્ગદર્શન:

આ સમગ્ર ઓપરેશનની સફળતા પાછળ ડો. કે. એલ. એન. રાવ અને અજય ચૌધરીની કુશળ વ્યૂહરચના હોવાનું મનાય છે. તેમના માર્ગદર્શન હેઠળ CIDની ટીમોએ અત્યંત ગુપ્તતા જાળવીને આ કાબિલેદાદ કામગીરી કરી છે, જેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ સાયણ જિલ્લા પંચાયત સભ્ય બ્રિજેશ પટેલ એક્શન મોડમાં

### ચોમાસા પૂર્વે કામગીરી પૂર્ણ કરવા R&B અધિકારીઓને આપી તાકીદ

સાયણ વિકાસકાર્યો અને લોકપ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક લોકપ્રતિનિધિ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. જ્યારે 155 વિધાનસભાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ સાયણ જિલ્લા પંચાયત સભ્ય બ્રિજેશ પટેલ હાલ એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. તેમણે માર્ગ અને મકાન વિભાગ (R&B) ના અધિકારીઓ સાથે બેઠક યોજી વિસ્તારના પ્રશ્નોની ગંભીરતાથી સમીક્ષા કરી હતી. ડિમોલેશન પ્રક્રિયાની સમીક્ષા સાયણ વિસ્તારમાં હાલ ચાલી રહેલી ડિમોલેશનની પ્રક્રિયા અંગે પણ બ્રિજેશ પટેલે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વહીવટી કામગીરી સુચારુ રીતે પાર પડે તે માટે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વિકાસકાર્યો પર સીધી દેખરેખ સ્થાનિક લોકપ્રતિનિધિ તરીકે બ્રિજેશ પટેલે અધિકારીઓને સ્પષ્ટ જણાવ્યું હતું કે વિકાસકાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં ન આવે. અધિકારીઓ સાથેની આ મુલાકાત અને સમીક્ષા બેઠક બાદ સાયણ વિસ્તારના અટકેલા કામોમાં ગતિ આવશે અને ચોમાસા પૂર્વે જનતાને સુવિધા મળશે તેવી આશા સેવાઈ રહી છેબ્રિજેશ પટેલે R&B વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરી સાયણ વિસ્તારમાં ચાલી રહેલા રસ્તાના કામો અને અન્ય માળખાગત સુવિધાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે અને નિયત સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.લોકપ્રશ્નોના ઉકેલ માટે કટિબદ્ધતા સ્થાનિક રહીશોના પ્રશ્નોને વાચા આપવા અને વિસ્તારના સર્વાંગી વિકાસ માટે બ્રિજેશ પટેલ સતત કાર્યરત છે. અધિકારીઓ સાથેની આ બેઠક બાદ આગામી દિવસોમાં સાયણ વિસ્તારના વિકાસલક્ષી કાર્યોમાં વધુ ગતિ આવશે તેવી આશા સેવાઈ રહી છે.જેમાં સાયણ સરપંચ સાથે આગેવાન મનીષ પટેલ, ડે. સરપંચ શૈલેષ પટેલ, દેલાડ ગામ ના આગેવાન એવા ભાવિનભાઈ, પરીયા સરપંચ અનિલભાઈ, સિવાણ સરપંચ તેમજ દિપેશભાઈ, લાલુભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા

# વાવમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : ફરાર રેઢ્ઢા આરોપીની ધરપકડ, મુદ્દામાલ સાથે ઝડપાયો

• અહેવાલ : રાજેશભાઈ જોષી : વાવ-થરાદ

વાવ તાલુકાના ભાટવરવાસ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં વાવ પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. અગાઉના ગુનામાં સંડોવાયેલા અને ફરાર રહેલા રેઢ્ઢા આરોપી સુરેશભાઈ કાજાભાઈ ઠાકોર (રહે. અસારા તા. વાવ) ને બાતમીના આધારે અસારા સીમ વિસ્તારમાંથી દબોચી પાડવામાં આવ્યો છે.આ મામલે વાવ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૭૨૬૦૧૭૦/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(૧), ૩૩૧(૪), ૩૧૭(૨), ૫૪ મુજબ ગુનો નોંધાયો હતો. ફરીયાદી રમેશભાઈ હીરાભાઈ પ્રજાપતિ (મૂળ રહે. ભાટવરવાસ, હાલ રહે. મલાડ, મુંબઈ) એ તા. ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવી હતી .


**રજૂ કર્યું**

કોંગ્રેસના ઉમેદવારે બોગસ એલસી રજૂ કર્યું

# કલ્પનાબેન કોડેકર વિરુદ્ધ ફરિયાદ નોંધવા સૂચના... કુબેરનગર વોર્ડમાં ત્રીજા મહિલા ઉમેદવાર તરીકે જીત્યા હતા

### અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ પોલીસ ફરિયાદ કરવા સૂચના આપી છે

અમદાવાદ :અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસના જીતેલા ઉમેદવારે બોગસ એલસી રજૂ કર્યું છે. કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન કોડેકરે બોગસ એલસી રજૂ કર્યું હોવાનું સામે આવ્યું છે. કલ્પનાબેન સૂરજભાઈ નવલેકર નામથી બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું હતું. ચિરાગ શાહ નામના ફરિયાદીએ જિલ્લા શિક્ષણાધિકારીને કલ્પનાબેનના એલસીની તપાસ કરવા ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે તપાસ કરતા એલ.સી બોગસ હોવાનું સામે આવ્યું છે. તપાસમાં જીઆર નંબર પર અન્ય વ્યક્તિનું નામ હોવાનું ખૂલ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ પોલીસ ફરિયાદ કરવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ કોર્પોરેશનમાં એક માત્ર કુબેરનગર વોર્ડ જ છે, જેમાં 3 મહિલા ઉમેદવાર વિજેતા થયા છે. કલ્પનાબેન કોડેકર એ ત્રીજા ઉમેદવાર છે જેમને જીત મળી છે.ચિરાગ શાહ નામના ફરિયાદીએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી કે કલ્પનાબેન દ્વારા બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ સોંપવામાં આવી હતી. તેમજ તપાસ




રિપોર્ટ આવ્યા બાદ એલસી બોગસ હોવાનું સામે આવ્યું છે. તેમજ શાળા સંચાલક દ્વારા દાવો પણ કરવામાં આવ્યો છે કે બોગસ એલસી રજૂ કરી બોગસ સહી પણ કરવામાં આવી છે.કલ્પનાબેન નવલેકરએ કૃષ્ણનગર શાળામાં અભ્યાસ કર્યો હોવાનું એલસી રજૂ કર્યું હતું. જીઆર 1248 અને એલ.સી નંબર 3194થી રજૂ કરાયું હતું. ફરિયાદને આધારે તપાસ કરતા LC ખોટું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ કરતા જીઆર નંબર અને એલસી નંબર પર અન્ય કોઈ વ્યક્તિનું નામ હોવાનું સામે આવ્યું છે. ખોટી એલસી રજૂ કરી કોઈએ ડુપ્લીકેટ સહી કરાઈ હોવાનું સામે આવ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા સંચાલકને પોલીસ ફરિયાદ કરવા સૂચના આપી છે.

આ સમગ્ર મામલે કલ્પનાબેન કોડેકરે જણાવ્યું હતું કે, કોઈ બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું નથી. હું અત્યારે બહાર છું જેથી ફોન ઉપર હું કઈ જણાવીશ નહીં, આવતીકાલે રુબરુ મળ્યા બાદ વિગત આપીશ.'તપાસ કરતા એલસી શાળામાંથી રજૂ ના કરાયાનું સામે આવ્યું' અમદાવાદ શહેર શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ફરિયાદી ચિરાગ શાહ દ્વારા કચેરી ખાતે ફરિયાદ આપવામાં આવી હતી. જેમાં એલસી બોગસ હોવાની તેમને રજૂઆત કરી હતી. કલ્પનાબેન સુરેશભાઈ નવલેકરની એલસી બોગસ હોવાની અમને ફરિયાદ મળી હતી. કૃષ્ણનગર વિદ્યાવિહાર શાળામાંથી સૈજપુર બોઘાથી 1990માં શાળા છોડી છે તે પ્રકારનો એલસીનો આધાર મુકેલ હતો. જેમાં જીઆર નંબર 1248 અને એલસી નંબર 3194 હતો. જેની ઈન્સ્પેક્ટરને તપાસ સોંપવામાં આવી હતી. જે બાદ શાળા સંચાલકોને સાથે રાખી તપાસ કરતા એલસી શાળામાંથી રજૂ કરવામાં ન આવ્યું હોવાનું સામે આવ્યું હતું.'કલ્પનાબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા સૂચના આપી' વધુમાં જણાવ્યું હતું કે, બોગસ એલસી પ્રાથમિક દ્રષ્ટિએ સાબિત થતું હોવાનું સામે આવ્યું હતું. જેને ધ્યાને લઈ સદર શાળાના આચાર્યને અને સંચાલકોને કલ્પનાબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે સૂચના આપવામાં આવી છે. કલ્પનાબેન કોંગ્રેસ પક્ષના કુબેરનગરના જીતેલા ઉમેદવાર છે. જોકે હવે પોલીસ ફરિયાદ થયા બાદ વધુ હકીકત સામે આવશે. જી આર નંબર પર અન્ય કોઈ વ્યક્તિનું નામ જોવા મળ્યું છે. વર્ષની અને સમયની ચકાસણી કરતા આવી કોઈ વ્યક્તિ એ સમયે શાળામાં અભ્યાસ કરતી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.કલ્પનાબેન દ્વારા જે એલસી રજૂ કરવામાં આવ્યું છે તે અમારી શાળાનું ન હોવાનું પણ શાળા સંચાલકોએ રિપોર્ટ આપ્યો છે. બોગસ એલસી બનાવી બોગસ સહી કરી હોવાનું સામે આવ્યું હોવાનું ઈન્સ્પેક્ટરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. તેમજ શાળાના આચાર્યને સંચાલકોએ પણ જણાવ્યું છે. તેમજ બોગસ એલસી રજૂ કરનાર કુબેરનગર વોર્ડના કોંગ્રેસના વિજેતા ઉમેદવાર છે. જેથી આ બાબતની પૂરેપૂરી ચકાસણી કરવી ખૂબ જ જરૂરી છે.

ગંભીર બેદરકારીના સમાચાર મીડિયામાં પ્રસિદ્ધ થતાની સાથે જ વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો હરકતમાં આવ્યા

# વિલાયત GIDCમાં કેમિકલની જમ્બો બેગ ફેંકી દેવાતા ચકચાર: મીડિયાના અહેવાલ બાદ પુરાવા મિટાવવા માટી પાથરી દેવાઈ!

**ગંભીર બેદરકારી**

સુરતની ગાર્ડન સિલ્ક મિલ્સના લેબલવાળી પોલિએસ્ટર ચિપ્સની ૧૦૦૦ કિલોની બેગ બિનવારસી મળી આવી

• વાગરા,

વાગરા તાલુકાની વિલાયત GIDCમાં પર્યાવરણ અને જાહેર સુરક્ષાના નિયમોના ધજાગરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વિલાયત ચોકડીથી ITIને જોડતા મુખ્ય માર્ગ પર, જુબિલિયન્ટ કંપનીના પાછળના ભાગે અજાણ્યા શખ્સો દ્વારા કેમિકલ પાવડર ભરેલી ૧૦૦૦ કિલોગ્રામની બે જમ્બો બેગ બિનવારસી હાલતમાં ફેંકી દેવામાં આવતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો.

આ ગંભીર બેદરકારીના સમાચાર મીડિયામાં પ્રસિદ્ધ થતાની સાથે જ વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો હરકતમાં આવ્યા હતા.




જોકે, આશ્ચર્યજનક રીતે તંત્ર દ્વારા ઉતાવળે આ જોખમી બેગો ઘટના સ્થળેથી હટાવી લેવામાં આવી હતી. એટલું જ નહીં, જે જગ્યાએ આ કેમિકલયુક્ત જથ્થો પડ્યો હતો ત્યાં માટી પાથરી દઈને પુરાવા મિટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે, જેને પગલે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

સ્થળ પર તપાસ કરતા મળી આવેલી બેગ પર સુરતની જાણીતી કંપની 'ગાર્ડન સિલ્ક મિલ્સ લિમિટેડ (જોલવા)' ના લેબલ જોવા મળ્યા હતા. બેગ પર સ્પષ્ટ ઉલ્લેખ હતો કે તેમાં 'પોલિએસ્ટર ચિપ્સ' ભરેલી છે અને તે માત્ર ઔદ્યોગિક વપરાશ માટે જ છે. આ ઉપરાંત, પેકેજિંગ કરનાર કંપની તરીકે નવસારીની 'આદિત્ય ટિમપેક પ્રાઈવેટ લિમિટેડ'નું નામ પણ ટેગ પર જોવા મળ્યું હતું.

આ પુરાવાઓ સ્પષ્ટ કરે છે કે આ જથ્થો સુરતની કંપનીનો છે, પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે આટલો મોટો જથ્થો વિલાયત GIDCના જાહેર રોડ પર બિનવારસી હાલતમાં કેવી રીતે પહોંચ્યો? શું આ માલ ચોરીનો હતો જે પકડાઈ જવાના ડરે ફેંકી દેવાયો? કે પછી ઔદ્યોગિક વેસ્ટના નિકાલ માટે કોઈ શોર્ટકટ અપનાવવામાં આવ્યો હતો? જો આ કેમિકલ પાવડર પવનમાં ઉડીને આસપાસના રહેણાંક વિસ્તારોમાં ફેલાયો હોત તો મોટી જાનહાનિ કે સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકત. હાલમાં તો બેગો હટાવી લેવાઈ છે, પરંતુ સ્થાનિક રજૂઆતોને પગલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને પોલીસ તંત્ર આ મામલે બેગ પરના બેચ નંબરના આધારે ઉંડાણપૂર્વક તપાસ કરી જવાબદાર કંપની કે ઈસમો વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

# પાર્કિંગ બાબતે યુવકની હત્યા : માધુપુરામાં ચાર શખસોએ ભેગા મળી યુવકનું ઢીમ ઢાળી દીધું

અમદાવાદ : અમદાવાદ શહેરના માધુપુરા વિસ્તારમાં પાર્કિંગ મુદ્દે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં યુવકની કરુણ હત્યાનો બનાવ સામે આવ્યો છે. ચાંદખેડા વિસ્તારના ભોલાભાઈ પાર્કમાં રહેતા સંદીપ મિશ્રાએ માધુપુરા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, આકાશ રાઉત અને લાલીપ્રસાદ વિરુદ્ધ પોતાના મોટા ભાઈ મિથિલેશ ઉર્ફે મુન્નોની હત્યાની ફરિયાદ નોંધાવી છે. મૂળ ઉત્તરપ્રદેશના વતની સંદીપ મિશ્રા લાંબા સમયથી અમદાવાદમાં પરિવાર સાથે રહે છે. સંદીપ ગઈકાલે માધુપુરા માર્કેટ વિસ્તારમાં પોતાના કામકાજમાં વ્યસ્ત હતો, ત્યારે અચાનક 108 એમ્બ્યુલન્સ ત્યાં આવીને ઉભી રહી. આસપાસ ભીડ એકઠી થતી જોઈ સંદીપ પણ શુ થયુ છે તે જાણવા ત્યા પહોંચ્યો હતો.જ્યાં પહોંચતા જ તેની આંખો સામે જે દ્રશ્ય આવ્યું તે જોઈ તે સ્તબ્ધ બની ગયો કારણકે લોહીથી લથબથ હાલતમાં તેનો મોટો ભાઈ મિથિલેશ જમીન પર પડ્યો હતો.ઘટનાસ્થળે હાજર 108ના કર્મચારીઓએ મિથિલેશને તપાસ્યા




બાદ મૃત જાહેર કર્યો હતો.પ્રાથમિક માહિતી મુજબ, મિથિલેશ અને આરોપીઓ વચ્ચે ટુવ્હિલર પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી. બોલેરો પીકઅપ ડાલુ ચલાવતા ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, લાલીપ્રસાદ અને આકાશ રાઉત સાથે થયેલી આ બોલાચાલી થોડી જ વારમાં ઉગ્ર બની ગઈ હતી. સાક્ષીઓના કહેવા મુજબ, આરોપીઓએ ગુસ્સામાં આવીને મિથિલેશ પર પાઈપ, લોખંડના સળીયા અને બેલ્ટથી હુમલો કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે મિથિલેશ ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ માધુપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.પોલીસે સ્થળનો પંચનામું કરીને પુરાવા એકત્રિત કર્યા છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.મૃતકના માતા રાજેશ્વરીબેને જણાવ્યું હતું કે મારો દીકરો છેલ્લા ઘણા વર્ષથી માધુપુરા માર્કેટમાં મજૂરી કરતો હતો.અચાનક જ તેની પાર્કિંગ બાબતે હત્યા કરવામાં આવી છે.અમને ન્યાય જોઈએ છે,મારા દીકરા સાથે થયું તેવું બીજા કોઈની સાથે ન થાય તે માટે પોલીસ આરોપીની ધરપકડ કરી કડક સજા

# ધો. 12 પરિણામ : છોકરીઓએ બાજી મારી, સામાન્ય પ્રવાહમાં અમદાવાદનું પરિણામ સૌથી નબળું

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વિજ્ઞાન પ્રવાહનું 84.33% અને સામાન્ય પ્રવાહનું 92.71% પરિણામ જાહેર થયું છે. આ વર્ષના પરિણામોમાં ફરી એકવાર વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું છે. જેમાં ઘણી શાળાઓએ સારો દેખાવ કર્યો છે. બોર્ડની આ પરીક્ષામાં રાજ્યના વિવિધ કેન્દ્રો અને જિલ્લાઓ વચ્ચે પરિણામની ટકાવારીમાં મોટો તફાવત પણ જોવા મળ્યો છે.સામાન્ય પ્રવાહના પરિણામની વિગતવાર વાત કરીએ તો, આ વર્ષે વિદ્યાર્થીઓનું કુલ પરિણામ 90.10% નોંધાયું છે, જેની સામે વિદ્યાર્થિનીઓનું પરિણામ 95.41% રહ્યું છે. આમ વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા 5.31% વધારે આવ્યું છે. રાજ્યમાં તડાવ, કોટડા, કાંગવાઈ અને પ્રશ્નાવાડા એમ ચાર કેન્દ્રોએ 100 ટકા પરિણામ મેળવીને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે કારઠ કેન્દ્ર 64.88% પરિણામ સાથે સૌથી નીચે રહ્યું છે. જિલ્લાવાર પરિણામમાં આહવા-ડાંગ જિલ્લો 97.88% સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો છે, જ્યારે અમદાવાદ શહેરનું પરિણામ સૌથી ઓછું 87.10% નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે, સામાન્ય પ્રવાહની કુલ 2030 શાળાઓએ 100% પરિણામ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં પણ વિદ્યાર્થીઓના સારા આંકડા સામે આવ્યા છે. વિજ્ઞાન પ્રવાહમાં કુંભારીયા કેન્દ્ર 98.62% પરિણામ સાથે રાજ્યમાં સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર બન્યું છે, જ્યારે દાહોદ જિલ્લાનું લીમડી કેન્દ્ર 42.98% સાથે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે. જિલ્લાઓની સરખામણીમાં મોરબી જિલ્લો 94.85% પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યો છે, જ્યારે દાહોદ જિલ્લો 57.44% સાથે સૌથી નબળું પરિણામ ધરાવતો જિલ્લો સાબિત થયો છે. વિજ્ઞાન પ્રવાહની કુલ 209 શાળાઓએ 100% પરિણામ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

# વાપી ટાઉન પોલીસ સ્ટેશનના ૮ વર્ષથી નાસતા ફરતા પ્રોહિબિશનના આરોપીને વલસાડ એલ.સી.બી.એ ઝડપી પાડ્યો

• વલસાડ,

વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં છેલ્લા ૮ વર્ષથી પોલીસને થાપ આપી ફરાર રહેલા વોન્ટેડ આરોપીને એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે વાપી ખાતેથી દબોચી લીધો છે.



વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, વર્ષ ૨૦૧૬-૧૭ ના સમયગાળાથી વાપી ટાઉન પોલીસ મથકે નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ અને લાંબા સમયથી નાસતો ફરતો આરોપી વાપી વિસ્તારમાં હાજર છે. જે બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે વોચ ગોઠવી આરોપી સન્નીકુમાર સિકંદર પાસવાનને ઝડપી પાડ્યો હતો.પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ અર્થે તેનો કબજો વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. ૮ વર્ષ જૂના ગુનામાં વોન્ટેડ આરોપી પકડાતા પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

### સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# નિકોલની હોસ્પિટલમાં નોકરીના પહેલા જ દિવસે સ્વીપરે હાથફેરો કર્યો, રૂ. ૧૦ હજારની ચોરી કરી ફરાર

અમદાવાદ : અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં ચોરીની અજીબ ઘટના સામે આવી છે.હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં સફાઈ કામદાર (સ્વીપર) તરીકે નોકરીએ લાગેલા શખસે પ્રથમ દિવસે જ તકનો લાભ ઉઠાવી ડ્રોવરમાં રાખેલા ૧૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમની ચોરી કરી છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ઓળખના પુરાવા આપ્યા પહેલા જ ચોરીને અંજામ આપ્યો



પોલીસ ફરિયાદ અનુસાર, 17મી એપ્રિલ 2026ના રોજ હોસ્પિટલના એચ.આર. વિભાગ દ્વારા એક વ્યક્તિને સ્વીપર તરીકે કામ પર રાખવામાં આવ્યો હતો. આ શખસે વિશ્વાસ અપાવ્યો હતો કે તે બીજા દિવસે સવારે પોતાના ઓળખના પુરાવા જમા કરાવશે. આ વાયદા સાથે તેણે તે જ દિવસે નાઈટ શિફટમાં કામ શરૂ કર્યું હતું.

18મી એપ્રિલના રોજ સવારે જ્યારે ફાર્મસીનો સ્ટાફ ફરજ પર હાજર થયો, ત્યારે ટેબલના ડ્રોવરનું લોક તૂટેલું અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ તપાસતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી. જેમાં વહેલી સવારે સવા પાંચ વાગ્યે નવો સ્વીપર પોતાના મોબાઈલની ફ્લેશ લાઈટનો ઉપયોગ કરીને મેડિકલ સ્ટોરમાં પ્રવેશતો જણાયો હતો. તે શખસ ડ્રોવરનું લોક તોડીને તેમાંથી રોકડ રકમ કાઢતો સ્પષ્ટ દેખાયો હતો. મેડિકલ સ્ટોરના રજિસ્ટરની તપાસ કરતા કુલ ૧૦,૦૦૦ રૂપિયાની રોકડ ગાયબ હોવાનું માલુમ પડ્યું હતું. સીસીટીવી ફૂટેજ અને હિસાબના પુરાવાઓના આધારે હોસ્પિટલના ડોક્ટરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે, જોકે આરોપીએ હજુ સુધી ઓળખના પુરાવા જમા ન કરાવ્યા હોવાથી તેને શોધવો પોલીસ માટે એક પડકાર બન્યો છે.

## વટવામાં મહિલાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામમાં આઈડી બનાવી બીભત્સ લખાણ સાથે ફોટા મૂકવામાં આવ્યા

### એકાઉન્ટ પરથી છેલ્લા કેટલાય સમયથી અશ્લીલ અને બીભત્સ મેસેજ મોકલવામાં આવી રહ્યા છે

અમદાવાદ : અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં પી.ડી. પંડ્યા કોલેજ રોડ પર રહેતી 34 વર્ષીય પરિણીતાની ગરિમાને ઠેસ પહોંચાડવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોઈ અજ્ઞાત શખસે પરિણીતાના નામે નકલી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી તેમાં પરિણીતા અને તેના નણંદના ફોટા મૂકી અત્યંત ખરાબ અને બીભત્સ લખાણ લખી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા.

સગા-સંબંધીઓને મોકલવામાં આવ્યા બીભત્સ મેસેજ ગત 6 એપ્રિલના રોજ વટવા વિસ્તારમાં પીડી પંડ્યા કોલેજ રોડ પર રહેતી પરિણીતાને તેના દિયરે તેના જ નામનું એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બતાવ્યું હતું. આ એકાઉન્ટના ડિસ્પ્લે પિક્ચર (DP) માં પરિણીતાનો ફોટો રાખવામાં આવ્યો હતો. પરિણીતાએ આ એકાઉન્ટ તેનું ન હોવાનું સ્પષ્ટ કર્યું હતું. ત્યારબાદ અન્ય સગા-સંબંધીઓએ પણ જાણ કરી હતી કે, આ એકાઉન્ટ પરથી છેલ્લા કેટલાય સમયથી અશ્લીલ અને બીભત્સ મેસેજ મોકલવામાં આવી રહ્યા છે.

ફેક એકાઉન્ટ બનાવનાર શખ્સે માત્ર ફોટા જ નહીં, પરંતુ પરિણીતા અને તેના નણંદ વિશે ગંદી ચેટ અને લખાણવાળા સ્ક્રીનશોટ પણ સગા-સંબંધીઓને મોકલ્યા હતા. આ હરકત દ્વારા પરિણીતાની સામાજિક બદનામી કરવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાયબર નિષ્ણાતોની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા આ સમગ્ર મામલે પરિણીતાના પતિએ શરૂઆતમાં વટવા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. ત્યારબાદ આ બાબતે ગંભીરતાથી નોંધ લઈને મહિલાએ વટવા પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ અને બદનામીની કલમો હેઠળ ગુનો નોંધીને ફેક એકાઉન્ટ બનાવનાર આરોપી સુધી પહોંચવા માટે સાયબર નિષ્ણાતોની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## થરાદના જમડા ગામે ઉનાળામાં પાણી માટે હાહાકાર, ચાર દિવસથી સપ્લાય બંધ હોવાના આક્ષેપ

• અહેવાલઃ રાજેશભાઈ જોષી - થરાદ

થરાદ તાલુકાના જમડા ગામે ઉનાળાની ગરમી વધતા પાણીની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. ગામલોકો જણાવે છે કે છેલ્લા અંદાજે ૨૦ દિવસથી એકાંતરે પાણી આપવામાં આવતું હતું, પરંતુ છેલ્લા ચાર દિવસથી પાણીનો સપ્લાય સંપૂર્ણપણે બંધ થઈ જતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.ગામજનોના આક્ષેપ મુજબ અગાઉથી જ પૂરતું પાણી મળતું નહોતું, જેના કારણે હાલની તીવ્ર ગરમીમાં પરિસ્થિતિ વધુ વિકટ બની ગઈ છે. પીવાના પાણી માટે દૂર દૂર સુધી ભટકવું પડી રહ્યું છે, જ્યારે દૈનિક જીવન પર પણ તેની સીધી અસર પડી રહી છે. પાણીના અભાવે પશુઓ અને પક્ષીઓને પણ તરસ્યા હાલતમાં રહેવું પડતું હોવાનું જાણવા મળી રહ્યું છે, જે ગ્રામ્ય પરિસ્થિતિ માટે ચિંતાજનક છે.

વિરોધ

### ૭.૮૪ લાખના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો

## પારડીના ઓરવાડ ગામમાં ધોળા દિવસે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલતી વલસાડ LCB

### આરોપી અને મુદ્દામાલ પારડી પોલીસને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

• વલસાડ,

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઓરવાડ ગામે ભરબપોરે રહેણાંક મકાનને નિશાન બનાવી લાખોની ચોરી કરનાર શાતિર તસ્કરને વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ગત તા. ૧ મે ના રોજ ઓરવાડના પરીયા રોડ પર આવેલી સાંઈ રેસીડેન્સીમાં એચ.પી. ગેસ એજન્સીની બાજુમાં રહેતા એક પરિવારના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ બેડરૂમના કબાટના લોકર તોડી અંદર રાખેલા સોના-ચાંદીના કિંમતી દાગીના અને રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા વલસાડ જિલ્લા પોલીસ વડા દ્વારા તાત્કાલિક તપાસના આદેશો આપવામાં આવ્યા હતા.




ઘટનાની ગંભીરતાને જોતા વલસાડ એલ.સી.બી. (LCB) ની અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો હતો. પોલીસે સોસાયટી અને આસપાસના મુખ્ય રસ્તાઓ પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી તેનું ઊંડાણપૂર્વક ટેકનિકલ એનાલીસીસ હાથ ધર્યું હતું. ફૂટેજમાં એક શંકાસ્પદ યુવકની હિલચાલ નજરે પડતા પોલીસે તે દિશામાં તપાસ લંબાવી હતી. દરમિયાન પોલીસને ખાનગી બાતમીદારો પાસેથી સચોટ માહિતી મળી હતી કે ચોરીમાં સંડોવાયેલ ઈસમ હાલ વાપીના છીરી વિસ્તારમાં છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે છીરીની રામનગર સોસાયટીમાં આવેલી તિવારીની ચાલમાં દરોડો પાડી મૂળ બનાસકાંઠાના વડગામના વતની અને હાલ વાપીમાં રહેતા ૨૨ વર્ષીય જય લલીત વાઘેલાને દબોચી લીધો હતો.

પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે બે દિવસ પહેલા જ ઓરવાડના આ ફ્લેટને ટાર્ગેટ કરી લોખંડના સળીયા વડે તાળું તોડી ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ૫૫.૦૯ ગ્રામ સોનાના દાગીના (કિંમત ૭.૩૦ લાખ), ૨૨૧.૧૭ ગ્રામ ચાંદીના દાગીના (કિંમત ૪૮ હજારથી વધુ), ૫૦૦૦ રોકડા અને ગુનામાં વપરાયેલો લોખંડનો સળીયો મળી કુલ ૭,૮૪,૩૪૨નો મુદ્દામાલ રિકવર કર્યો છે. સામાન્ય રીતે ઘરફોડ ચોરીના ગુનાઓમાં આરોપી સુધી પહોંચવું પોલીસ માટે પડકારજનક હોય છે, પરંતુ વલસાડ એલ.સી.બી.એ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સચોટ ઉપયોગ કરી ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખતા રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં આરોપી અને મુદ્દામાલ પારડી પોલીસને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


### વાગરામાં ઉદ્યોગોની ઘોર બેદરકારી

## મુખ્ય માર્ગ પર કેમિકલ સ્લજ ઢોળાતા દોડધામ, લોકોના સ્વાસ્થ્ય સામે જોખમ

જોખમ | સાયખા GIDCની કંપનીમાંથી જંબુસર જઈ રહેલા ટ્રેલરમાંથી કિલોમીટરો સુધી ઝેરી કેમિકલ ઢોળાયું; પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

• વાગરા,

વાગરા તાલુકામાં ઉદ્યોગોની ગંભીર બેદરકારીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગત મોડી રાત્રે સાયખા જી.આઈ.ડી.સી.થી જંબુસર તરફ જઈ રહેલા એક ટ્રેલરમાંથી જાહેર માર્ગ પર મોટા પ્રમાણમાં કેમિકલ સ્લજ ઢોળાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ ઘટનાને પગલે વહીવટી તંત્ર અને પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાત્રે આશરે ૧૧:૪૫ વાગ્યાના અરસામાં સાયખા જી.આઈ.ડી.સી. સ્થિત 'ભાવીન ઈન્ટરમીડિએટ પ્રા. લી.' કંપનીમાંથી કેમિકલ સ્લજ ભરીને ટ્રેલર (નંબર: GJ-23-AT-6330) જંબુસરના મગણાદ ખાતે આવેલી 'શેફ એન્વાયરો પ્રા. લી.' કંપની તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન સારણ ત્રણ રસ્તાથી વાગરા હોસ્પિટલ ચોકડી વચ્ચેના મુખ્ય માર્ગ પર ટ્રેલરમાંથી ઝેરી કેમિકલ સ્લજ લીક થઈને રોડ પર ઢોળાયું હતું.

રાત્રિના અંધકારમાં કિલોમીટરો સુધી ઢોળાયેલા આ ચીકણા કેમિકલને કારણે માર્ગ અત્યંત લપસણો બની ગયો હતો. જેને કારણે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થવાની અને મોટા અકસ્માતો સર્જાવાની ભીતિ સેવાઈ રહી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે નિયમોને નેવે મૂકીને રાત્રિના સમયે જોખમી કેમિકલની હેરફેર કરવામાં આવે છે, જે સીધી રીતે લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ સાથે ચેડાં સમાન છે.

ઘટનાની જાણ થતા જ વાગરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ટ્રાફિક નિયમન કરી સાવચેતીના પગલાં લીધા હતા. પોલીસે ટ્રેલરને રોડની એક બાજુ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે પોલીસ ચોપડે જાણવા જોગ નોંધ કરી કંપની સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે, પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરનાર આ કંપનીઓ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) કેવા પ્રકારના પગલાં ભરે છે.

## વટવા ગામડી ખાતે 'રાણા પ્રીમિયમ લીગ ૨૦૨૬' નો ધમાકેદાર પ્રારંભ: શાહપુર ગોલવાડ દ્વારા ભવ્ય આયોજન

### ટુર્નામેન્ટના પ્રથમ રવિવારે ખેલાડીઓએ મેદાન પર ઉતરીને ભારે ઉત્સાહ બતાવ્યો હતો

શાહપુર ગોલવાડ શહેર અમદાવાદ રાણા સમાજ દ્વારા રમતગમત અને સામાજિક એકતાના હેતુથી પ્રથમવાર 'રાણા પ્રીમિયમ લીગ ૨૦૨૬' નું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. વટવા ગામડી સ્થિત 'Rays Cricket Club and Ground' ખાતે રમાયેલી આ ટુર્નામેન્ટના પ્રથમ રવિવારે ખેલાડીઓએ મેદાન પર ઉતરીને ભારે ઉત્સાહ બતાવ્યો હતો.




**પ્રથમ મેચ: ખાડિયા ગોલવાડનો ભવ્ય વિજયી શંખનાદ**

ટુર્નામેન્ટની ઓપનિંગ મેચમાં ખાડિયા ગોલવાડની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. આ મેચમાં પોતાની ટીમને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સંજય રાણાને 'મેન ઓફ ધ મેચ' ના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

**બીજી મેચ: કિંગ ઈલેવનની શાનદાર જીત**

દિવસની બીજી રોમાંચક મેચ કિંગ ઈલેવન ની પ્રતિસ્પર્ધી ટીમ બહુચર સીસી વચ્ચે રમાઈ હતી, જેમાં કિંગ ઈલેવન વિજેતા બની હતી. આ મેચમાં કિંગ ઈલેવનના ખેલાડી પાર્થ રાણાએ પોતાના ઓલરાઉન્ડ દેખાવથી સૌના દિલ જીતી લીધા હતા અને 'મેન ઓફ ધ મેચ' નો ખિતાબ મેળવ્યો હતો વટવા ગામડીના ગ્રાઉન્ડ પર ખેલાડીઓનો જમાવડો આ ટુર્નામેન્ટનું આયોજન વટવા ગામડી પાસે આવેલા સુવિધાજનક RAYS CRICKET CLUB AND GROUND ખાતે કરવામાં આવ્યું છે. શાહપુર ગોલવાડ દ્વારા આ પ્રકારની સીઝન-૧ નું આયોજન પ્રથમ વાર કરવામાં આવ્યું હોવાથી રાણા સમાજના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**આગામી રવિવારે જામશે જંગ**

પ્રથમ રવિવારની સફળતા બાદ, હવે આગામી રવિવારે એટલે કે તારીખ ૧૦ મે ના રોજ 1. ઈનિંગ સ્ટાર VS શાહપુર ગોલવાડ XI 2.કાંકરિયા કિંગ્સ VS રોયલ રાણા એમ બે ટીમો વચ્ચે જંગ જામશે. ક્રિકેટ રસિકો આ મેચોને લઈને અત્યારથી જ આતુર છે.

## સરગાસણ બ્રિજ પાસે હિટ એન્ડ રનની ઘટના : પતિની નજર સામે જ કારચાલકે પત્નીને કચડી નાખી

ગાંધીનગર : ગાંધીનગરના સરગાસણ બ્રિજ પાસે ગઈકાલે રવિવારની રાત્રિએ વધુ એક હિટ એન્ડ રનની ઘટના ઘટી છે. રોજીરોટીની શોધમાં રાજસ્થાનથી ગાંધીનગર આવેલું દંપતિ રોડ ક્રોસ કરી રહ્યા હતું. એ વખતે પૂરઝડપે અજાણી ફોરવ્હીલ ગાડીના ચાલકે રોડ ઓળંગી રહેલા મહિલાને અડફેટે લઈને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં પતિની નજર સામે જ પત્નીનું કમકમાટીભર્યું મોત નિપજતા સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ચડલા ગામના વતની રાજુભાઈ બાપુલાલ કટારા ગઈકાલે રવિવારે સવારે 6 વાગ્યે તેમની પત્ની કમલાબેન સાથે મજૂરી કામ અર્થે ગાંધીનગર આવવા નીકળ્યા હતા. તેઓ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલી ડીવાઈન સંધ્યા સાઈટ પર ચણતર કામ માટે આવ્યા હતા. બાદમાં રાત્રિના સમયે વૈષ્ણોદેવીથી રીક્ષામાં બેસી તેઓ સરગાસણ ચોકડી ઉતર્યા હતા અને ત્યાંથી ચાલતા પોતાની કામની જગ્યાએ જવા રવાના થયા હતા.એ વખતે દંપતી સરગાસણ બ્રિજના છેડે હાઈ-વે રોડ ક્રોસ કરી રહ્યું હતું ત્યારે રાજુભાઈ હાઈ-વે ઓળંગીને આગળ નીકળી ગયા હતા, જ્યારે કમલાબેન માથા પર ઘઉંનો કોથળો ઉપાડીને પાછળ જઈ રહ્યા હતા.આ સમયે સરખેજ તરફથી પૂરઝડપે આવેલી એક અજાણી કારના ચાલકે કમલાબેનને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત પછી પણ કાર ચાલક કમલાબેનને રોડ પર થોડે દૂર સુધી ઘસડી ગયો હતો.જેના કારણે તેમને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી તોય અકસ્માત સર્જીને કાર ચાલક અંધારામાં નાસી છૂટ્યો હતો. આ અકસ્માતના પગલે આસપાસના લોકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા કમલાબેનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

## અંકલેશ્વર NH-48 પર પેટ્રોલ ભરાવી નાણાં ચૂકવ્યા વગર ભાગતા કારચાલકે કર્મચારીને કચડવાનો પ્રયાસ કર્યો, સમગ્ર ઘટના CCTVમાં કેદ



• અંકલેશ્વર,

અંકલેશ્વર નજીક પસાર થતા નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા એક પેટ્રોલ પંપ પર જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે. કારમાં પેટ્રોલ ભરાવ્યા બાદ તેના નાણાં ચૂકવવાના બદલે કારચાલકે પેટ્રોલ પંપના કર્મચારીને ગાડી નીચે કચડી નાખવાનો પ્રયાસ કરી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, હાઈવે પર સ્થિત પેટ્રોલ પંપ પર એક કાર આવી હતી જેમાં અંદાજે 4 થી 5 લોકો સવાર હતા. કારચાલકે ગાડીમાં રૂપિયા 3,285નું પેટ્રોલ ભરાવી ટાંકી ફૂલ કરાવી હતી. પેટ્રોલ ભરાઈ ગયા બાદ પંપના કર્મચારી મહંમદ સાહબાજે પેમેન્ટ માટે માંગણી કરતા કારચાલકે ઓનલાઈન પેમેન્ટ કરવાનું બહાનું બતાવ્યું હતું. કર્મચારીએ ક્યુઆર કોડ (QR Code) આપ્યો હોવા છતાં, કારચાલકે પેમેન્ટ કર્યા વગર જ અચાનક ગાડી પૂરઝડપે હંકારી મૂકી હતી.

### માત્ર સુખી થવા આપણે આપણો દ્રષ્ટિકોણ અને સમજણને બદલવી પડે છે

## 'સુખી રહેવું અને સુખી દેખાવું એમાં ઘણો ફરક છે'

સુખી થવા માટે આપણો નિરંતર પ્રયાસ હોય છે..પણ સુખી કેમ રહેવું? કેમ બનવું ? એ આપણે જાણીએ અને સમજીએ. માત્રને માત્ર સુખી થવા આપણે આપણો દ્રષ્ટિકોણ અને સમજણને બદલવી પડે છે.. દુઃખને રોકવું નહીં એને વિદાય આપતા શીખવું અને સુખને ભુલવું નહીં જે દરેક વખતે હાજરજ છે. આપણે એની નોંધ લેતાં નથી..જો આપણી દ્રષ્ટિ દુઃખ પર જશે તો દુઃખ આવશે અને સુખ પર જશે તો સુખ બનશે આપણા દ્રષ્ટિકોણ પર આપણાં સુખ આધારિત છે.

જીવનમાં સુખ માટે આપણી ગમે તેટલી કોશિશ હશે પણ જ્યાં સુધી સાચાં સુખને સમજશુ નહીં ત્યાં સુધી સુખને પકડવા આપણે મહેનત કરતા જ રહેશું..

દરેક સમયે આપણી કોશિશ માન પ્રતિષ્ઠા વધે કે નામ વધે એનાં માટે કરતા હોઈએ છીએ

ક્યારેક આપણે સાધનો, સગવડતાઓ કે સંપત્તિને પણ સુખ માનીએ છીએ.

ક્યારેક ઘર બદલવું, કાર બદલવી કે વ્યક્તિ બદલવાથી સુખ મળી જાય એવું લાગે.. આપણો સતત પ્રયત્ન સુખી રહેવા માટે કે સુખી બનવા માટે જ હોય છે. દરેક વખતે બધું બદલવું એ ઈરાદો જ સુખને ટકવા નથી દેતું. આપણી દ્રષ્ટિ ક્યારેય એક સુખ ઉપર ટકતી જ નથી.હમેશા બદલતી રહે છે વધું સારું મેળવવાની આશા જીંદગી પ્રત્યેનો અસંતોષ માણસને સાચાં સુખ તરફ નથી લઈ જતો. દરેક સમયે આપણે સુખને અધુરુ જ લાગે છે. સુખ પાછળની દોડમાં આપણે ખરુ જીવન માણવાનુ ચુકી જઈએ છીએ. વધુ પડતી લાલસા કે વધુ પડતો લોભ અપેક્ષા માણસને સુખ આપી શકતુ નથી. સુખને સમજવા આપણી પાસે નિરાંતની પળ જ નથી. વર્તમાન ભુલી ક્યારેક ભુતકાળ વાગોળીને દુઃખી થઈએ છીએ તો ક્યારેક ભવિષ્યની ચિંતામાં વર્તમાન ભુલી જઈએ છીએ..પરંતુ વર્તમાન સ્વીકારી સમજીને રહીએ એ જ સુખ.

૧) સુખી થવા માટે જીવનમાં ઘણું છોડવું પડે છે. સુખી રહેવા ઘણું એડજેસ્ટમેન્ટ કરવું પડે છે.ટુકમા સુખ સાધનોની સાથે સાથે વ્યક્તિઓ સાથે પણ જોડાયેલુ છે..

૨) સુખી દેખાવવું સહેલું છે પણ સુખી રહેવું અઘરું છે જેનાં માટે હંમેશા કોમ્પ્રોમાઈઝ કરવું પડે છે. જેના માટે બધું ભેગું કરીએ છીએ એ ભોગવવા આપણી દરેક સમયે બાંધછોડ અનિવાર્ય છે.

૩)સુખ ક્યારેય વેચાતું નથી મળતું પણ આપણને મળેલી ખુશીને વહેંચવાથી સુખ બમણું થાય છે..આપણો ખુશી આનંદ બીજા સાથે શેર કરવાથી સુખ તરફ ચલાય છે..

૪) જીવનની દ્રિષ્ટની સકારાત્મકતા, સ્વભાવમાં શાંતિ, વિચારોમાં સ્થિરતા ભાવનાઓ ચોખ્ખી હશે તો સુખને પચાવી શકશું અને સુખ ટકશે

૫) દુઃખને રોકવું નહીં એને વિદાય આપતા શીખવું અને સુખને ભુલવું નહીં જે દરેક વખતે હાજરજ છે. આપણે એની નોંધ લેતાં નથી..જો આપણી દ્રષ્ટિ દુઃખ પર જશે તો દુઃખ આવશે અને સુખ પર જશે તો સુખ બનશે આપણા દ્રષ્ટિકોણ પર આપણાં સુખ આધારિત છે..

# ડભોઈ વેગા સર્કલ પર સાઈન બોર્ડનો અભાવ: સ્ટેચ્યુ ઓફ યુનિટી જતાં પ્રવાસીઓ રસ્તો ભટકાયા

**માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારી; દિશા સૂચક બોર્ડ ન હોવાથી મુસાફરો બોડેલીના રસ્તે ચડી જતાં ભારે હાલાકી**

• ડભોઈ | રિપોર્ટરઃ ફકીરા ખત્રી

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગ પર આવેલા ડભોઈના વેગા સર્કલ પર તંત્રની મોટી લાપરવાહી સામે આવી છે. આ મહત્વના જંક્શન પર દિશા સૂચક બોર્ડ લગાવવામાં ન આવતા ખાસ કરીને રાત્રિના સમયે બહારથી આવતા પ્રવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

ગેરમાર્ગે દોરાતા પ્રવાસીઓ અને રાત્રિની ગંભીર સ્થિતિ

વેગા સર્કલ પાસે બે મુખ્ય ફાટા પડે છે, જેમાં એક રસ્તો બોડેલી તરફ જાય છે અને બીજો સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જાય છે. યોગ્ય માર્ગદર્શન આપતા મોટા સાઈન બોર્ડના અભાવે અજાણ્યા પ્રવાસીઓ અટવાઈ રહ્યા છે. રાત્રિના અંધારામાં દિશા સૂચક બોર્ડ ન દેખાતા અનેક મુસાફરો સ્ટેચ્યુ ઓફ યુનિટીને બદલે બોડેલી હાઈવે પર ચડી જાય છે. કિલોમીટરો સુધી આગળ નીકળી ગયા બાદ પ્રવાસીઓને અહેસાસ થાય છે કે તેઓ ખોટા રસ્તે છે, જેના કારણે તેમનો સમય અને ઈંધણ બંનેનો બગાડ થાય છે.

પ્રશાસનની છબી ખરડાઈ રહી છે

દેશ-વિદેશથી આવતા સ્યલાણીઓ જ્યારે આવા મહત્વના સર્કલ પર હેરાન થાય છે, ત્યારે પ્રશાસનની છબી ખરડાય છે. પ્રવાસીઓની ફરિયાદ છે કે એક તરફ સરકાર કરોડોના ખર્ચે રસ્તા બનાવે છે અને પ્રવાસનને પ્રોત્સાહન આપે છે, તો બીજી તરફ લાખો પ્રવાસીઓના માર્ગદર્શન માટે એક સામાન્ય બોર્ડ લગાવવામાં તંત્રને શું નડે છે?

સ્થાનિકો અને મુસાફરોની માગ

સ્થાનિકોની માગ છે કે સ્ટેટ હાઈવેના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને વેગા સર્કલ પર તાત્કાલિક અસરથી રેડિયમ વાળા મોટા સાઈન બોર્ડ લગાવે. આ બોર્ડ પર સ્ટેચ્યુ ઓફ યુનિટી/રાજપીપળા, બોડેલી અને ડભોઈ શહેર તરફ જવાના રસ્તાઓની સ્પષ્ટ વિગત હોવી જરૂરી છે, જેથી રાત્રિના સમયે કોઈ પ્રવાસી અટવાય નહીં. તંત્રએ અતિથિ દેવો ભવની ભાવના સાથે અહીં પ્રાથમિક સુવિધા પૂરી પાડવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

**વિરોધ** ધોરાજીના ફરેણી રોડ પર નગરપાલિકાની ઘોર બેદરકારીથી લોકો ત્રાહિમામ

# સાત વર્ષથી પીવાના પાણી માટે વલખાં મારતી મહિલાઓનો રસ્તા પર ચક્કાજામ: આંદોલનની ચીમકી

**જૂની લાઈનમાં ગટરનું દૂષિત પાણી આવતા ચામડીના રોગ વકર્યા, આકરા ઉનાળે ૫ કિ.મી. સુધી રઝળપાટ છતાં તંત્ર ઘોર નિદ્રામાં**

• ધોરાજી




કાળઝાળ ગરમી વચ્ચે ધોરાજીના ફરેણી રોડ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા સાત વર્ષથી પાણી માટે તરસી રહેલા સ્થાનિકોની ધીરજ ખૂટતા, આજે રોષે ભરાયેલી મહિલાઓએ રસ્તા પર ઉતરીને ચક્કાજામ કર્યો હતો અને નિંભર તંત્ર વિરુદ્ધ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધોરાજીના વોર્ડ નંબર ૪માં આવેલા ફરેણી રોડ વિસ્તારમાં ૪૦૦થી ૫૦૦ જેટલા પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની પારાવાર હાલાકી છે. નગરપાલિકા દ્વારા લાખોના ખર્ચે નવી પાઈપલાઈન નાખવામાં આવી હોવા છતાં લોકોને આજદિન સુધી પાણી નસીબ થયું નથી. બીજી તરફ, જૂની લાઈનમાં ગટર મિશ્રિત, અત્યંત દુર્ગંધ મારતું અને રોગચાળો નોતરે તેવું પ્રદૂષિત પાણી આવી રહ્યું છે. આ દૂષિત પાણીના વપરાશથી સ્થાનિકોમાં ચામડીના રોગો અને ઝાડા-ઉલ્ટી સહિતની બીમારીઓએ માથું ઊંચક્યું છે.

સ્થાનિક મહિલાઓ શિલ્પાબેન અને શાંતાબેને રોષપૂર્વક જણાવ્યું હતું કે, ભરઉનાળે પીવાના પાણી માટે નાના બાળકો અને યુવાન દીકરીઓને ૪ થી ૫ કિલોમીટર દૂર (બસ સ્ટેન્ડ સુધી) રઝળપાટ કરવો પડે છે. પાણી ભરવા જવાના કારણે બાળકોનો શાળાનો અભ્યાસ પણ બગડી રહ્યો છે. નગરપાલિકામાં અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં, સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી.

અધિકારીઓ માત્ર 'લાઈન બદલી રહ્યા છીએ' તેવા ગોળ-ગોળ જવાબો આપીને લોકોને ગુમરાહ કરી રહ્યા છે.

આ ત્રાસદાયક પરિસ્થિતિથી કંટાળીને આજે બહોળી સંખ્યામાં મહિલાઓએ રસ્તા પર ઉતરી આવીને વાહનવ્યવહાર ખોરવી નાખ્યો હતો. સ્થાનિકોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી દિવસોમાં નગરપાલિકા દ્વારા શુદ્ધ પીવાના પાણીની સત્વરે વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો મહિલા મંડળ દ્વારા નગરપાલિકા કચેરી ખાતે જઈને હડતાલ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. એટલું જ નહીં, આવનારી ચૂંટણીઓમાં મતદાનનો બહિષ્કાર કરવા સુધીની તૈયારી પણ આ વિસ્તારના નાગરિકોએ દર્શાવી છે. હવે જોવાનું એ રહે છે કે મહિલાઓના આ ઉગ્ર વિરોધ બાદ એસી ચેમ્બરમાં બેઠેલા પાલિકાના બાબુઓ સફાળા જાગે છે કે કેમ.

# દહેગામ કોંગ્રેસ પ્રમુખે રાજીનામું આપ્યું : ચૂંટણીમાં હારની નૈતિક જવાબદારી સ્વીકારીને કોંગ્રેસના નેતૃત્વને રાજીનામું મોકલ્યું

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની નગરપાલિકા સામાન્ય ચૂંટણી 2026ના પરિણામો બાદ સ્થાનિક રાજકારણમાં નોંધપાત્ર ઉથલપાથલ જોવા મળી રહી છે. દહેગામ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ એલ. રબારીએ પોતાની પદવી પરથી સ્વેચ્છાએ રાજીનામું આપી દીધું છે. ચૂંટણીમાં કોંગ્રેસને અપેક્ષિત સફળતા ન મળતા તેમણે નૈતિક જવાબદારી સ્વીકારી ભર્યું હોવાનો પત્રમાં ઉલ્લેખ છે.ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરવિંદસિંહ સોલંકીને સંબોધીને લખાયેલા રાજીનામા પત્રમાં ભરતભાઈએ જણાવ્યું છે કે, દહેગામ નગરપાલિકા ચૂંટણી દરમિયાન પાર્ટીના કાર્યકરો દ્વારા ભારે મહેનત કરવામાં આવી હતી.

**૨૩ જૂને હાજર થવા આદેશ**

# ગુજરાત પોલીસ વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન મામલે AAPના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટની નોટિસ

**કોર્ટની નોટિસ** એક તરફ બદનક્ષીનો કેસ અને બીજી તરફ ઝઘડિયા કંપની વિવાદમાં નોંધાયેલા ગુનાઓને કારણે વસાવાની કાયદાકીય મુશ્કેલીઓ વધી

• ભરૂચ,



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા ફરી એકવાર કાયદાકીય ગૂંચવણમાં ફસાયા છે. ગુજરાત પોલીસ દળ વિરુદ્ધ આપેલા વિવાદાસ્પદ નિવેદન બદલ ભરૂચની કોર્ટે તેમને નોટિસ ફટકારી આગામી ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ કોર્ટમાં હાજર રહેવા તાકીદ કરી છે.

જુલાઈ ૨૦૨૪માં લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ભરૂચ-અંકલેશ્વર ખાતે INDIA ગઠબંધનની ઓફિસમાં ચૈતર વસાવાએ નિવેદન આપ્યું હતું કે, 'સમગ્ર ગુજરાત પોલીસ દારૂના વેચાણ સાથે સંકળાયેલી છે.' આ નિવેદનને પોલીસ તંત્રની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારું ગણી તેમની સામે બદનક્ષીની કાર્યવાહી હાથ ધરાઈ હતી. તત્કાલીન એસપી મયુર ચાવડાના રિપોર્ટના આધારે જિલ્લા મુખ્ય સરકારી વકીલ પરેશ પંડ્યાએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ૪ મે, ૨૦૨૬ના રોજ ભરૂચના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ભાવિન એન. જોષીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૨૩(૧) હેઠળ આરોપીને પોતાનો પક્ષ રાખવાની તક આપવા માટે નોટિસ કાઢી હતી. હવે ૨૩ જૂને વસાવાએ કોર્ટ સમક્ષ હાજર થવું પડશે.

માત્ર બદનક્ષીનો કેસ જ નહીં, પરંતુ અન્ય વિવાદો પણ વસાવા માટે માથાનો દુખાવો બન્યા છે,

(૧) પ્રહલાદ પરમાર અને પ્રવીણ પરમાર દ્વારા નોંધાવવામાં આવેલી બે અલગ-અલગ ફરિયાદો.

(૨) ઝઘડિયાની એક્ઝિમકેમ કંપનીમાં લાગેલી આગ અને કામદારોના મોત બાદ ૨૭ એપ્રિલના રોજ થયેલા ઘર્ષણ મામલે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વધુ બે ગુના.

એક તરફ રાજકીય ગરમાવો છે ત્યારે બીજી તરફ ઉપરાઉપરી નોંધાયેલા કેસોને કારણે ધારાસભ્ય ચૈતર વસાવા માટે આગામી સમય કાયદાકીય દ્રષ્ટિએ પડકારજનક બની શકે છે.

# હડાદ વરલી મટકાના જુગારનો વિડીયો વાયરલ થયો તેમ છતાં પણ કોઈ કાર્યવાહી નહીં

**S અને M રાશી ના લોકો ખુલ્લેઆમ ચલાવી રહ્યા છે જુગાર ધામ, પોલીસ કાર્યવાહી માટે લાચાર કેમ?**



વરલી મટકાનો જુગાર ધમધમી રહ્યો છે ત્યારે સ્થાનિક અને જાગૃત માણસે વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો ત્યારે જુગારધામ ચલાવનાર એસ અને એમ નામના માણસો વર્ષોથી વરલી મટકા નો જુગાર રમાડીને લોકોને બરબાદીના માર્ગે દોરી રહ્યા છે ત્યારે વિડીયો ભારે થયો તેમ છતાં પણ હરાદ પોલીસ જ્યારે કાર્યવાહી કરવા લાચાર બની છે ત્યારે બનાસકાંઠા એસપી દારૂબંધી અને જુગાર જેવા ગોરખ ધંધાઓ ચલાવનારા ઉપર લાલ આંખ કરી છે ત્યારે હડાદ માં વર્ષોથી વરલી મટકા નો જુગાર ચાલી રહ્યો છે ત્યારે હડાદ પોલીસ આ વાતની અનેક વાર જાણ કરવામાં આવી છે પરંતુ ત્યાંના પીએસઆઈ જ્યારે વરલી મટકાના જુગારથી અંજાન હોય તેમ લાગી રહ્યું છે ત્યારે સાથે સાથે બનાસકાંઠા એલસીબીના પોલીસ કર્મીઓ જે દાંતા તાલુકામાં અને હડાદ તાલુકામાં જ વધારે ફરજ બજાવાનું પસંદ કરતા તેઓને પણ વરલી મટકાના જુગારની જાણ કરવામાં આવી હતી પરંતુ જ્યારે બનાસકાંઠા એલસીબી જ્યારે કશું જાણતી જ ના હોય એ જ રીતે જવાબો આપતી હોય છે ત્યારે દિવસ દરમિયાન જ વરલી મટકા નો જુગાર ચાલે છે ત્યાં દિવસની પોલીસની ગાડી અનેકવાર આટા ફેરા કરતી હોય છે ત્યારે બનાસકાંઠા એલસીબી જવાનો પણ કાળા કાંચની ગાડીઓ લઈને ઘણી ત્યાં જ ઊભા હોય છે તેમ છતાં પણ કાર્યવાહી કરવામાં નથી આવતી ત્યારે હડાદ પોલીસ અને બનાસકાંઠા એલસીબી મસ્ત મુદ્દાઓનું સેટિંગ કર્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના એસપી દારૂબંધી અને જુગારીયાઓ માટેનું કડક વલણ માત્ર કાગળ ઉપર જ જોવા મળી રહ્યું છે અને બનાસકાંઠા જિલ્લાના એસપી નું કડક વલણની મજાક બનાવી હોય તેમ લાગી રહ્યું છે ત્યારે હવે આ વાયરલ વિડીયોને લઈને પોલીસ શું કાર્યવાહી કરશે કે પછી જુગાર ધામ ચાલતું રહેશે તે જોવાનું રહ્યું

# મહુંદ્રા પાટીયા પાસે રોડ ક્રોસ કરતા સમયે વાહને જોરદાર ટક્કર મારી, ત્રણ સંતાને પિતા ગૂમાવ્યા

**અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાને કારણે લાલાજીનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું**

ગાંધીનગર : ગાંધીનગરના નેશનલ હાઈવે નંબર 48 પર ફરી એકવાર બેફામ ગતિએ નિર્દોષનો ભોગ લીધો હતો. મહુંદ્રા પાટીયા પાસે આજે 4 મેએ સવારે સર્જાયેલા હિટ એન્ડ રનમાં યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું, જેના કારણે ત્રણ માસૂમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. સ્થિતિ વણસે તે પહેલાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ટ્રાફિક હળવો કરાવ્યો હતો. પોલીસે મૃતદેહનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે સાદરા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. હાલમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને પકડી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મહુંદ્રા ગામના રહેવાસી લાલાજી ઠાકોર (ઉં.વ. 34) આજે વહેલી સવારે અક્ષરધામ ખાતે પોતાની નોકરી પર જવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન મહુંદ્રા પાટીયા નજીક હાઈવે ક્રોસ કરતી વખતે પાછળથી પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાને કારણે લાલાજીનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અકસ્માત સર્જીને વાહન ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.

મૃતક લાલાજી ઠાકોર તેમના પરિવારના મુખ્ય આધારસ્તંભ હતા. તેમના આકસ્મિક નિધનથી પત્ની અને ત્રણ સંતાનો નોંધારા બન્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર ઠાકોર પરિવાર અને પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં જ મહુંદ્રા ગામના લોકોના ટોળેટોળા હાઈવે પર ઉતરી આવ્યા હતા. સ્થિતિ વણસે તે પહેલાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ટ્રાફિક હળવો કરાવ્યો હતો. પોલીસે મૃતદેહનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે સાદરા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. હાલમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને પકડી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સામે કાર્યવાહીની માંગ : સાંસદ ગેનીબેન ઠાકોર વિરુદ્ધ કથિત અભદ્ર ભાષાના ઉપયોગ બદલ ઠાકોર સમાજમાં રોષ



ગાંધીનગર : બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના વિજય બાદ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સાંસદ ગેનીબેન ઠાકોર વિરુદ્ધ કથિત અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હોવાનો આરોપ છે. આ મામલે ઠાકોર સમાજમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે અને સમાજે જગદીશ વિશ્વકર્મા સામે કાયદાકીય કાર્યવાહીની માંગ કરી છે. આ સંદર્ભે જિલ્લાના માણસા તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા માણસા મામલતદાર કચેરી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકને સંબોધીને લેખિત આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર માણસા તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજના અગ્રણી પી.સી. ઠાકોર સહિત અન્ય આગેવાનો દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે જગદીશ વિશ્વકર્માના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢી તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ પર ભાર મૂક્યો હતો.

**તંત્રની ઘોર બેદરકારીઃ ધોમધખતા તાપમાં મુસાફરો શેકાયા, હવે ચોમાસાની ચિંતાએ ઊંઘ હરામ કરી**

# ડભોઈ : અંબાવ ચોકડીનું એસ.ટી. સ્ટેન્ડ એક વર્ષથી ગાયબ, મુસાફરો રામભરોસે!

• ડભોઈ | રિપોર્ટરઃ ફકીરા ખત્રી



ડભોઈ તાલુકાના વ્યૂહાત્મક રીતે અતિ મહત્વના ગણાતા અંબાવ ચોકડી પાસેનું એસ.ટી. સ્ટેન્ડ તોડી પાડ્યાને આજે એક આખું વર્ષ વીતી ગયું છે. વિકાસની મોટી મોટી વાતો વચ્ચે તંત્રની આળસને કારણે મુસાફરો કાળઝાળ ગરમીમાં રસ્તા પર ઊભા રહેવા મજબૂર બન્યા છે. જો ચોમાસા પહેલા આ સ્ટેન્ડ નહીં બને, તો હજારો મુસાફરોની હાલત કફોડી થવાની પૂરેપૂરી શક્યતા છે.

કનેક્ટિવિટીનું મુખ્ય કેન્દ્ર છતાં દુર્દશા અંબાવ ચોકડી એ ડભોઈ-વડોદરા હાઈવે પરનું મુખ્ય જંકશન છે. અહીંથી દરરોજ મોટી સંખ્યામાં નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો અવરજવર કરે છે. આ તમામ લોકો માટે આ બસ સ્ટેન્ડ એકમાત્ર આધાર છે, છતાં અહીં હાલમાં સ્ટેન્ડના નામે માત્ર ખાલી જમીન જોવા મળી રહી છે.

ગરમીમાં હાલાકી અને વરસાદનો ફાળો ગત વર્ષે જૂનું બસ સ્ટેન્ડ તોડી પાડવામાં આવ્યું હતું, પરંતુ નવું બાંધકામ શરૂ કરવાની તંત્રએ તસ્દી લીધી નથી. હાલ મુસાફરો પાસે બેસવા કે છાંયડામાં ઊભા રહેવા માટે કોઈ વ્યવસ્થા નથી. 40 ડિગ્રીથી વધુ તાપમાનમાં મહિલાઓ અને વૃદ્ધો રોડ પર ઊભા રહી બસની રાહ જુએ છે. ઉનાળો તો જેમ-તેમ પસાર થઈ રહ્યો છે, પણ જો વરસાદ શરૂ થશે તો મુસાફરો આશરો ક્યાં લેશે? તે સવાલ સૌને સતાવી રહ્યો છે.

જનતાની માગઃ કુંભકર્ણની નિદ્રામાંથી જાગો!

સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પૂછી રહ્યા છે કે જો સરકાર વિકાસની વાતો કરતી હોય, તો એક વ્યસ્ત હાઈવે પર બસ સ્ટેન્ડ બનાવવામાં આટલો વિલંબ કેમ? લોકોની માગ છે કે જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને ચોમાસું બેસે તે પહેલાં જ અંબાવ ચોકડી પર નવું એસ.ટી. સ્ટેન્ડ કાર્યરત કરવામાં આવે. જો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આક્રોશ વધુ ઉગ્ર બની શકે છે.

# મૈત્રી એટલે માનસિક આલિંગન, જેમાં શારીરિકતાનો કોઈ મોહ નથી

## પ્રેમિકા ક્ષણિક છે, પણ સખી શાશ્વત છે.

સંબંધોની પેલે પાર...

આપણા સમાજની સૌથી મોટી કરુણતા એ છે કે આપણે સ્ત્રી અને પુરુષના સંબંધને હંમેશા એક ચોક્કસ મર્યાદામાં જ જોતા આવ્યા છીએ. કાં તો એ રક્તના સંબંધોની પવિત્રતા હોય અથવા તો લગ્ન અને પ્રેમની સામાજિક મંજૂરી. આ બે કિનારાની વચ્ચે 'મૈત્રી' નામની જે વિશાળ નદી વહે છે, તેને આપણે કાં તો ઓળખી શક્યા નથી અથવા તો ઓળખવાની હિંમત કરી શક્યા નથી. જ્યારે કોઈ પુરુષને કોઈ સ્ત્રી ગમે છે, ત્યારે સમાજ અને તેની પોતાની વૃત્તિઓ તેને 'પ્રેમિકા' ના ખાનામાં મૂકવા પ્રેરે છે. પરંતુ, ગમતી સ્ત્રીને પ્રેમિકા બનાવવી એ તેને સીમિત કરી દેવા જેવું છે. સાચી મૈત્રી એ પ્રેમ કરતા પણ ઉમદા અને ઊંડો સંબંધ છે, કારણ કે પ્રેમમાં ઘણીવાર 'હક' જતાવવાની લાલસા હોય છે, જ્યારે મૈત્રીમાં એકબીજાને 'મુક્ત' રાખવાનો આનંદ હોય છે. આ વાત એવા લોકો માટે છે જેઓ દેહથી પર જઈને આત્માના જોડાણને સમજવા માંગે છે.

પ્રેમિકા સાથેના સંબંધમાં ઘણીવાર શબ્દો, સ્પષ્ટતાઓ અને વારંવાર પોતાની લાગણીઓ સાબિત કરવાની જરૂર પડે છે. પણ એક સ્ત્રી જ્યારે સાચી 'મિત્ર' હોય છે ને, ત્યારે તે તમારા મૌનનો પણ સચોટ અનુવાદ કરી શકે છે. જીવનના એવા વળાંકે જ્યાં તમે દુનિયાથી હારીને, થાકીને ચૂપચાપ બેઠા હોવ, ત્યારે એ મિત્ર તમારી પાસે કોઈ ખુલાસો નહીં માંગે. તે તમારી નિષ્ફળતાના કારણો નહીં પૂછે, પણ માત્ર તમારી બાજુમાં બેસીને તમને એવો અહેસાસ કરાવશે કે, 'હું છું ને!'



આ નિઃશબ્દ 'હોવાપણું' જ કોઈ પણ શારીરિક સ્પર્શ કરતા હજારો ગણું વધુ આશ્વાસન અને શક્તિ આપે છે.

અરીસા જેવી મિત્રતા ..એટલે કે

પ્રેમિકા કદાચ તમને રાજી રાખવા માટે, તમને ખોટા લાડ લડાવવા માટે તમારી 'હા' માં 'હા' મિલાવે, પણ 'સખી' એ અરીસો છે. તે તમારી ભૂલ હશે ત્યારે તમને રોકશે, ટોકશે અને જરૂર પડ્યે લડશે પણ ખરી. મૈત્રીમાં કોઈ દંભ નથી હોતો. તેને તમને પામવામાં કે તમારી પાસે કશું પડાવવામાં રસ નથી હોતો, તેને તો માત્ર તમને 'સામર્થ્યવાન' જોવામાં રસ હોય છે. આવી મિત્રતામાં પારદર્શક સત્ય હોય છે, જ્યાં તમે જેવા છો તેવા રહી શકો છો.

શારીરિકતાથી પરે જેમાં માનસિક આલિંગન હોય...

મૈત્રી એટલે માનસિક આલિંગન, જેમાં શારીરિકતાનો કોઈ મોહ નથી. જ્યાં વાસના પૂરી થાય છે, ત્યાંથી સાચી મૈત્રી શરૂ થાય છે. જે સ્ત્રી તમારી બૌદ્ધિક ક્ષમતાને સમજી શકે, તમારા વિચારો સાથે સંવાદ કરી શકે અને તમારા વ્યક્તિત્વના અંધારા ખૂણાઓને અજવાળી શકે, તે જ તમારી સાચી સખી છે. શારીરિક આકર્ષણ તો સમય જતાં ફિક્કું પડી જશે, પણ જે માનસિક જોડાણ વિચારોથી બંધાયેલું છે, તે ક્યારેય વૃદ્ધ થતું નથી.

પુરુષની અસલી જીત એ છે.

જે પુરુષ સ્ત્રીના દેહને જીતવાને બદલે તેના 'વિશ્વાસ' ને જીતી શકે છે, તે પુરુષ ખરા અર્થમાં વિજેતા છે. સ્ત્રીને પ્રેમિકા બનાવીને તમે કદાચ તેને પામી લો છો, પણ તેને મિત્ર બનાવીને તમે તેને આખું આકાશ આપો છો જ્યાં તે પોતાની પાંખો ફેલાવી શકે અને તમને પણ મુક્ત આકાશમાં ઊડતા શીખવી શકે. આવી પવિત્રતા નિભાવવા માટે પુરુષે અંદરથી અત્યંત મજબૂત અને સંયમી બનવું પડે છે.

આપણે એવા સંબંધોની દુનિયા વસાવીએ જ્યાં સ્ત્રી અને પુરુષ માત્ર બે દેહ નહીં, પણ બે પવિત્ર વિચારો બનીને મળે. જ્યાં શંકાને કોઈ સ્થાન ન હોય અને જ્યાં મર્યાદાનો ઉંબરો એ જ વિશ્વાસનું આંગણું બની રહે.

'વાસના વગરનો વ્હાલ અને સ્પર્શ વગરનો સાથ, એ જ છે સ્ત્રી-પુરુષની મૈત્રીની અસલી તાકાત.'

દર્શના પટેલ- (નેશનલ એવોર્ડ થી સન્માનિત)સ્પોર્ટ્સ ટીચર

**રિઝલ્ટ** ફિઝિક્સ અને આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ સ્ટુડન્ટ ફેલ

# ધો-12 સાયન્સનું 84.33% ને સા.પ્રવાહનું 92.71% રિઝલ્ટ :વિદ્યાર્થિનીઓએ બાજી મારી

### A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા હતા

• અમદાવાદ

ધો-12 સાયન્સનું 84.33% અને સામાન્ય પ્રવાહનું 92.71% રિઝલ્ટ જાહેર થયું હતું. 2026ની પરીક્ષામાં ધોરણ 12 સાયન્સના 1,19,263 અને સામાન્ય પ્રવાહના 5,01,286 એમ કુલ 6.20 લાખ પરીક્ષાર્થી હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષા રાજ્યના કુલ 156 કેન્દ્રો પર યોજાઈ હતી. ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું હતું. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા હતા.આ રિઝલ્ટમાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. 12 સાયન્સમાં 84.65% વિદ્યાર્થિની પાસ થઈ છે. તો 12 સામાન્ય પ્રવાહમાં 95.41% વિદ્યાર્થિની પાસ થઈ છે. જ્યારે વિદ્યાર્થીઓ અનુક્રમે 84.04% અને 90.10% પાસ થયા છે.12 સાયન્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ફિઝિક્સમાં ફેલ થયા છે તથા સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ સ્ટુડન્ટ ફેલ થયા છે.

12 સાયન્સના 4 મુખ્ય વિષયમાં સૌથી વધુ પરિણામ મેથ્સનું 92.76 ટકા આવ્યું છે. જ્યારે 88.91 ટકા સાથે બાયોલોજી બીજા નંબરે તો 85.94 ટકા સાથે કેમિસ્ટ્રી ત્રીજા અને 85.27 ટકા પરિણામ સાથે ફિઝિક્સ ચોથા ક્રમે છે.



ધોરણ 12 કોમર્સના મુખ્ય ચાર વિષયમાં સૌથી વધુ અર્થશાસ્ત્રનું 98.24 ટકા, વાણિજ્ય વ્યવસ્થા 97.10 ટકા રિઝલ્ટ સાથે બીજા નંબર પર છે. 95.32 ટકા રિઝલ્ટ સાથે એકાઉન્ટ ત્રીજા અને 93.40 ટકા પરિણામ સાથે આંકડાશાસ્ત્ર ચોથા ક્રમે છે. સુરતની આશાદીપ સ્કૂલે ધોરણ 12 સાયન્સના પરિણામોમાં ફરી એકવાર મેદાન માર્યું છે, જેમાં નંદિની કિશોરભાઈ છોટાળાએ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો છે. બેંકમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા પિતાની પુત્રી નંદિનીએ અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં, ભાડાના રૂમમાં રહીને 500માંથી 479 માર્કસ (95.80 ટકા) મેળવી આશાદીપ સ્કૂલનું નામ રોશન કર્યું છે. નંદિનીની વિદ્વતાનો અંદાજ તેના વિષયવાર ગુણ પરથી લગાવી શકાય છે, જેમાં તેણે ગણિતમાં 100માંથી 100, કેમેસ્ટ્રીમાં 99 અને ફિઝિક્સમાં 97 ગુણ પ્રાપ્ત કર્યા છે, જ્યારે ગુજકેટમાં પણ 120માંથી 118.75 માર્કસ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. સુરતમાં આશાદીપ શાળાના સંચાલક મહેશભાઈ રામાણીએ જણાવ્યું હતું કે,કોમર્સની વાત કરવા જઉં તો અત્યાર સુધીનું જે હાઈએસ્ટ પરિણામ હતું 686 એનો રેકોર્ડ આજે બ્રેક આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલે કર્યો છે. અને લોટ્સ ઓફ વિદ્યાર્થી હજી કાઉન્ટિંગ ચાલુ છે. તો અત્યાર સુધીના સૌથી હાઈએસ્ટ A1 ગ્રેડ પણ આજે કોમર્સમાં મેળવ્યા છે અને અત્યાર સુધી હાઈએસ્ટ ટકાવારી પણ મેળવી છે. સાયન્સની વાત કરવા જઉં તો એમાં પણ ગુજરાતમાં ટોપ પરિણામ મેળવ્યું છે. બે વિદ્યાર્થી ગુજરાત ટોપમાં પણ સંભવિત છે. એમાં સ્પેશિયલી કહી શકાય કે એજ્યુકેશન સોસાયટીએ આપ્યા છે. તૈયારીની વાત કરવા જઉં તો આશાદીપ પહેલેથી ટીમ વર્કમાં જ માને છે અને ટીમ વર્કને કારણે જ આ પરિણામ આવે છે. વિદ્યાર્થીઓ એટલી હાર્ડ વર્ક કરે છે, શિક્ષકો પણ એટલી મહેનત કરાવે છે, શાળાનું મેનેજમેન્ટ પણ એટલું સપોર્ટમાં હોય છે અને પેરેન્ટ્સનો પણ સપોર્ટ હોય છે. આ ચારેયના સંગમને કારણે આ પરિણામ શક્ય બને છે. રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વૈશ્વી ગુપ્તાએ ધોરણ 12માં 99.96 પરસેન્ટાઈલ મેળવ્યા છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણીએ જણાવ્યું હતું કે, મારી આ સફળતાનો શ્રેય હું મારા માતા પિતા અને શાળાનાં શિક્ષકોને આપું છું. તેમની મદદથી જ મને આ સફળતા મળી છે. મેં ધોરણ 12ની શરૂઆતથી જ ખૂબ મહેનત કરી હતી અને સતત મહેનતને કારણે જ આ સિદ્ધિ હાંસિલ કરી છે. સતત અને નિયમિત મહેનતે સફળતાનું રહસ્ય હોવાનું પણ તેણીએ કહ્યું હતું.વડોદરા જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગત વર્ષે 82.20થી વધીને 85.55% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષે 87.77થી વધીને 88.11 ટકા જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું છે. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા છે.

# પોરબંદર જિલ્લા કલેકટર કચેરી ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન અંગે સમીક્ષા બેઠક યોજાઈ

### ૧૫૬ કામોની સમીક્ષા, નવા ૧૦૬ કામોને મંજૂરી; બાકી રહેલાં કામો તાત્કાલિક શરૂ કરવા સૂચના

ગોસા(ઘેડ)તા.૦૪

પોરબંદર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી એસ.ડી. ધાનાણીના અધ્યક્ષ સ્થાને સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૬ "જળ સંચય જન ભાગીદારી - ૨.૦" ના અસરકારક અમલીકરણ માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ અભિયાન હેઠળ સમાવિષ્ટ કુલ ૧૫૬ કામોની વિગતવાર સમીક્ષા કરી હતી અને હજુ સુધી શરૂ ન થયેલા કામો તાત્કાલિક શરૂ કરવા સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત ખેડૂત સ્વખર્ચ તેમજ વિભાગીય સ્તરે નવા ૧૦૬ કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી, મહાનગર પાલિકા, નગરપાલિકા, પાણી પુરવઠા અને ક્ષાર અંકુશ, સિંચાઈ વિભાગ સહિતના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા નહેર મરામત અને ડીસિલ્ટિંગ, નદી મરામત, વોકળાની સાફ સફાઈ, ડેમ રિપેરિંગ, તળાવ અને ચેકડેમ ઊંડા કરવાની કામગીરી, પાળા રિપેરિંગ તેમજ જાહેરહિતના વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી.




બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એલ. વાઘાણી, ક્ષાર અંકુશ વિભાગના કાર્યપાલક ઈજનેર મિલન સોરઠીયા, સુજલામ સુફલામ જળ અભિયાનના નોડલ અધિકારી મુકેશ ઓડેદરા અને સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

# માર્કેટ યાર્ડ જતા વૃદ્ધાની નજર ચૂકવી ૯૫ હજારની સોનાની બંગડી સેરવી લીધી

### બુરખાધારી મહિલા અને ત્રણ શખ્સોએ પૌત્ર સાથે જતા વૃદ્ધાને રિક્ષામાં બેસાડી શહેરમાં ફેરવ્યા બાદ હાથમાંથી ૧૧ ગ્રામની બંગડી સેરવી ફરાર

• જેતપુરઃ

જેતપુર શહેરમાં માર્ગ પર ચાલીને જતા વયોવૃદ્ધ નાગરિકોને નિશાન બનાવી રિક્ષામાં બેસાડીને તેમના દાગીના સેરવી લેતી ગેંગ સક્રિય બની છે. શહેરમાં જુનાગઢ રોડ પર માર્કેટ યાર્ડમાં મજૂરી કામે જતા એક ૬૦ વર્ષીય વૃદ્ધાને પીળા-લીલા કલરની રિક્ષામાં બેસાડી, તેમાં અગાઉથી જ બેઠેલી એક બુરખાધારી મહિલા અને ત્રણ શખ્સોએ નજર ચૂકવી વૃદ્ધાના હાથમાંથી રૂ. ૯૫ હજારની કિંમતની સોનાની બંગડી સેરવી લીધી હોવાની ઘટના સામે આવી છે.પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો મુજબ, જેતપુરમાં કણકિયા પ્લોટ, વોરાવોકળી કાંઠે રહેતા અને માર્કેટ યાર્ડમાં મજૂરી કામ કરતા નિર્મળાબેન વજેસંગભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) ગત સોમવારે સવારે આઠ વાગ્યાના અરસામાં તેમના ૧૪ વર્ષના પૌત્ર જયદેવ સાથે ચાલતા માર્કેટ યાર્ડ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જુનાગઢ રોડ પર ડૉ. વાધવાણી સાહેબના દવાખાના પાસે પહોંચતા એક પીળા અને લીલા કલરની રિક્ષાના ચાલકે તેમને ઉભા રાખી 'માડી ક્યાં જવું છે?' પૂછીને યાર્ડ તરફ જવા રિક્ષામાં બેસાડ્યા હતા. આ રિક્ષામાં પાછળના ભાગે અગાઉથી જ બે પુરુષો અને કાળા કલરનો બુરખો પહેરેલી એક મહિલા બેઠા હતા. વૃદ્ધા અને તેમનો પૌત્ર બેસતા એક શખ્સ આગળ ડ્રાઈવર સીટ પાસે બેસી ગયો હતો. રિક્ષા ચાલકે બસ સ્ટેન્ડ તરફ રિક્ષા લેતા વૃદ્ધાએ ટોક્યા હતા, પરંતુ ચાલકે 'એક ભાઈને આ બાજુ ઉતરવાનું છે' તેવો બહાનો કાઢ્યો હતો. રિક્ષામાં બેઠેલા પાતળા બાંધાના આ શખ્સોના હાથમાં થેલો હતો અને તેઓ વારંવાર આગળ-પાછળ થઈ જગ્યા બદલીને વૃદ્ધાનું ધ્યાન ભટકાવી રહ્યા હતા.ત્યારબાદ રિક્ષા ચાલકે તીનબત્તી ચોકથી જુનાગઢ રોડ તરફ રિક્ષા લઈ જઈ બોસમિયા કોલેજ અને તાલુકા પોલીસ સ્ટેશન વચ્ચે રિક્ષા ઉભી રાખી દીધી હતી. સામે પોલીસવાળા ઉભા છે તમે અહીં ઉતરી જાવ તેમ કહી વૃદ્ધા પાસેથી ભાડું લીધા વગર જ આ ગેંગ ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી. વૃદ્ધા બીજી રિક્ષામાં યાર્ડ પહોંચ્યા ત્યારે તેમને ધ્યાને આવ્યું હતું કે તેમના જમણા હાથમાં પહેરેલી આશરે ૧૧ ગ્રામ વજનની રૂ. ૯૫,૦૦૦ ની કિંમતની સોનાની બંગડી ગાયબ હતી. રિક્ષામાં બેઠેલા ભેજાબાજોએ વૃદ્ધાની નજર ચૂકવીને તેમની બંગડી કાઢી લીધી હોવાનું માલુમ પડતાં, નિર્મળાબેને જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં દોડી જઈ અજાણી બુરખાધારી મહિલા અને ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## રાશીફળ (તા.05-05-2026)

**મેષ (અ.લ.ઈ)** આવતીકાલે મંગળવાર હોવાથી તમારા ઉત્સાહમાં વધારો થશે. અટકેલા સરકારી કામો પૂર્ણ થવાની શક્યતા છે. ક્રોધ પર કાબૂ રાખવો જરૂરી છે.

**વૃષભ (બ.વ.ઉ)** આર્થિક દ્રષ્ટિએ દિવસ લાભદાયક રહેશે. વેપારમાં નવી ભાગીદારી થઈ શકે છે. પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** વાણી પર સંયમ રાખવો, નહીંતર નજીકની વ્યક્તિ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ આવી શકે છે.

**કર્ક (ડ.હ)** માનસિક રીતે તમે મજબૂત અનુભવશો. સંતાન પક્ષ તરફથી સારા સમાચાર મળી શકે છે. પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ (મ.ટ)** તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. સામાજિક માન-સન્માન વધશે. નોકરીમાં પ્રમોશન અથવા નવા પ્રોજેક્ટ મળવાના યોગ છે.

**કન્યા (પ.ઠ.ણ)** મિલકત અથવા નાણાકીય રોકાણ માટે દિવસ અનુકૂળ છે. સ્વાસ્થ્ય બાબતે સાવધ રહેવું. જૂના મિત્રો સાથે મુલાકાત થશે.

**તુલા (ર.ત)** કામના ભારણને કારણે માનસિક તણાવ રહી શકે છે. જીવનસાથી સાથે સમય વિતાવશો તો મન પ્રફુલ્લિત રહેશે. ખર્ચ પર કાબૂ રાખવો.

**વૃશ્ચિક (ન.ય.)** મંગળ ગ્રહની કૃપાથી સાહસિક કાર્યોમાં સફળતા મળશે. વિરોધીઓ પરાસ્ત થશે. જમીન-મકાનના પ્રશ્નો ઉકેલાશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. કોઈ લાંબા ગાળાના રોકાણનું આયોજન કરી શકો છો. ભાગ્યનો સાથ મળશે.

**મકર (ખ.જ)** કાર્યસ્થળ પર અધિકારીઓ સાથે તાલમેલ જાળવવો. ઉતાવળમાં કોઈ પણ મોટો આર્થિક નિર્ણય ન લેવો. વાહન ધીમે ચલાવવું.

**કુંભ (ગ.શ.સ.ષ)** તમારા માટે દિવસ પ્રગતિકારક રહેશે. નવા વિચારો અને આયોજનો અમલમાં મૂકવા માટે શ્રેષ્ઠ સમય છે. અંગત સંબંધોમાં મધુરતા આવશે.

**મીન (દ.ચ.ઝ.થ)** લાંબા સમયથી અટવાયેલા નાણાં પરત મળી શકે છે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ ઉત્તમ રહેશે.

# ઈન્સ્ટાગ્રામનો 'રાજા મેલડી' નીકળ્યો રીઢો ઠગ: સંતાન પ્રાપ્તિના નામે દારૂ અને એસી-ફ્રીજની ઉઘાડી લૂંટ

### સોશિયલ મીડિયા પર માયાજાળ, દરબારમાં લૂંટફાટ વિજ્ઞાન જાથાએ ઉતાર્યો મહોરો

વડોદરા/પાદરા: ભક્તિ અને શ્રદ્ધાના ઓઠા હેઠળ ભોળી જનતાની લાગણીઓ સાથે રમત રમતા વધુ એક પાખંડી ભૂવાનો કરુણ અંશ આવ્યો છે. વડોદરા જિલ્લાના પાદરા સ્ટેશન વિસ્તારમાં 'રાજા મેલડી' (Raja Meldi) ના નામે કુખ્યાત અને ઈન્સ્ટાગ્રામ પર હજારો ફોલોઅર્સ ધરાવતા કથિત ભૂવાની કરતૂતોનો ભાંડો ફૂટ્યો છે. અંધશ્રદ્ધા વિરોધી સંસ્થા 'વિજ્ઞાન જાથા'એ સચોટ આયોજન કરી આ પાખંડીનો પર્દાફાશ કર્યો છે, જેને પગલે હવે તે પોલીસના સકંજામાં છે.

સોશિયલ મીડિયા પર માયાજાળ, દરબારમાં લૂંટફાટ

આ પાખંડી ભૂવો ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પોતાનો પ્રચાર કરતો હતો અને પોતાને 'માતાજીનો પરમ ભક્ત' ગણાવતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેની મોડસ ઓપરેન્ડી અત્યંત ચોંકાવનારી હતી:

* કિંમતી વસ્તુઓની માંગ: નિઃસંતાન દંપતીઓને સંતાન પ્રાપ્તિ અને ગંભીર બીમારીઓ મટાડવાની લાલચ આપી તે રોકડ રકમ ઉપરાંત એસી (AC), ફ્રીજ અને મોંઘા સોફા સેટ જેવી લક્ઝરી વસ્તુઓ પડાવતો હતો.

* શરાબની ફરમાઈશ: નવાઈની વાત તો એ છે કે, આ પાખંડી ભક્તો પાસે 'પ્રસાદ'ના નામે મોંઘીદારૂની બોટલો મંગાવતો હતો.

* ડરનો વેપાર: જો કોઈ ભક્ત તેની માંગ પૂરી ન કરે, તો તેને માતાજીનો પ્રકોપ ઉતરશે અને પરિવારનું નિકંદન નીકળી જશે તેવો ડર બતાવી માનસિક રીતે ટોર્ચર કરતો હતો.



આવી રીતે ખેલ ખતમ થયો: 'ઓપરેશન પર્દાફાશ'

ભૂવા વિરુદ્ધ સતત ફરિયાદો મળતા વિજ્ઞાન જાથાની ટીમ સક્રિય થઈ હતી. ટીમે એક સામાન્ય નાગરિક બની ભૂવાના દરબારમાં પ્રવેશ કર્યો હતો. વિજ્ઞાન જાથાએ જ્યારે વૈજ્ઞાનિક તર્ક અને પુરાવાઓ સાથે ભૂવાની કથિત 'દૈવી શક્તિઓ'ને પડકારી, ત્યારે પાખંડી ભૂવો સાવ લાચાર બની ગયો હતો. વિજ્ઞાન જાથાએ સ્થળ પર જ હાજર લોકોને સમજાવ્યું કે કેવી રીતે આ વ્યક્તિ લોકોની આસ્થાનો વેપાર કરીને પોતાનું ઘર ભરી રહ્યો હતો.

પોલીસ સ્ટેશન ભેગો થયો 'રાજા મેલડી'

ભારે હોબાળા અને વિરોધ બાદ વિજ્ઞાન જાથાએ આ પાખંડીને પાદરા પોલીસના હવાલે કર્યો હતો. પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે કે અત્યાર સુધીમાં કેટલા નિર્દોષ લોકો આ ઠગના શિકાર બન્યા છે અને કેટલા લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે.'શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે. આવા પાખંડીઓ ડર બતાવીને લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવે છે. વિજ્ઞાન જાથાનું આ અભિયાન સમાજ માટે આંખ ઉઘાડનારું છે.' -સ્થાનિક નાગરિક

# સુપરસ્ટારથી જનસેવકઃ તમિલનાડુમાં 'થલપથી' વિજયનો મક્કમ નિર્ધાર અને ભવ્ય વિજય!


રાજકારણ હોય કે જિંદગી, જીતે એ જ જે મક્કમ હોય! આ વાત આજે દક્ષિણ ભારતના સુપરસ્ટાર વિજયે સાબિત કરી બતાવી છે. જ્યારે 50 વર્ષની ઉંમરે વિજયે ફિલ્મી દુનિયાના એશ-આરામ છોડીને રાજકારણમાં ઝંપલાવ્યું, ત્યારે કહેવાતા રાજકીય પંડિતોએ તેમને રજનીકાંતના અધૂરા સપનાઓ અને કમલ હસનની નિષ્ફળતાઓના ઉદાહરણો આપ્યા હતા. પણ વિજયે સાબિત કર્યું કે જનતાનો નાડ પારખનાર ક્યારેય નિષ્ફળ જતો નથી.

નિષ્ણાંતોની સલાહ ફગાવી, જનતાનો સાથ પકડ્યો

સાઉથની રાજનીતિમાં એક વણલખ્યો નિયમ રહ્યો છે કે કાં તો તમે હિન્દી/હિંદુત્વના વિરોધી બનો અથવા દ્રવિડ વિચારધારાના અતિરેકમાં વહી જાવ. રજનીકાંત અને કમલ હસન જેવા દિગ્ગજો પણ જ્યારે અસમંજસમાં હતા, ત્યારે વિજયે પોતાનો રસ્તો પોતે કંડાર્યો.

* ધર્મ નહીં, મુદ્દાની વાત: પોતે ખ્રિસ્તી હોવા છતાં તેમણે ક્યારેય જ્ઞાતિ-જાતિના સમીકરણોમાં પડ્યા વગર ગરીબી અને ભ્રષ્ટાચારને નિશાન બનાવ્યા.

* યુવા શક્તિને હાકલ: તેમણે પોતાના પાગલ ચાહકોને માત્ર સૂત્રોચ્ચાર પૂરતા મર્યાદિત ન રાખતા, તેમને શિક્ષિત કર્યા કે - 'તમારા પેરેન્ટ્સને સમજાવજો કે વોટ મુદ્દાઓ પર આપવાનો છે, વ્યક્તિને નહીં.'



સામાન્ય માણસનો 'અસામાન્ય' પાવર

મોટા ગજાના નેતાઓ કે ધુરંધર રણનીતિકારો વગર વિજયે ચૂંટણી મેદાન માર્યું. ટિકિટો વહેંચીને કરોડો કમાતા પક્ષોની સામે વિજયે:

1. પલમ્બર, મજૂર અને ડ્રાયવર જેવા સામાન્ય માણસોને ટિકિટ આપી.
2. ભાજપ કે સ્ટાલિનની 'B' ટીમ હોવાના લેબલોને પોતાના મક્કમ મનોબળથી તોડી પાડ્યા.
3. ગઠબંધનની લાલચોને ઠુકરાવીને 'એકલા ચલો'ની નીતિ અપનાવી.

નવી સરકારના સમીકરણો અને આશાનું કિરણ

આજે તમિલનાડુની જનતાએ વિજયને એવો પ્રેમ આપ્યો છે કે તેમના સમર્થન વગર સરકાર બનવી અશક્ય છે.

**અકસ્માત** બાઇકની ટક્કરે મહિલાએ જીવ ગુમાવ્યો, અજાણ્યા વાહનની ટક્કરે 2ના મોત

# વડોદરામાં 4 અકસ્માતમાં 4 લોકોના મોત:અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર પુત્રને મળવા જતા પિતાનું એકટીવાની અડફેટે મોત

## અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર એકટીવા ચાલકે પૂરપાટ ઝડપે આવીને 70 વર્ષીય સિનીયર સીટીઝનને અડફેટે લીધા હતા

• વડોદરા

વડોદરામાં 4 અકસ્માતમાં 4 લોકોના મોત થયા છે. અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર એકટીવા ચાલકે પૂરપાટ ઝડપે આવીને 70 વર્ષીય સિનીયર સીટીઝનને અડફેટે લીધા હતા. જેથી તુરંત જ તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ એકટીવા ચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો, જેથી તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો છે. આ મામલે હરણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ બરોડા ડેરી પાસે બાઈકની ટક્કરે મહિલાએ જીવ ગુમાવ્યો છે, જ્યારે પાયોનીયર કોલેજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે રિક્ષા ચાલકનું મોત થયું છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના બાસ્કા ગામમાં રહેતા નગીનાબેન આદમભાઈ ઓડ (ઉંમર 70) દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના પતિ આદમભાઈ હાસમભાઈ ઓડ સાથે સવારના આશરે 7 વાગ્યે ઘરેથી પોર ખાતે નીકળ્યા હતા. વડોદરા નજીક નેશનલ હાઈવે નં. 48 પર કૃષ્ણા હોટલ




સામે આદમભાઈ પોતાના પુત્ર મુસ્તુફાને મળવા માટે રિક્ષામાંથી ઉતરી રોડ ક્રોસ કરી રહ્યા હતા.

આ દરમિયાન સવારે આશરે 9 વાગ્યે અમદાવાદથી સુરત તરફ જતા માર્ગ પર એક એક્ટિવા ચાલકે બેદરકારીપૂર્વક અને પૂરપાટ ઝડપે એકટીવા ચલાવીને આદમભાઈને ટક્કર મારી હતી. અકસ્મતમાં આદમભાઈ નીચે પટકાયા હતા. આસપાસના લોકો અને તેમના પુત્ર તરત જ મદદે દોડી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન ચાલકે પોતાનું નામ વિવેકભાઈ અશોકભાઈ પંચાલ, (રહે. શીતલકુંજ સેક્ટર, ફર્ટિલાઈઝરનગર ટાઉનશીપ, છાણી રોડ, વડોદરા) હોવાનું જણાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત આદમભાઈને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે નગીનાબેને હરણી પોલીસ સ્ટેશનમાં એક્ટિવા ચાલક વિવેકભાઈ પંચાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ વડોદરાની બરોડા ડેરી પાસે પૂરપાટ ઝડપે જઈ રહેલા બાઈક ચાલકે રોડ ક્રોસ કરી રહેલા 70 વર્ષીય ભાનુબેન બારીયા(રહે. જ્ઞાનનગર, દંતેશ્વર, વડોદરા)ને અડફેટે લીધા હતા. અકસ્માત કરીને બાઈક ચાલક ત્યાંથી ભાગી ગયો હતો. સિનિયર સિટીઝન મહિલાને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મકરપુરા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત ત્રીજા એક અકસ્માતમાં વડોદરા નજીક આજવા રોડ પર પાયોનીયર કોલેજ પાસે અજાણ્યા વાહન ચાલકે રીક્ષાને અડફેટે લીધી હતી. જેમાં 49 વર્ષીય કમલેશસિંહ નટવરસિંહ ચાવડાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમ છતાં અજાણ્યો વાહનચાલક ત્યાંથી ભાગી ગયો હતો. બીજી તરફ કમલેશસિંહને પારુલ સેવાશ્રમ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે કપુરાઈ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ચોથા અકસ્માતમાં મહારાષ્ટ્રના વિશાલ કદમનું અજાણ્યા વાહનની ટક્કરે મોત થયું છે. ટ્રકમાં ક્લીનર તરીકેની ફરજ બજાવતા વિશાલ કદમ નેશનલ હાઈવે પર તરસાલીથી જાંબુવા બ્રિજની વચ્ચે નિર્મલ હોટલ ખાતે જમવા જઈ રહ્યા હતા. તેઓ રોડ ક્રોસ કરતા હતા, ત્યારે અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. જેમાં 40 વર્ષિય ક્લીનરનું મોત થયું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો. આ મામલે કપુરાઈ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. વડોદરામાં ત્રણ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર એકટીવાની અડફેટે 70 વર્ષીય સિનીયર સીટીઝનનનું મોત થયું હતું. જેમાં એકટીવા ચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો, જેથી તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો છે. બીજી તરફ બરોડા ડેરી પાસે બાઈકની ટક્કરે મહિલાએ જીવ ગુમાવ્યો છે, અકસ્માત સર્જીને બાઈક ચાલક ભાગી ગયો હતો. જ્યારે પાયોનીયર કોલેજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે રિક્ષા ચાલકનું મોત થયું છે. આ ઉપરાંત જાંબુવા અને તરસાલી બ્રિજ વચ્ચે અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું મોત થયું હતું

સંસ્કારીનગરીમાં મર્યાદાને નેવે મૂકાઈ


# યુવતીને ટાંકી પર બેસાડી યુવકે બુલેટ દોડાવી જાહેરમાં ચેનચાળા કરી જોખમી રીતે રીલ બનાવી

## જાહેર માર્ગ પર મર્યાદા ઓળંગીને કરવામાં આવેલી આ હરકતો માત્ર સંસ્કારી નગરીની છબીને જ નથી ખરડતી

• વડોદરા

રીલના ગાંડપણમાં યુવાઓ ભાન ભૂલી જતા હોય છે અને ક્યારેક જીવ પણ જોખમમાં મૂકી દેતા હોય છે. સંસ્કારીનગરી વડોદરાનો આવો જ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં એક યુવક બુલેટની ટાંકી પર યુવતીને બેસાડી રીલ બનાવતો નજરે પડી રહ્યો છે. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, કપલે પોતાની સાથે સાથે અન્ય વાહનચાલકોનો પણ જીવ જોખમમાં મૂક્યો હતો.

સોશિયલ મીડિયામાં વડોદરાનો જે વીડિયો વાઈરલ થયો છે તેમાં એક યુવક અને યુવતી ટ્રાફિકથી ધમધમતા મુખ્ય માર્ગ પર અત્યંત જોખમી અને અશ્લીલ હાલતમાં બુલેટ સવારી કરી રહ્યા છે. યુવતી બુલેટની ટાંકી પર યુવકની સામે ફેસ-ટુ-ફેસ બેસીને અશ્લીલ ચેનચાળા કરતી જોવા મળી હતી, જેના કારણે માર્ગ પર પસાર થતા અન્ય વાહનચાલકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. એક વાહનચાલકે આ ઘટનાનો વીડિયો બનાવ્યો હતો જે હાલમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જો કે આ વીડિયો ક્યારનો છે તે



જાણવા મળી શક્યું નથી.

જાહેર માર્ગ પર મર્યાદા ઓળંગીને કરવામાં આવેલી આ હરકતો માત્ર સંસ્કારી નગરીની છબીને જ નથી ખરડતી, પરંતુ માર્ગ સલામતી સામે પણ ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. આ પ્રકારે વિપરીત સ્થિતિમાં બેસીને વાહન ચલાવવાથી અકસ્માત થવાનું જોખમ રહેલું છે, જેમાં કપલની સાથે અન્ય નિર્દોષ વાહનચાલકોનો જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થયા બાદ લોકો દ્વારા આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. વાયરલ વીડિયોમાં બુલેટનો નંબર સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હોવાથી હવે બોલ વડોદરા ટ્રાફિક પોલીસના પાલે છે. શહેરની શાંતિ અને સંસ્કાર જાળવી રાખવા માટે પોલીસ આ મામલે કેટલી ઝડપથી તપાસ કરે છે અને વાયરલ વીડિયોના આધારે કપલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરે છે કે કેમ તે જોવું રહ્યું. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં પોલીસ સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે ઈ-મેમો અથવા જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધીને કડક સબક શીખવતી હોય છે.

# વડોદરા જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 85.55%, સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ ગત વર્ષ કરતાં વધ્યું

## ધોરણ 12 સામાન્ય પ્રવાહ અને સાયન્સનું પરિણામ વધ્યું

• વડોદરા

આજે ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ એક સાથે જાહેર કરવામાં આવ્યું છે જેમાં વડોદરા જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગત વર્ષે 82.20થી વધીને 85.55% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષે 87.77થી વધીને 88.11 ટકા જાહેર કરવામાં આવ્યું છે. હરણી સમા લીંક રોડ પર આવેલ અંબે વિદ્યાલયમાં ભાણતી કોમર્સની વિદ્યાર્થીની હર્ષિતા પહેલવાનીએ જણાવ્યું હતું કે, મેં 99.91 PR પર્સન્ટાઈલ મેળવ્યા છે. મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. મારે સ્ટેટિસ્ટિક્સમાં 100માંથી 100 ગુણ આવ્યા છે અને એકાઉન્ટ્સમાં 99 ગુણ આવ્યા છે. હું રોજ નિયમિતપણે બે થી ત્રણ કલાક રિવિઝન કરતી હતી અને લખવાની પ્રેક્ટિસ પર વધુ ભાર આપતી હતી. મારા ક્લાસના ટીચર પ્રથમ સરનો આમાં મોટો ફાળો છે. એમનું સપનું હતું કે મારે 100 માંથી 100 ગુણ આવે, જે આજે પૂરું થયું છે. સાથે જ મારી સ્કૂલના શિક્ષકોએ પણ મને ખૂબ જ સપોર્ટ કર્યો છે. હું બધાને બસ એટલું જ કહીશ કે મહેનત કરતા રહો, એકને એક દિવસ તો સફળતા ચોક્કસ મળશે જ. કોમર્સના વિદ્યાર્થી જેયોન ગાંધીએ જણાવ્યું હતું કે, મને



ખૂબ જ આનંદ થાય છે. મેં જે મહેનત કરી હતી તે આજે સફળ થઈ હોય તેવું મને અનુભવાઈ રહ્યું છે. સૌથી પહેલા તો મેં વાંચવા માટેનું એક વ્યવસ્થિત ટાઈમ-ટેબલ બનાવ્યું હતું. હું મોડે સુધી જાગી શકતો નથી, એટલે હું વહેલી સવારે ઉઠીને જ વાંચવાનું પસંદ કરતો હતો. મેં આ ટાઈમ-ટેબલનું ચુસ્તપણે પાલન કર્યું, જેના કારણે પરીક્ષા પહેલા જ બધા વિષયોનું ત્રણથી ચાર વખત રિવિઝન પૂર્ણ થઈ ગયું હતું.

# વડોદરામાં IPL મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા 7 ઝડપાયા:, એક આરોપી વોન્ટેડ

## GT અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ જોઈ મોબાઈલ એપથી સટ્ટો રમાડતા હતા

• વડોદરા

વડોદરા શહેરમાં IPL ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા સાત શખ્સોને એલ.સી.બી. ઝોન-3 દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે અને 7 આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ. 4.25 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

એલ.સી.બી. ઝોન-3ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ટીમને બાતમી મળી હતી કે, આનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ગોડાઉન નંબર-33માં કમલેશ વિનોદભાઈ પરમાર દ્વારા બહારના લોકોને બોલાવી ટીવી પર IPLની ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ જોઈ મોબાઈલ એપ્લિકેશન/વેબસાઈટ મારફતે સટ્ટો રમાડવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી, જેમાં સ્થળ પરથી કુલ 7 શખ્સોને ઝડપી



પાડવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ સામે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં જુગાર અધિનિયમની કલમ 4 અને 5 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓમાં કમલેશ વિનોદભાઈ પરમાર (આજવા રોડ), પિયુષ કનુભાઈ પંચાલ (દંતેશ્વર), નાનુ રાજુભાઈ ચુનારા (બરાનપુરા), સુમિત હરેશભાઈ સબાગવાની (વારસીયા), ગિતેશ ઉર્ફે રોકી દરીયાભાઈ ચોથવાણી (વારસીયા), પુર્વેશ પ્રકાશભાઈ પટેલ (નવાપુરા) અને પ્રિયાંક કનુભાઈ પટેલ (નવાપુરા) નો સમાવેશ થાય છે. આ કેસમાં ચેતન કહાર ઉર્ફે ભાંજુ નામનો આરોપી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. 25,840 રોકડ, 7 મોબાઈલ ફોન, ટીવી અને રિમોટ તેમજ 4 વાહનો મળીને કુલ રૂ. 4,25,840નો મુદ્દામાલ કબજે કર્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

હુજરત ટેકરા વિસ્તારમાં રહેતા યુવકે ગળા ફાંસો ખાઇને જીવન ટૂંકાવી દીધું

# વાસદ મહિસાગર નદીના બ્રિજ પરથી ઝંપલાવીને યુવકનો આપઘાત

• વડોદરા

વડોદરા,આજે બપોરે વાસદ મહિસાગર નદીના બ્રિજ પરથી નીચે ઝંપલાવીને ૨૩ વર્ષના યુવકે આપઘાત કરી લીધો છે. શહેરમાં અલગ - અલગ ત્રણ બનાવમાં ત્રણ યુવકોએ જીવન ટૂંકાવી દીધું છે. પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, સાંકરદા ગામ નિશાળવાળા ફળિયામાં રહેતો ૨૩ વર્ષનો રવિન્દ્રકુમાર તખતસિંહ ચાવડા ગોડાઉનમાં કામ કરતો હતો. થોડાસમય અગાઉ જ તેની સગાઈ થઈ હતી. આજે તે ચાલતો ઘરેથી નીકળ્યો હતો. બપોરે ૧ વાગ્યે ફાજલપુર ગામથી વાસદ જતા મહિસાગર નદીના બ્રિજ પરથી નીચે કૂદકો મારી દીધો હતો. પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. નંદેસરી પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે કાર્યવાહી હાથ ધરી છે. અન્ય એક બનાવની પોલીસ દ્વારા મળતી માહિતી




મુજબ, હુજરત ટેકરા મહાકાળી મંદિર પાસે રહેતા ફૂડ ડિલીવરી બોય હાર્દિક પ્રવિણકુમાર પરમારે (ઉં.વ.૩૬) અગમ્ય કારણોસર ગળા ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મકરપુરા પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, માણેજા શ્રી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા જસ્મીનકુમાર અર્જુનભાઈ પરમાર (ઉં.વ.૩૩) ખાનગી કંપનીમાં નોકરી કરે છે. અગમ્ય કારણોસર તેણે આપઘાત કરી લીધો હતો.

# વડોદરામાં યુવાનોએ મમતા બેનર્જીના ફોટાને પગથી કચડ્યા

## યુવા યોધ્ધા સંગઠને કહ્યું, જનતા ત્રાસથી થાકી હતી અને તેથી પરિવર્તન આવ્યું છે

• વડોદરા

વડોદરા શહેરમાં પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો અને રાજકીય સ્થિતિને પગલે ભારે ગરમાવો જોવા મળ્યો હતો. શહેરના યુવા યોદ્ધા સંગઠન દ્વારા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે એક અત્યંત આક્રમક અને અનોખો વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રદર્શન દરમિયાન યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને મમતાના ફોટાને પગથી કચડ્યા હતા. સંગઠનના ભગવાન ભરવાડે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં હાલ સુધી રાક્ષસ કુળની સરકાર હતી. હવે હિન્દુઓની સરકાર આવી છે. પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદર્શનને વધાવતા મમતા બેનર્જીની નીતિઓનો સખત શબ્દોમાં વિરોધ કર્યો હતો. યુવાનોએ રસ્તા પર મમતા બેનર્જીના પોસ્ટરો અને ફોટાઓ બિછાવી દીધા હતા અને તેના પર ચાલીને કે પગથી કચડીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

ભગવાન ભરવાડે જણાવ્યું હતું કે, મમતાના ગુંડા યુવતીઓનું અપહરણ કરીને ગેંગરેપ કરતા હતા. હવે જ્યારે



ભાજપની સરકાર આવી છે ત્યારે હવે એ ગુંડાઓને પકડીને ફાંસીના માંચડે ચઢાવવા જોઈએ. યુવાનોના આ પ્રકારના વિરોધ પાછળ યુવાનોનો તર્ક હતો કે બંગાળની જનતા પર થતા અત્યાચારો અને લોકશાહીના હનન સામે આ તેમનો આક્રોશ છે. જનતા તેઓના ત્રાસથી થાકી હતી અને તેથી પરિવર્તન આવ્યું છે.


વિરોધપ્રદર્શનમાં સામેલ યુવાનોના હાથમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ફોટાઓ જોવા મળ્યા હતા. યુવાનોએ આ બંને નેતાઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને જણાવ્યું હતું કે દેશને આવા મક્કમ નેતૃત્વની જરૂર છે અને આ જીતનો શ્રેય તેમને જાય છે. પ્રદર્શનકારીઓએ પશ્ચિમ બંગાળમાં ભાજપની મજબૂત પકડ અને વિજયી લહેરની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમ આપ્યો હતો. યુવાનોએ જણાવ્યું હતું કે, અમિત શાહે ચાર મહિના સુધી ત્યાં રહીને સ્ટ્રેટેજી ગોઠવી હતી અને પારદર્શક ચૂંટણી થાય તે માટેની વ્યવસ્થા ગોઠવી હતી જેનું આ પરિણામ છે.

# IPO અને શેરબજારમાં રોકાણના બહાને યુવક સાથે રૂપિયા 26 લાખની છેતરપિંડી

## નકલી વેબસાઈટ એકાઉન્ટમાં નફા સાથે 39 લાખ બતાવીને લલચાવ્યો

• વડોદરા

વડોદરા શહેરના યુવકને IPO અને શેર બજારમાં નફો કમાવવાની લાલચ આપી સાયબર ઠગોએ 26.05 લાખની છઠગાઈ કરી છે. નકલી વેબસાઈટમાં રોકાણ કરેલા નાણાં નફા સાથે 39 લાખ રૂપિયા યુવકને બતાવતા હતા, પણ માત્ર 16 હજાર રૂપિયા પરત કર્યા બાકીના નાણાં પરત કર્યા નહોતાં. જેથી યુવકે આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. વડોદરાના બિલ વિસ્તારમાં રહેતા 40 વર્ષીય યુવકે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ જિઓમાં ડિલિવરીની નોકરી કરે છે. તા. 12 ડિસેમ્બર 2025ના રોજ સોશિયલ મીડિયા પર ‘બ્રહ્મી કપસિયા’ નામની યુવતી સાથે તેમની ઓળખાણ થઈ હતી. યુવતીએ શેરબજાર અને IPOમાં રોકાણ કરીને મોટો નફો કમાઈ શકાય તેવી લાલચ આપી હતી અને વધુ માહિતી મેળવવા માટે વોટ્સએપ નંબર આપ્યો હતો. યુવક આ વોટ્સએપ ગ્રુપમાં જોડાયો હતો, ત્યારબાદ તેમાં અલગ-અલગ IPO વિશે માહિતી આપવામાં આવતી હતી. સાયબર ઠગોએ નકલી વેબસાઈટ પર એકાઉન્ટ બનાવ્યું હતું અને શરૂઆતમાં 16 હજાર રૂપિયા પરત આપ્યા હતાં. યુવકનો વિશ્વાસ થઈ ગયો હતો, જેથી યુવક લલચાઈ ગયો હતો



અને મોટા રોકાણ માટે તૈયાર થઈ ગયો હતો. યુવકે અલગ-અલગ તારીખે પોતાના બેંક ખાતામાંથી 26.05 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

રોકાણ કરાવ્યા બાદ યુવકના એકાઉન્ટમાં 39 લાખથી વધુ નફો દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે તેણે રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે માત્ર રૂ. 16 હજાર જ પરત મળ્યા હતા. ત્યારબાદ આરોપીઓનો સંપર્ક થઈ શક્યો નહોતો. જેથી યુવકે આ મામલે 26.05 લાખની છેતરપિંડીની ફરિયાદ વડોદરા સાયબર પોલીસ સ્ટેશનમાં કરી છે. જેને આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# વડોદરાનું ધો.12 વિ.પ્ર.નું 83.55 ટકા અને સા.પ્ર.નું 88.11 ટકા પરિણામ

• વડોદરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં લેવાયેલી ધો.12 સાયન્સની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરાયું છે. જેમાં વડોદરા શહેર જિલ્લાનું 83.55 ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષે વડોદરા શહેર જિલ્લાનું પરિણામ 82.20 ટકા જાહેર થયું હતું અને આ વખતે ગત વર્ષ કરતા પરિણામમાં 0.35 ટકાનો નજીવો વધારો જોવા મળ્યો છે. વડોદરા શહેર જિલ્લામાંથી 6740 વિદ્યાર્થીઓએ ધો.12 સાયન્સની પરીક્ષા આપી હતી અને તેમાંથી 5517 વિદ્યાર્થીઓ પાસ તથા 1123 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. વડોદરા શહેર જિલ્લાના 11 કેન્દ્રો પર ધો.12 સાયન્સની પરીક્ષા લેવામાં આવી હતી. આ પૈકી સૌથી વધારે 89.43 ટકા પરિણામ પાદરા કેન્દ્રનું અને સૌથી ઓછુ 64.21 ટકા પરિણામ ડભોઈ કેન્દ્રનું જાહેર થયું છે. શહેરના કેન્દ્રોના મુકાબલે ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રના પરિણામની ટકાવારી વધારો હોય તેવું ભાગ્યે જ બનતું હોય છે. શહેર જિલ્લાના 11 વર્ષના પરિણામની સરખામણી કરવામાં આવે તો 2015માં સૌથી વધારે 89.71 ટકા પરિણામ આવ્યું હતું. જે રેકોર્ડ આ




વખતે પણ તુટયો નથી. જોકે છેલ્લા બે વર્ષની જેમ આ વખતે પણ વડોદરાનું પરિણામ 80 ટકાની ઉપર રહ્યું છે. જ્યારે ધો.12 સામાન્ય પ્રવાહમાં વડોદરા શહેર અને જિલ્લાના નિયમિત વિદ્યાર્થીઓનું 88.11 ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષે વડોદરા શહેર જિલ્લાનું 87.77 ટકા પરિણામ આવ્યું હતું અને તે રાજ્યમાં સૌથી ઓછું હતું. જ્યારે આ વખતે ગત વર્ષ કરતાં 0.44 ટકાનો વધારો થયો છે. વડોદરામાંથી 17559 વિદ્યાર્થીઓએ ધો.12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. આ પૈકી 15442 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ પહેલા વર્ષ 2020માં વડોદરાનું પરિણામ 71.03 ટકા આવ્યું હતું. એ પછી 2022માં 76.49 ટકા પરિણામ જાહેર થયું હતું. વડોદરા શહેરના 10 કેન્દ્રોના પરિણામની સરખામણી કરવામાં આવે તો સૌથી વધારે છાણી કેન્દ્રનું 91.63 ટકા અને સૌથી ઓછું માંડવી કેન્દ્રનું 84.60 ટકા પરિણામ જાહેર થયું છે.

ઝડપાયા

શાતિર લૂંટારુઓએ ચોરીમાં વાપરેલી ત્રણેય ગાડીઓ પહેલીવાર સામે આવી

# સુરત SBI લૂંટ કેસના 2 આરોપી UPથી ઝડપાયા, અપાચે બાઈક ડુપ્લિકેટ આધારકાર્ડથી ખરીદી

## ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર થયા બાદ આરોપીઓને સઘન પૂછપરછ અને વધુ તપાસ માટે સુરત લાવવાની આગળની તજવીજ હાથ ધરવામાં આવશે

• સુરત

સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવેલ SBI બેંકમાં થયેલી 50 લાખ રૂપિયાની સનસનીખેજ લૂંટના ગુનામાં સુરત ક્રાઈમ બ્રાન્ચ (DCB) ને મોટી સફળતા હાથ લાગી છે. સઘન તપાસ અને ઈન્ટેલિજન્સના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉત્તરપ્રદેશના અયોધ્યા અને ગોંડા વિસ્તારમાંથી 2 આરોપીઓની ધરપકડ કરી છે.

પકડાયેલા આરોપીઓના નામ

1. શુભમ કુમાર અજીત ઠાકુર

2. વિકાસ સિંઘ અરુણ કુમાર સિંઘ

પકડાયેલા બંને આરોપીઓને કાયદેસરની પ્રક્રિયા અંતર્ગત ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવાના હેતુથી આજે ગોંડા કોર્ટ (ઉત્તરપ્રદેશ) માં રજૂ કરવામાં આવશે. ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર થયા બાદ આરોપીઓને સઘન પૂછપરછ અને વધુ તપાસ માટે સુરત લાવવાની આગળની તજવીજ હાથ ધરવામાં આવશે.ફેક IDનો ઉપયોગ કરીને તેલંગાણાથી બાઈક ખરીદવામાં આવી હતી ધીરજ કુમાર નામના ફેક આઈડીનો ઉપયોગ કરીને તેલંગાણાથી લૂંટાયેલી બાઈક ખરીદવામાં આવી હતી, જેના દ્વારા આ ગુનાને અંજામ આપવાનું ષડયંત્ર રચાયું હતું. આરોપીઓ લૂંટના એક મહિના અગાઉ જ સુરત આવી ગયા હતા અને રાંદેર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા, પરંતુ લૂંટના બરાબર એક મહિના પહેલા જ તેમણે તે મકાન ખાલી કરી દીધું હતું જેથી તેમની ઓળખ છુપાવી શકાય. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ 16મી એપ્રિલના રોજ એરપોર્ટ રોડ પર લાગેલા ANPR (ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન) કેમેરામાં કેદ થયા હતા અને ત્યારબાદ જ્યારે લૂંટની ઘટના બની ત્યારે પણ તેઓ સીસીટીવી ફૂટેજમાં દેખાયા હતા, જેના આધારે પોલીસે તેમની કડીઓ મેળવી તપાસ તેજ કરી હતી.

સુરત SBI બેન્કમાં થયેલી લૂંટ મામલે SBI કર્મચારી 25 અને 26 તારીખે હડતાલ પર જવાના છે. લાંબા સમયથી બેંકમાં જરૂરી હોય તેવા વ્યક્તિઓની ભરતી કરવામાં આવતી નથી. એસબીઆઈ બેન્કમાં કેશ આપવા માટે ખાનગી એજન્સીને કોન્ટ્રાક આપવામાં આવ્યો છે. બેંકમાં કેસ આપનાર એજન્સી ગાર્ડ તો રાખે છે પણ બેંકની બહાર ઊભા રાખે છે કેસ જોડે અંદર લાવતા નથી. બેંકમાં કામ કરતા કર્મચારીઓ અને આવતા ગ્રાહકોની સુરક્ષા માટે બેંક દ્વારા કાયમી ધોરણે ભરતી કરવામાં આવતી નથી તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી મેનેજમેન્ટ સામે અનેક વખત રજૂઆત બાદ કામના થતા આખરે હડતાલનું શસ્ત્ર કર્મચારીઓ દ્વારા ઉગમવામાં આવ્યું છે પાંચથી વધુ લૂંટારૂઓ હથિયારો સાથે બેંકમાં ઘૂસીને લૂંટ કરી ફરાર




થયા હતા પ્રાપ્ત માહિતી અનુસાર વરાછા એલ.એચ.રોડ સ્થિત SBI બેંકની વરાછા બ્રાન્ચમાં સોમવારે ભરબપોરે પાંચથી વધુ લૂંટારૂઓ ખુલ્લા ચેહરામાં હથિયાર સાથે બેંકમાં ઘૂસ્યા હતા અને પિસ્તોલના નાળચે બેંકના સર્વિસ મેનેજર કિરણ પ્રકાશ ભોગે, કેશિયર અનિલ રાઠોડ, જુનિયર એસોસિએટ કાર્તિક પ્રજાપતિ ઉપરાંત ક્રેડિક કાર્ડનું કામ કરતી રિદ્ધિબેન અને પટાવાળા ગૌરવ ચૌધરી તથા ATMનો ગાર્ડ ગજેન્દ્ર પાટિલ ઉપરાંત બીજા છથી સાત ગાહકોને બંધક બનાવી અને ડરાવી ધમકાવી રોકડા 50 લાખ, બેંકકર્મી અને ગ્રાહકોના મોબાઈલ ફોન લૂંટી ત્રણ બાઈક પર નાસી ગયા હતા. સ્પલેન્ડર બાઈક પહેલા ચેચીસના કેટલાક નંબરો આધારે વરાછામાંથી ચોરી અનુમાન હતું. જોકે પોલીસે વધુ તપાસ કરતા સ્પ્લેન્ડર બાઈક સુરતના ખટોદરા વિસ્તારમાંથી ગત 15 ફેબ્રુઆરી રવિવારના રોજ ચોરી થયાનું સામે આવ્યું છે. જ્યારે પલ્સરના ચેસીઝ નંબર આરોપીઓએ હાર્ટ વસ્તુથી ઘસી નાખતા તેના એન્જિન નંબરના આધારે તપાસ કરતા તે બાઈક ગુજરાત રાજ્ય બહારની હોવાની શક્યતા સેવાઈ રહી છે. હાલ સુધી તેઓને પણ આરોપીઓને પકડવામાં નાકે દમ આવી ગયો છે. સાત દિવસથી ખુલ્લા ચહેરા સાથે બેંકમાં લૂંટ કરનાર આરોપીઓને પકડવા 120થી વધુ પોલીસ જવાનો પરસેવો પાડી રહી છે. હવે તો લૂંટારૂઓ કયા સમયે તથા કયા દિવસે અને ક્યારે પકડાશે એ જોવાનું રહ્યું છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, લૂંટારૂઓ રાંદેરમાં બોટનિકલ ગાર્ડન પાસે ઉગત ગામમાં આવેલા ભરવાડ વાસ પાસે રોકાયા હતાં. પોલીસે રૂમના માલિકની પૂછપરછ કરતાં એ યુવકોએ આધાર કાર્ડ સાથે એડવાન્સ ભાડુ ચૂકવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જોકે, લૂંટના 10 દિવસ પહેલા એટલે કે, 17 એપ્રિલે જ તેઓ રૂમ ખાલી કરી જતા રહ્યા હોવાની વાત પણ તેણે જણાવી હતી. રૂમ ભાડે રાખવા માટે લૂંટારૂઓએ આપેલા આધાર કાર્ડની તપાસ કરાતાં તે ફેક હોવાનું બહાર આવ્યું છે.બેંક લૂંટના આરોપીઓએ રીઢા બદમાશોને પણ ટપી જાય એવી ચોકસાઈ સાથે તેમણે આ SBI લૂંટકાંડ કર્યો હતો. લૂંટ દરમિયાન યુવકોએ કરેલી વાતચીતના આધારે તેઓ ઉત્તર પ્રદેશનાં વતની હોવાની શકયતાં પ્રાથમિક તપાસમાં બહાર આવી હતી. ત્યારબાદ પોલીસને લૂંટારૂઓ રોકાયા હતાં એ જગ્યા તથા ભાગ્યા એ રૂટ અંગે સીસી કેમેરાથી માહિતી મળી હતી.પોલીસે આ વિસ્તારોના મોબાઈલ ટાવરનાં ડેટા મેળવી ટેકનિકલ એનાલીસીસ કર્યું હતું. જેમાં ત્રણેક મોબાઈલ નંબર એવા મળ્યા કે જે લૂંટારૂઓની મૂવમેન્ટને મેચ કરતાં હતાં. આ ત્રણ નંબરને આધાર બનાવી પોલીસ આગળની તપાસ કરી રહી હોવાનું પણ જાણવા મળ્યું છે.પોલીસની ટીમો લુંટમાં વપરાયેલી બાઈકોના આધારે આરોપીઓ સુધી પહોંચવાનો તાળો મેળવી રહી છે પરંતુ હાલ સુધી તેઓને પણ આરોપીઓને પકડવામાં નાકે દમ આવી ગયો છે. સાત દિવસથી ખુલ્લા ચહેરા સાથે બેંકમાં લૂંટ કરનાર આરોપીઓને પકડવા 120થી વધુ પોલીસ જવાનો પરસેવો પાડી રહી છે. હવે તો લૂંટારૂઓ કયા સમયે તથા કયા દિવસે અને ક્યારે પકડાશે એ જોવાનું રહ્યું છે.

કમલમમાં ઝાલમુરી ઝાપટીને ભાજપ નેતાઓની ઉજવણી

# અમદાવાદના CG રોડના ફેમસ બંગાળી ઝાલમુરીવાળાએ મોજ કરાવી, વડોદરામાં યુવાનોએ મમતાના ફોટો પગથી કચડ્યો

ઝાલમુરીવાળાએ મોજ કરાવી

## જીતની ખુશીમાં વિશ્વકર્માએ કહ્યું- રવિન્દ્રનાથ ટાગોરે વંદે માતરમ ગીતની રચના કરી

• સુરત

પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામોમાં ભાજપ જીત તરફ જણાતા ગુજરાતના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના નેતાઓએ પશ્ચિમ બંગાળની પ્રખ્યાત વાનગી ઝાલમુરી ઝાપટીને અનોખી રીતે જીતની ઉજવણી કરી છે. વડોદરામાં યુવાનોએ મમતાના ફોટાને પગથી કચડ્યા હતાં. અમદાવાદના સીજી રોડ પરના ફેમસ કોલકાતા ચાટ નામના ઝાલમુરી બનાવનાર વ્યક્તિને ગાંધીનગર કમલમ ખાતે બોલાવવામાં આવ્યો હતો. રાજ્યના CM ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ઝાલમુરી ખાધી હતી.. જ્યારે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માએ જીતની ખુશીમાં ઝીભ લપશીને ભાંગરો વાટતા કહ્યું કે, રવિન્દ્રનાથ ટાગોરે વંદે માતરમ ગીતની રચના કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભારતના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ના રચયિતા પ્રખ્યાત બંગાળી લેખક અને કવિ બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય (ચેટર્જી)છે. તેને આ ગીત 1870ના દાયકામાં રચ્યું હતું અને તે મૂળરૂપે 1882માં તેમની પ્રસિદ્ધ નવલકથા 'આનંદમઠ'માં પ્રકાશિત થયું હતું.સીએમ ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્મા અને હર્ષ સંઘવીએ ઉજવણી કરી. સુરતમાં ફટાકડા ફોડીને ઉજવણી કરી. 'વિજયનો શ્રેય બંગાળની જનતા અને માતા બહેનોનો છે' -જગદીશ વિશ્વકર્મા


ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજે પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક પરિણામ બદલ ત્યાંની જનતાનો આભાર માનું છું. બંગાળની જનતા અને કાર્યકર્તાઓની જીત છે. દેશની 140 કરોડ જનતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કામ કરી રહ્યા ત્યારે આ વિજય થયો છે. પશ્ચિમ બંગાળની માતૃ શક્તિનો વિજય થયો છે. વડાપ્રધાન મોદીએ આખા દેશમાં વંદેમાતરમ ગવાય તેની નેમ ઉપાડી અને લોકોએ તેને પહોંચાડ્યું છે. આ વિજયનો શ્રેય બંગાળની જનતા અને માતા બહેનોનો છે. ગુજરાતમાં પેટા ચૂંટણીમાં ઉમરેઠમાં પણ ભાજપમાં વિજય થયો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પશ્ચિમ બંગાળમાં ભાજપની ભવ્ય જીતને લઈને જણાવ્યું હતું કે, દેશની જ્યાં સૌથી વધુ નજર હતી એવા પશ્ચિમ બંગાળમાં ભાજપની ભવ્ય જીત બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું. વિકાસની રાજનીતિ અને વિકસિત ભારતનો સંકલ્પ ખૂબ સારી રીતે આગળ વધી રહ્યો છે. ભાજપનો કાર્યકર્તા દરેક ચૂંટણીમાં મહેનત કરે છે ત્યારે દરેક કાર્યકર્તાને અભિનંદન પાઠવું છું.પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય જીતને લઈને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, બંગાળના નાગરિકોની ભવ્ય જીત થઈ છે. બંગાળના લોકોને જંગલરાજમાંથી મુકિત મળી છે. હવે બંગાળને દરેક યોજનાઓ મળશે. આજે બંગાળમાં ભાજપને ઐતિહાસિક જીત મળી છે. પશ્ચિમ બંગાળની જીત દેશની રાજનીતિની સૌથી મોટી અને ઐતિહાસિક જીત છે. ભાજપના તમામ સાથીઓને અભિનંદન આપું છું. અનેક લોકોએ માતા પિતા અને દીકરા દીકરી ગુમાવ્યા છે ત્યારે દરેકને અભિનંદન આપું છું. પાંચેય રાજ્યમાં દરેક કાર્યકર્તાઓએ કામ કર્યું એ સરાહનીય કામ છે. ઉમરેઠ વિધાનસભામાં જીત બદલ પણ અભિનંદન પાઠવું છું.બંગાળમાં ચૂંટણી પ્રચાર માટે ગયેલા કાર્યકર્તાઓએ ઉજવણી કરીસુરતના વિવિધ વિસ્તારોમાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને 'વંદે માતરમ', 'ભારત માતા કી જય' તેમજ 'જય શ્રી રામ'ના ગગનભેદી નારાઓ સાથે વાતાવરણ ગજવી દીધું હતું.આ વિજયોત્સવ દરમિયાન કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને એકબીજાનું મોઢું મીઠું કરાવીને પક્ષની જીતની ભવ્ય ઉજવણી કરી હતી. ચૂંટણીના આ સકારાત્મક વલણોને પગલે કાર્યકર્તાઓમાં નવો જોમ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# 5 લાખના નકલી સર્ટિફિકેટ કેસમાં પૂર્વ પોસ્ટ માસ્ટર નિર્દોષ:2010ના ચકચારી કેસમાં કોર્ટનો ચુકાદો

## પુરાવાના અભાવે કાળુભાઈ બારૈયાને છોડી મૂકવા હુકમ

• સુરત

સુરતની કતારગામ પોસ્ટ ઓફિસમાં વર્ષ 2010માં નોંધાયેલા રૂા. 5 લાખના બોગસ નેશનલ સેવિંગ સર્ટિફિકેટ (NSC) કેસમાં કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ કોર્ટે તત્કાલીન પોસ્ટ માસ્ટર કાળુભાઈ ગીગાભાઈ બારૈયાને નિર્દોષ જાહેર કર્યા છે. આ ચુકાદાથી છેલ્લા દોઢ દાયકાથી માનસિક અને કાનૂની સંઘર્ષ ખેલી રહેલા પૂર્વ અધિકારીને મોટી રાહત મળી છે. આ કેસની વિગત એવી છે કે, કતારગામ પોસ્ટ ઓફિસના તત્કાલીન પોસ્ટ માસ્ટર ચંદ્રવદન નાનુભાઈ દેસાઈએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપ હતો કે કાળુભાઈ બારૈયાએ વર્ષ 2008 થી 2009 દરમિયાન ફરજ પર હતા ત્યારે રોકાણકારો પાસેથી રૂા. 5 લાખ લઈને તેમને નેશનલ સેવિંગ સર્ટિફિકેટ આપ્યા હતા. જોકે, તપાસ દરમિયાન આ તમામ સર્ટિફિકેટ બોગસ હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો.




ચંદ્રવદન દેસાઈની ફરિયાદના આધારે પોલીસે કાળુભાઈ બારૈયા વિરુદ્ધ IPCની કલમ 420 (છેતરપિંડી), 465 (બનાવટ), 468 (છેતરપિંડીના હેતુથી દસ્તાવેજમાં ફેરફાર) અને 471 મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ઊંડી તપાસ બાદ આરોપીની ધરપકડ કરી હતી અને ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ લાંબા સમય સુધી સુરતની અદાલતમાં ચાલ્યો હતો.

ટ્રાયલ દરમિયાન સૌથી મહત્વનો પુરાવો હેન્ડરાઈટિંગ એક્સપર્ટનો રિપોર્ટ સાબિત થયો હતો. એક્સપર્ટના અભિપ્રાય મુજબ, બોગસ સર્ટિફિકેટ અને વિવાદિત દસ્તાવેજો પર રહેલી સહી કે લખાણ કાળુભાઈ બારૈયાના હોવાનું સાબિત થયું નહોતું. આ રિપોર્ટે પ્રોસિક્યુશનના કેસના પાયા હચમચાવી દીધા હતા અને આરોપીની તરફેણમાં મજબૂત આધાર પૂરો પાડ્યો હતો.બચાવ પક્ષે કોર્ટમાં દલીલ કરી હતી કે ફરિયાદી સાથે જૂની અદાવત હોવાને કારણે કાળુભાઈને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. વળી, ફરિયાદ પક્ષ એવો કોઈ પણ નક્કર પુરાવો રજૂ કરી શક્યું નહોતું જે સાબિત કરે કે આર્થિક લાભ કાળુભાઈએ મેળવ્યો હોય. તપાસમાં રહેલી અનેક ક્ષતિઓ અને વિરોધાભાસને ધ્યાને રાખી કોર્ટે કાળુભાઈ બારૈયાને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

# રાંદેર પોલીસ સ્ટેશનમાં પરિવારનો હોબાળો, પોલીસે પીધેલી હાલતમાં બુટલેગર સાથે મળી વેપારીને માર માર્યાનો આક્ષેપ

• સુરત

સુરતના રાંદેર પોલીસ સ્ટેશનમાં દાબેલીની લારી ચલાવતા એક આધેડને પોલીસકર્મીઓ અને બુટલેગરે માર માર્યાનો ગંભીર આક્ષેપ કરાયો છે. લારીધારકના પરિવારજનોએ રાંદેર પોલીસ સ્ટેશન પહોંચી હોબાળો મચાવતા મામલો ગંભીર બન્યો હતો. માર મારનારા પોલીસકર્મીઓ પીધેલી હાલતમાં હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. આક્ષેપ-પ્રતિ આક્ષેપો વચ્ચે પોલીસે સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી છે. સુરતના રાંદેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા થયા છે. આ સમગ્ર વિવાદની શરૂઆત 30 એપ્રિલના રોજ થઈ હતી. પીડિત મૃગેશભાઈ રમેશભાઈ ઠક્કર, જેઓ દાબેલીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમણે બબ્બન નામના વ્યક્તિને પોતાની એક્ટિવા આપી હતી. મૃગેશભાઈના જણાવ્યા અનુસાર, બબ્બન કથિત રીતે બુટલેગર છે અને દારૂના વ્યવસાય સાથે સંકળાયેલો છે. જ્યારે મૃગેશભાઈ પોતાની એક્ટિવા પરત માંગવા ગયા ત્યારે બબ્બન ઉશ્કેરાઈ ગયો હતો. આરોપ છે કે બુટલેગર પોતાની પહોંચના જોરે સામાન્ય નાગરિકોને ડરાવી રહ્યો હતો અને એક્ટિવાનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યો હતો. જ્યારે એક્ટિવા માંગવા મુદ્દે ઘર્ષણ વધ્યું, ત્યારે મૃગેશભાઈએ સુરક્ષા માટે પોલીસ હેલ્પલાઈન 112 પર કોલ કર્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે ચોક બજાર પોલીસની 112 વાન ઘટનાસ્થળે પહોંચી હતી. બીજી તરફ, કથિત બુટલેગર બબ્બને પણ 112 પર ફોન કર્યો અને રાંદેર પોલીસની વાન ત્યાં આવી પહોંચી. રાંદેર પોલીસે મૃગેશભાઈની વાત સાંભળવાને બદલે તેમને અને બબ્બનને પોલીસ સ્ટેશન લઈ જવાની તજવીજ હાથ ધરી હતી. પીડિતના પરિવારે આક્ષેપ કર્યો છે કે પોલીસ શરૂઆતથી જ બુટલેગરની તરફેણમાં હોય તેવું વર્તન કરી રહી હતી.રાંદેર પોલીસ સ્ટેશનમાં જે દ્રશ્યો સર્જાયા તે લોકશાહીમાં સુરક્ષા આપતી પોલીસ માટે શરમજનક છે.

# AURO યુનિવર્સિટીમાં મેંગો ફેસ્ટિવલ શરૂ:દક્ષિણ ગુજરાતના 125 ખેડૂતોએ 72 જાતો પ્રદર્શિત કરી

• બારડોલી

AURO યુનિવર્સિટી ખાતે ગુજરાત વાઈબ્રન્ટ એક્ઝિબિશનમાં ગુજરાત એગ્રો અને બાગાયત વિભાગ, ગાંધીનગર દ્વારા મેંગો ફેસ્ટિવલ અને મેંગો વેરાયટીઓનું મેગા એક્ઝિબિશન યોજાયું છે. આ આયોજન અંતર્ગત દક્ષિણ ગુજરાતના 7 જિલ્લામાંથી આશરે 125 ખેડૂતોએ કેરીની 72 જેટલી વિવિધ જાતોના નમૂના રજૂ કર્યા હતા. જિલ્લાના આશરે 40થી 50 ખેડૂતો પોતાની રસાયણિક ખાતર અને દવા વિનાની ઝેરમુક્ત પ્રાકૃતિક ખેત પદ્ધતિથી તૈયાર કરેલી કેરી વેચાણ માટે સ્ટોલમાં ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતો દ્વારા કેસર, રાજાપુરી, વનરાજ, હાફુસ, દશેરી જેવી વિવિધ જાતો ગ્રાહકોને સીધા વેચાણ માટે સ્ટોલ ઉપર મૂકવામાં આવી છે. આ અવસરે આયોજિત સેમિનારમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતોને નફાકારક ખેતી કરવા માટે સરકાર દ્વારા અમલીકૃત વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે નેટહાઉસ અને ગ્રીનહાઉસમાં ખેતી કરીને ઓછી જમીનમાંથી મબલખ આવક મેળવવા માટે પણ પ્રોત્સાહન આપ્યું હતું. કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, બાગાયત વિભાગ દ્વારા 65% સબસિડી અને ગુજરાત સરકાર દ્વારા 35% લોન આપવામાં આવશે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ, સુરત, ફોન નંબર: 0261-2655948 ખાતે રૂબરૂ સંપર્ક સાધવા નાયબ બાગાયત નિયામક દ્વારા અનુરોધ કરાયો છે. આ પ્રદર્શન 5 મે સુધી ખુલ્લું રહેશે.

સસ્તું સોનું આપવાના બહાને ચલણી નોટ સાઈઝની કાગળની થપ્પીઓ આપી, રિક્ષામાં ડેમો આપ્યો'ને બંગાળી ગેંગનો ભાંડો ફૂટ્યો

# સુરતમાં નકલી નોટ બનાવવાના રેકેટનો પર્દાફાશ, LIVE ડેમો

• સુરત

સુરત શહેરમાં સસ્તું સોનું આપવાના બહાને છેતરપિંડી આચરી બાદમાં નકલી નોટો બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. લસકાણા પોલીસે બાતમીના આધારે ડાયમંડ નગરમાં દરોડો પાડી ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ શખ્સોએ ફરિયાદી પાસેથી રૂ. 3 લાખ પડાવ્યા બાદ વધુ 5 લાખની માંગણી કરી નકલી નોટ બનાવવાનો ડેમો આપ્યો હતો. ઘટનાની વિગત મુજબ, પાસોદરા વિસ્તારમાં રહેતા અને જમીન દલાલી કરતા રતીલાલ નાથાણીને તેમના મિત્ર મારફતે સંજય દતા અને મુન્નાસિંહ નામના શખ્સોનો સંપર્ક થયો હતો. આ શખ્સોએ પોતાની પાસે સસ્તું સોનું હોવાનું જણાવી રતીલાલને વિશ્વાસમાં લીધા હતા. સોનું છોડાવવાના બહાને આરોપીઓએ સુરત રેલવે સ્ટેશન પાસે ફરિયાદી પાસેથી રૂ. 3 લાખ પડાવી લીધા હતા. પૈસા પડાવ્યા બાદ આરોપીઓએ વધુ રૂ. 5 લાખની માંગણી કરી હતી અને રકમ ત્રણ ગણી કરી આપવાની લાલચ આપી હતી. વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ડાયમંડ નગર ખાડી પાસે એક રીક્ષામાં રતીલાલને અસલી નોટ પર કેમિકલ નાખી, કોરા કાગળ વચ્ચે મૂકી રોલ ફેરવીને નકલી નોટ જેવી જ નોટ તૈયાર કરવાનો ડેમો બતાવ્યો હતો.

આરોપીઓએ ડાયમંડ નગરમાં એક મકાનના ત્રીજા માળે ખાલી હોલમાં નોટો છાપવા માટે ફરિયાદીને બોલાવ્યા હતા. જોકે, આ કામ ગેરકાયદે હોવાનું સમજાતા રતીલાલે તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો. લસકાણા પોલીસે સ્થળ પર દરોડો પાડી સંજય પંચકરી દતા (રહે. સલાબતપુરા, મૂળ પશ્ચિમ બંગાળ), મુન્નાસિંહ મહીપાલસિંહ રાજપુત (રહે. પાંડેસરા, મૂળ યુપી), સુરેશ ગંગાધર મુસારે (રહે. અહમદનગર, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી.

પોલીસ પૂછપરછમાં આરોપીઓની ખતરનાક મોડસ ઓપરેન્ડીનો ખુલાસો થયો છે. તેઓ લોકોને નોટ ડબલ કે ત્રણ ગણી કરી આપવાની લાલચ આપતા હતા. પોટેશિયમ પરમેંગેનેટના સોલ્યુશનથી તેઓ નોટને કાળી કરી દેતા હતા. કેમિકલવાળી કાળી નોટ સાફ કરીને અસલી નોટમાં બદલી નાખવાની 'હાથની સફાઈ' બતાવી તેઓ લોકોને વિશ્વાસમાં લેતા કે કાગળમાંથી નોટ બની જશે. આરોપીઓ પાસેથી 1 કરોડના મૂલ્યના (500ની નોટના માપના) કોરા કાગળ અને કેમિકલની બોટલો મળી આવી છે. ઝડપાયેલા આરોપીઓ રીઢા ગુનેગાર હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં ખૂલેલી વિગતો મુજબ આરોપીઓ મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી છે. તેઓએ અગાઉ ઔરંગાબાદમાં 7 લાખ અને કોલકાતામાં 50 હજારથી 3 લાખ સુધીની અનેક છેતરપિંડી આચરી છે. તેઓ ખાસ સુરતના વેપારીઓને ટાર્ગેટ કરવાના ઈરાદે જ અહીં આવ્યા હતા. આ મુદ્દે લસકાણા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પીઆઈ મીનાબા ઝાલાએ જણાવ્યું હતું કે, ફરિયાદીએ આપેલી માહિતી પ્રમાણે પોલીસે રેડ કરી હતી. જ્યાંથી કાગળ અને ત્યાં અલગ-અલગ પ્રકારનું કેમિકલ તેમજ જે આરોપી સંજય ઉર્ફે બંગાળી છે તેના ખિસ્સામાંથી 500ના દરની ત્રણ ફેક કરન્સી મળી આવી હતી. ત્યાંથી અલગ-અલગ કલરની દેખાઈ આવતા એને ફેક કરન્સી ગણી અને જે કોરા કાગળો મળી આવ્યા હતા કે જેની 500ની નોટના છાપમાં આવે અને છાપવામાં આવે તો 1 કરોડ રૂપિયાની કરન્સી 500ની છપાય તે અને આ કેમિકલ કબજે કરવામાં આવ્યું છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## હવે યુદ્ધ ક્યાં પહોંચ્યું ?

ઈરાન સામેનું યુદ્ધ હોર્મુઝની સામુદ્રધુની અને ઓમાનના અખાતમાં ઘોર અહંકારની ટક્કરમાં પરિણમ્યું છે. ઈચ્છાશક્તિની આ લડાઈ સામસામી નૌકાદળની નાકાબંધી અને રાજદ્વારી અંતરાયો ઊભા કરે છે. યુએસ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આદેશ આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં લેન્ડમાઈન નાખતા કોઈપણ ઈરાની જહાજને જોતાં જ ઉડાવી દેવામાં આવે. અગાઉ, એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી કે હોર્મુઝ સ્ટ્રેટ નજીકની ગુફાઓમાં ઈરાની સૈનિકો તૈયાર છે. આ નિવેદનો સ્પષ્ટપણે દર્શાવે છે કે બંને પક્ષો એકબીજાને ઉશ્કેરી રહ્યા છે. આ ખાડી યુદ્ધમાં ડોનાલ્ડ ટ્રમ્પની નાટ્યાત્મકતા સ્વયં એક શસ્ત્રનું કામ કરે છે જેને કારણે ક્રમશઃ મગર જેમ શિકારને પાણીમાં તાણી જાય એમ ગુપ્ત બુદ્ધિમાન ટ્રમ્પ ઈરાનને યુદ્ધમાં ઊંડે ને ઊંડે તાણી લઈ જઈ રહ્યા છે. દુષ્ટ ટ્રમ્પની ચાલ ઓળખવા માટે ઈરાને શેતરંજના સો દાવ શીખવા પડે એમ છે. આ કોઈ આસાન રાષ્ટ્ર વડો નથી. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ પછી હોર્મુઝની સામુદ્રધુની દ્વારા ટ્રાફિકના મુક્ત પ્રવાહને અસરકારક રીતે અવરોધિત કરનાર ઈરાને આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર પોતાનો નિયંત્રણ હળવો કરવાનો ઈનકાર કર્યો છે. અમેરિકાનું કહેવું છે કે સમાધાન ન થાય ત્યાં સુધી ઈરાની બંદરો પર તેની નાકાબંધી ચાલુ રહેશે. ગયા અઠવાડિયે, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સીધી વાટાઘાટોના પ્રથમ રાઉન્ડમાં મધ્યસ્થી કરવા માટે પાકિસ્તાનની યાત્રા કરી હતી, પરંતુ પછીથી ઈરાને વોશિંગ્ટન સાથે વધુ સીધી વાટાઘાટો કરવાનો ઈનકાર કર્યો હતો. વ્હાઈટ હાઉસે અગાઉ કહ્યું હતું કે તે ખાસ દૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને ઈસ્લામાબાદ મોકલશે, પરંતુ ટ્રમ્પે ગંધ આવી જતા એમને મોકલ્યા ન હતા. વારંવાર કહ્યું છે કે ઈરાન સોદો ઈચ્છે છે. તેમ છતાં, તેહરાન લેબનોન પર ઈઝરાયલી હુમલાઓ અને ઓમાનના અખાત પર અમેરિકાની નાકાબંધીનો ઉલ્લેખ કરીને અમેરિકા સાથે વાટાઘાટો કરવાનો ઈનકાર કરવાનું ચાલુ રાખે છે.કાગળ પર, લેબનોનમાં યુદ્ધવિરામ લાગુ છે, અને ટ્રમ્પે આ મહિનાની શરૂઆતમાં કહ્યું હતું કે ઈઝરાયલને તે દેશ પર હુમલો કરવાનો પ્રતિબંધ છે, પરંતુ ઈઝરાયલી હવાઈ હુમલા ચાલુ છે. ટ્રમ્પે નાકાબંધી હટાવવા માટે કોઈ ઉતાવળ બતાવી નથી. તેમનું માનવું છે કે સતત આર્થિક દબાણ ઈરાનને તેનું વલણ બદલવા માટે દબાણ કરશે અથવા તેનું આર્થિક પતન તો ચાલુ જ રહેશે. એકમાત્ર આશાસ્પદ બાબત એ છે કે હજાર વાંધાવચકા વચ્ચેય ૮ એપ્રિલે જાહેર કરાયેલ ઈરાન યુદ્ધવિરામ યથાવત છે. તેમની અનેક ધમકીઓ છતાં, ટ્રમ્પે ઈરાન દ્વારા પસયન ગલ્ફમાં જહાજો કબજે કર્યા પછી પણ કોઈ પગલાં લીધા નથી. દરમિયાન, ઈરાની ટેન્કર જપ્ત કરવા બદલ બદલો લેવાની અમેરિકાની ચેતવણી છતાં તેહરાને પણ કોઈ પગલાં લીધા નથી.બંને પક્ષોએ પોતાથી અધિક દુર્જન પાકિસ્તાન દ્વારા રાજદ્વારી સંપર્ક જાળવી રાખ્યો છે. રાજદ્વારીનો વિકલ્પ વિનાશ છે. અમેરિકા અને ઈઝરાયલે ૪૦ દિવસ સુધી ઈરાન પર બોમ્બમારો કર્યો, પરંતુ મોટા હુમલા ને હત્યાઓ છતાં કોઈ ઈચ્છિત વ્યૂહાત્મક પરિણામો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા. અને હવે આ ગેરકાયદે યુદ્ધના વૈશ્વિક આર્થિક પરિણામો અનુભવાઈ રહ્યા છે. રાજદ્વારી સફળ થવા માટે, ટ્રમ્પ અને ઈરાની નેતૃત્વએ તબક્કાવાર અભિગમ અપનાવવો જોઈએ. આ યુદ્ધે પ્રદેશની વ્યૂહાત્મક વાસ્તવિકતાઓ બદલી નથી તેવો ડોળ કરવાને બદલે, અમેરિકાએ મુખ્ય મુદ્દાઓ પર કરારોના બદલામાં ઈરાનને નક્કર છૂટછાટો આપવી જોઈએ. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ સ્થાપિત કરીને અમુક અંશે નિરોધકતા દર્શાવી છે. પરંતુ જો તે વાણિજ્યિક ટ્રાફિકને વિક્ષેપિત કરવાનું અને વૈશ્વિક અર્થતંત્રને વધુ નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખે છે, તો તે નબળા પક્ષ તરીકે મેળવેલી સદભાવના ગુમાવવાનું જોખમ લે છે.પહેલું વ્યવહારુ પગલું પરસ્પર તણાવ ઓછો કરવાનો રહેશે. અમેરિકાએ તેનો નાકાબંધી હટાવવી જોઈએ અને ઈરાને વ્યાપારી જહાજો માટે સ્ટ્રેટ ફરીથી ખોલવો જોઈએ. આ બાબત નાજુક યુદ્ધવિરામને પણ મજબૂત બનાવશે અને વિશ્વાસ બનાવશે. વધુમાં, તે પરમાણુ કાર્યક્રમ સહિત તમામ બાકી મુદ્દાઓ પર સીધી વાટાઘાટોના આગામી રાઉન્ડ માટે માર્ગ મોકળો કરશે.

# બંગાળ : મમતા બેનરજીની સત્તા નહીં દીદીનું સામ્રાજ્ય હલાવવું પડે

### નંદીગ્રામ વિવાદથી લોકો માટે લડવા મેદાનમાં ઉતરેલા મમતાની દીદી તરીકેની છાપને પરાજય આપવો કપરો છે




**બંગાળમાં ઘણી મોટી સમસ્યાઓ છે, બેરોજગારી છે, ગરીબી છે, હિંસા અને ભયનું સામ્રાજ્ય છે, ઘુસણખોરીની સમસ્યા છે આ બધા વચ્ચે જ્યારે લોકલાગણીની વાત આવે છે ત્યારે દીદી તો પોતાની છે. દીદીને કાયમ ઈનસાઈડરનું જ બિરુદ મળેલું છે જ્યારે બાકીના તમામ પક્ષોના નેતાઓને આઉટસાઈડર જ માનવામાં આવે છે : દીદીની આવડત ગણો કે કોઠાસુઝ કે પછી કૂટનીતિ પણ તે લોકોની નસ પકડી જાણે છે. તેમણે ચૂંટણીને ક્યારેય રાજકીય મુદ્દો રહેવા જ નથી દીધો. તેમણે કાયમ બંગાળની ચૂંટણીને લાગણી, સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જોડી છે અને તેના કારણે તેમની અલગ જ વોટબેંક ઊભી થયેલી છે. લોકોએ સાબિત કરી આપ્યું છે કે, કદાચ હારજીતમાં માર્જીન ઓછું રહી શકે પણ જ્યારે દીદીની વાત આવે ત્યારે સન્માન અને સમર્પણ કાયમ દીદી પ્રત્યે જ હોય છે.**

પાંચ વિધાનસભાઓમાં ક્યાંક સત્તા પરિવર્તન તો ક્યાંક સત્તાનું પૂનરાવર્તન થવાના વરતારા ચાલી રહ્યા છે. આ બધા વચ્ચે દેશ અને દુનિયાની નજર પશ્ચિમ બંગાળ ઉપર છે. વાત એવી છે કે, પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવો ફણગો ફુટેલો છે. કેટલાક રાજકીય તજજ્ઞો માને છે કે, બંગાળમાં આ વખતે ટીએમસી સરકાર સામે એન્ટિ ઈન્કમ્બન્સી વધારે અસર કરે તેવું દેખાઈ રહ્યું છે. બીજી તરફ તૃણમુલ કોંગ્રેસના પીઢ નેતા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું નામ પડતાં જ સમીકરણો બદલાઈ જાય છે. સરકાર સામે, સીએમ સામે, તંત્ર સામે કે રાજકારણ સામે લોકોમાં ભલે આક્રોશ હોય પણ બંગાળી પ્રજા ક્યારેય મમતા દીદીથી નારાજ થઈ નથી. કોઈપણ પણ હોય તે મમતા બેનરજીની સરકારને ટક્કર આપી શકે પણ મમતા દીદીના લોકચાહનાના સામ્રાજ્યમાં સેંધ મારી શકે તેવું બન્યું નથી. આ વખતે દરેક પક્ષોએ આ કિલ્લાના કાંગરા ખેરવવા પ્રયાસ કર્યો છે. ડાબેરીઓ હોય કે ભાજપ હોય તેમના નેતાઓ દ્વારા કરાતા વાયદા, કરાતી રજૂઆતો કે પછી રાજકીય કૂટનીતિ બધું જ મમતા દીદીના લાગણી આગળ નબળા પડી જાય છે.

બંગાળમાં ઘણી મોટી સમસ્યાઓ છે, બેરોજગારી છે, ગરીબી છે, હિંસા અને ભયનું સામ્રાજ્ય છે, ઘુસણખોરીની સમસ્યા છે આ બધા વચ્ચે જ્યારે લોકલાગણીની વાત આવે છે ત્યારે દીદી તો પોતાની છે. દીદીને કાયમ ઈનસાઈડરનું જ બિરુદ મળેલું છે જ્યારે બાકીના તમામ પક્ષોના નેતાઓને આઉટસાઈડર જ માનવામાં આવે છે. તેના કારણે જ બંગાળનું રાજકારણ અલગ સ્તરે રહેલું છે. દરેક પક્ષ પાસે પોતાના કરામાતી અને કરિશ્માઈ નેતાઓ છે અને તેની લોકમાનસ ઉપર અલગ જ છાપ છે તેમ છતાં આ નેતાઓ પણ બંગાળમાં આવીને બંગાળી પ્રજાની દીદીને હંફાવી શકતા નથી.

દીદીની આવડત ગણો કે કોઠાસુઝ કે પછી કૂટનીતિ પણ તે લોકોની નસ પકડી જાણે છે. તેમણે ચૂંટણીને ક્યારેય રાજકીય મુદ્દો રહેવા જ નથી દીધો. તેમણે કાયમ બંગાળની ચૂંટણીને લાગણી, સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જોડી છે અને તેના કારણે તેમની અલગ જ વોટબેંક ઊભી થયેલી છે. તેના કારણે જ ચૂંટણીઓ ઉપર નજર કરીએ તો ગત ચૂંટણી જ તેનું ઉદાહરણ હતી. ભવાનીપુરે તેનું મોટું ઉદાહરણ પૂરું પાડયું હતું. લોકોએ સાબિત કરી આપ્યું છે કે, કદાચ હારજીતમાં માર્જીન ઓછું રહી શકે પણ જ્યારે દીદીની વાત આવે ત્યારે સન્માન અને સમર્પણ કાયમ દીદી પ્રત્યે જ હોય છે.

સીધી રીતે જોવા જઈએ તો બંગાળમાં ઘણા સમયથી ભાજપ મુદ્દાનું રાજકારણ કરી રહ્યું છે. બીજી તરફ ડાબેરીઓ અને કોંગ્રેસ પાસે તો નક્કર કોઈ મુદ્દા જ નથી. બીજી તરફ દીદીએ ઓળખ અને વારસાનું રાજકારણ ચાલુ રાખ્યું છે.

દાયકાઓથી તે બંગાળી ઓળખ સાથે જ રાજકારણમાં




સક્રિય છે અને તેના કારણે જ બાકીના પક્ષોના અભિયાન સફળ થતા નથી. બંગાળના રાજકારણમાં સૌથી મોટો તાકાત પાર્ટી નથી પણ એવો નેતા છે જે લોકો સાથે જોડાયેલો છે અને લોકોને પોતાનો લાગે છે. દીદી રાજકારણનું આ સૌથી મોટું ફેક્ટર છે. આ સિવાય દીદીના વ્યક્તિત્વની વાત કરવામાં આવે તો પ્રજાના મનમાં એક વાત સ્પષ્ટ છે કે, દીદી બેદાગ નેતા છે. મતદારો અને પ્રજાને સરકાર સામે ભારે રોષ છે પણ જ્યારે મતદાન થાય છે ત્યારે આ ગુસ્સો, આક્રોશ કે અણગમો કશું જ મતદાનમાં દેખાતું નથી. મમતા દીદીને તેઓ પ્રેમ જ કરે છે.

સામાન્ય વ્યક્તિમાંથી લોકચાહના મેળવનાર નેતા સુધી દીદીની સફર રસપ્રદ, રોમાંચક છે. બંગાળમાં દીદીની છબી જ એવી છે કે, લોકો ટીએમસી કરતા દીદી ઉપર વ્યક્તિગત વિશ્વાસ વધારે કરે છે. મમતાની આ આવડત ગણો કે જાડાણ પણ તે પ્રજાથી અને પ્રજા તેમનાથી અલગ થતા જ નથી. કોલકાતાના રસ્તા હોય કે પછી બંગાળના નાના ગામડાઓ તેઓ ખુલ્લેઆમ પ્રજા વચ્ચે જઈને ફરે છે, તેમની સાથે નૃત્ય કરે છે, તેમની સાથે વાતો કરે છે અને તેથી લોકોને લાગે છે કે દીદી આજે પણ તેમની વચ્ચે જ છે. એન્ટી ઈન્કમ્બન્સીની અસર કદાચ ટીએમસીની બેઠકો ઉપર દેખાતી હશે પણ ક્યારેય દીદી ઉપર દેખાઈ નથી. સિંગૂર-નંદીગ્રામના વિવાદે મમતા બેનરજીને મમતા દીદીની છબી આપી હતી. લોકોને ત્યારે સમજાઈ ગયું હતું કે, દીદી આપણી છે અને તે ગમેતેના માટે લડત આપે તેવી છે. અહીંયાથી બંગાળી વારસો, લાગણી અને અસ્મિતાનું જોડાણ શરૂ થઈ ગયું. તે ચૂંટણીને ઈમોશનલ બનાવી દે છે અને તેના કારણે જ સરકારી કામગીરી કે નારાજગી સાઈડલાઈન થઈ જાય છે અને દીદી એટલે ઈનસાઈડર અને બાકી બધા આઉટસાઈડરનો મુદ્દો આવી જાય છે. તેના કારણે ચૂંટણીનું નેરેટિવ જ બદલાઈ જાય છે. દીદી ફરી એક વખત સત્તા ઉપર આવી જાય છે. બીજી મોટી વાત એ છે કે, અહીંયા ચૂંટણી માટે આવનારા નેતાઓ પણ ક્યારેય મમતા દીદી વિશે ખોટી કે મુદ્દાથી વિપરિત વાત કરતા નથી. તેઓ જાણે છે કે, દીદીનું કનેક્શન પ્રજાના દિલ સાથે છે. ભાજપ, કોંગ્રેસ કે ડાબેરી નેતાઓ અનેક જનસભાઓ સંબોધે, બેઠકો કરે, પબ્લિક મિટિંગ કરે પણ તેઓ કાયમ સરકારની કામગીરીઓ, તેની નિષ્ફળતાઓની વાતો કરે છે. તેઓ ભ્રષ્ટાચાર, ભય, બેરોજગારી, હિંસા, ઘુસણખોરીની વાત કરશે પણ ત્યારેય દીદી વિશે ઘસાતું નહીં બોલે. તેઓ પરિવર્તનની વાત કરશે પણ દીદીને હાંકી કાઢવાનું સીધું અને સટ ઉચ્ચારણ ક્યારેય નહીં કરે.પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી થઈ અને તેમાં રેકોર્ડ તોડ મતદાન થયું. હાલમાં એવું જ લાગી રહ્યું છે કે, ટીએમસી સરકારથી નારાજ લોકોએ ખોબલે ખોબલે મતદાન કર્યું છે અને આ વખતે પરિવર્તનનો પવન ફંકાશે. બીજી તરફ મમતા બેનરજી અને ટીએમસીએ ચૂંટણીમાં ગરબડ અને ઈવીએમ સાથે ચેડાંના આરોપો મુક્યા છે. તેમનો આરોપ છે કે, બહારથી આવેલા ઓબ્ઝર્વર અને સુરક્ષાની જવાબદારી ધરાવતા અધિકારો પણ નિષ્પક્ષ રહ્યા નથી. તેમને માહોલ ખરાબ કરવાનો પ્રયાસ કર્યાના પણ આરોપો મુકાયા છે. આ બધા વચ્ચે લોકોની નજર ભવાનીપુરની બેઠક ઉપર છે.

# પડોશી દેશોમાં ઈથેનોલ નિકાસ કરવાથી દેશમાં પાણી સંકટ વધશે

નવીદિલ્હી: ઈંધણમાં ઈથેનોલના મિશ્રણ બાબતે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી વારંવાર વિવાદમાં ફસાયા છે. પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ થાય છે એની લાંબાગાળાની અસર ખબર નથી. જોકે ઈથેનોલનો ઉપયોગ વધતા ખેડૂતો હવે ઈથેનોલ મળે એવા પાકનું ઉત્પાદન વધારી રહ્યા છે જેમાં પાણીની ખૂબ વધુ જરૂરિયાત રહે છે. ભારતે હવે દક્ષિણ એશિયાના દેશોમાં ઈથેનોલની નિકાસ કરવાનું નક્કી કર્યું છે. હમણા ભારત નેપાળ સાથે ઈથેનોલની નિકાસ કરવાની વાતચીત કરી રહ્યું છે. હમણા ઈથેનોલની નિકાસ કરવા પર પ્રતિબંધ છે, પરંતુ હવે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવશે. સરકારના દાવા પ્રમાણે ઈથેનોલની નિકાસ કરવાથી ગ્રામિણ અર્થવ્યવસ્થા મજબૂત થશે અને ખેડૂતોની આવક વધશે. આ દાવામાં કેટલું સત્ય છે એ તો ભવિષ્યમાં જ ખબર પડશે, પરંતુ જેમ જેમ ઈથેનોલનું ઉત્પાદન વધશે તેમ તેમ દેશમાં પાણીનું સંકટ પણ વધશે.

ભારતનું વિદેશ મંત્રાલય બાંગ્લાદેશ સાથે સંબંધો સુધારવાની લમણાઝીક કરે છે. નવાઈ લાગે એવી વાત છે કે, ભાજપના જ એક મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમા ભારત-બાંગ્લાદેશ વચ્ચે સારા સંબંધ ઈચ્છતા નથી. મીડિયાને આપેલી એક મુલાકાતમાં એમણે કહ્યું છે કે, 'ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સારા સંબંધો નહીં હોય એ વાત મને સારી લાગે છે. એનું કારણ એ છે કે, બંને વચ્ચે સારા સંબંધની સ્થિતિમાં ભારત



સરકાર ગેરકાયદેસર ઘુસેલા બાંગ્લાદેશીઓના પુશબેકનું સમર્થન નથી કરતી. બંને દેશો વચ્ચે દુશ્મની હોય એ આસામના લોકોને ગમે છે. બંને દેશોના સંબંધ સુધર્યા પછી બીએસએફ (બોર્ડર સિક્યુરીટી ફોર્સ) અને બીડીઆર (બાંગ્લાદેશ રાઈફલ્સ)ના જવાનો હાથ મેળવે છે જે આસામ માટે ખતરનાક છે.' પુશબેકની પદ્ધતિ જાણવા જેવી છે. બાંગ્લાદેશથી ઘુસણખોરી કરનારને જ્યારે બીએસએફ પકડે છે ત્યારે થોડા સમય પછી જ્યારે બીડીઆરના જવાનો નહીં હોય ત્યારે એમને ફરીથી બાંગ્લાદેશ મોકલી આપે છે. આ પ્રક્રિયાને પુશબેક કહેવાય છે.

રાજધાની દિલ્હીમાં ટ્રાફિકની સમસ્યા ખુબ મોટી છે. ટ્રાફિક મામલે દિલ્હી વિશ્વનું એક સૌથી ગીચ શહેર છે. હવે દિલ્હીની ટ્રાફિક પોલીસે આ સમસ્યાનું નિરાકરણ લાવવાનું નક્કી કર્યું છે. દિલ્હીના મેટ્રો સ્ટેશનની આજુબાજુ હવે ટ્રાફિક જામ દેખાશે નહીં. મેટ્રો સ્ટેશનોની આસપાસ જામ થતો ટ્રાફિક ઓછો કરવા માટે સરક્યુલેશન પ્લાન અમલ કરવામાં આવશે. એ માટે સરવે થઈ રહ્યો છે. સરવેના રિપોર્ટ પ્રમાણે જે મેટ્રો સ્ટેશનની બહાર સતત ટ્રાફિક જામ રહે છે ત્યાં આ ટ્રાફિક પ્લાન લાગુ કરવામાં આવશે. દિલ્હી મેટ્રો ૪૧૬ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલી છે અને કુલ ૩૦૩ મેટ્રો સ્ટેશનો છે. આ મેટ્રો સ્ટેશનો પર ઈ-રીક્ષા અને ઓટોના સ્ટેન્ડ આવ્યા હોય છે. આ નાના વાહનો મેટ્રોની આસપાસ આવેલા વિસ્તારો સાથે મેટ્રો સ્ટેશનને જોડે છે. મોટા ભાગના મુસાફરો આ નાના વાહનો પર નિર્ભર રહે છે. હવે આ નાના વાહનો માટે પાર્કિંગની અલગ વ્યવસ્થા બનાવવામાં આવશે.

દિલ્હીમાં વસ્તીગણતરી ૨૦૨૭ની ડિજીટલ શરૂઆત થઈ ગઈ છે. આ આખી પ્રક્રિયા ઓનલાઈન છે અને ૨૦ મિનિટમાં ૩૩ સવાલના જવાબ આપીને પુરી થઈ શકે છે. દિલ્હીમાં વસ્તીગણતરી ૨૦૨૭ દેશની પહેલી ડિજીટલ વસ્તીગણતરી હશે. લોકો ઘરે બેઠા મોબાઈલ ફોનથી કે કોમ્પ્યૂટર મારફતે પોતાની જાણકારી આપી શકશે. સરકારનું કહેવું છે કે ડિજીટલને કારણે દરેક વ્યક્તિની ગણતરી સુનિશ્ચિત થશે. સાચો ડેટા મળી શકશે. ચોક્કસ આંકડાને આધારે સ્કૂલ, હોસ્પિટલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની યોજના બનાવી શકાશે. દિલ્હીના લોકો આ પ્રક્રિયામાં વધુ પ્રમાણમાં જોડાય એ માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. એમસીડીના ૨૫૦ વોર્ડમાં ૧૫મી મે સુધી સ્વગણના થશે. સવારે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકો પોર્ટલ પર લોગઈન કરીને પ્રક્રિયા પુરી કરી શકશે. દરેક કુટુંબ માટે એક જ વખત લોગઈન થવુ જરૂરી હશે. જેમાં કુટુંબની કોઈપણ એક વ્યક્તિના મોબાઈલથી રજીસ્ટ્રેશન થઈ શકશે.

હિન્દુ ધર્મના આસ્થાળુઓ માટે પ્રયાગરાજ ખૂબ અગત્યનું સ્થળ છે. સંગમ નગરીની લાઈફલાઈન કહેવાતા પ્રયાગરાજ જંકશનની તસવીર હવે બદલાઈ જવાની છે. જંકશનથી 'સીટી સાઈટ' (લીડર રોડ તરફ) જનાર યાત્રીઓ માટે ખુશખબર છે. સામાન્ય રીતે સ્ટેશનની બહાર હંમેશા ટ્રાફીક જામ રહે છે. રેલવે પ્રશાસને હવે આ ટ્રાફીક જામ ઓછો કરવા માટે એક મેગા પ્લાન તૈયાર કર્યો છે. યોજના પ્રમાણે જંકશનના કમ્પાઉન્ડમાં એક અત્યાધુનિક અંડરગ્રાઉન્ડ પાર્કીંગ બની રહ્યું છે. આ કારણે રેલવે સ્ટેશનની સુંદરતા તો વધશે જ, પરંતુ યાત્રીઓની તકલીફ પણ ઓછી થશે. અત્યાર સુધી સ્ટેશનની બહાર ઉભી રહેતી ગાડીઓને કારણે પગે ચાલનાર યાત્રીઓને ખુબ તકલીફ પડતી હતી. નવા આયોજન પ્રમાણે સ્ટેશનના મુખ્ય દરવાજાની સામે હવે કોઈ વાહન ઉભુ રહી શકશે નહીં. વાહનો માટે મુખ્ય ગેટની પાસે જ એક નવો રસ્તો બનાવવામાં આવી રહ્યો છે.

ભાજપના સાંસદ નિશિકાંત દુબે વિવાદાસ્પદ નિવેદનો કરવા જાણીતા છે. નિશિકાંત દુબેને એકાએક ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી યાદ આવી છે. એમણે કટોકટીના સમયને કાળો સમય ગણાવ્યો હતો. એ વખતની ઘટનાઓને યાદ કરતા દુબેએ અભિનેત્રી અને કાર્યકર્તા સ્નેહલતા રેડ્ડીની ધરપકડ અને જેલમાં એમની સાથે થયેલા વર્તાવને યાદ કર્યો હતો.

## ઈરાન યુદ્ધની અસરમાંથી ભારત બાકાત રહ્યું હોવાનું માની શકાય એમ નથી

ઈરાન સામે અમેરિકા-ઈઝરાયલ યુદ્ધ દૂરનું યુદ્ધ નથી. ભારતના પડોશમાં પશ્ચિમ એશિયા વિસ્તારમાં તે થઈ રહ્યું છે. લાખો ભારતીયો અહીં રહે છે અને કામ કરે છે. ભારતના લાખો શીઆ મુસ્લિમો ઈરાનના લોકો સાથે ગાઢ સંબંધ ધરાવે છે. ઈરાન સાથે લાંબા સમયથી ઐતિહાસિક સંબંધોનો ભારતનો દાવો રહ્યો છે. વર્ષો વિતવા સાથે ભારતે ઈરાન સાથે વેપાર તથા આર્થિક સંબંધોનો પણ દાવો કર્યો છે. છાબહાર બંદરનો વિકાસ તેનું ઉદાહરણ છે. ભાજપ સરકારના કાળમાં આ દાવાઓ ખોરવાઈ ગયા છે. આ માટેનું એક કારણ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલન વડા પ્રધાન નેત્યનાહુ વચ્ચેના નજીકના સંબંધો છે. જુના સારા દિવસોમાં કોઈપણ સંઘર્ષમાં ભારતની શાંતિદૂત તરીકેને સૌથી વધુ ભૂમિકા રહેતી હતી. જો કે આ વખતે ૨૮ ફેબુરઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું છે ત્યારથી અમેરિકા તથા ઈઝરાયલે ભારતને અવગણ્યું છે. સમયે સમયે ભારતને માહિતી પૂરી પડાતી હોવાનો દેખાવ ઈરાને જાળવી રાખ્યો છે. ભારત ઈઝરાયલ પ્રત્યે પક્ષપાતી રહ્યું છે. છેલ્લામાં છેલ્લા પ્રકરણની વાત કરીએ તો બ્રિકસ દેશો દ્વારા ઈઝરાયલની ટીકા કરતા મુસદ્દા ઠરાવમાં ભારતે વિટો વાપર્યો છે. આમ છતાં, અમેરિકા-ઈઝરાયલે સાથે મળી ભારતને બહાર રાખી, મધ્યસ્થ તરીકે પાકિસ્તાનને આગળ કર્યું છે. પશ્ચિમ એશિયાના યુદ્ધે પોતાને અસર કરી નથી તેવો ભારત બચાવ કરી શકે એમ નથી. યુદ્ધને કારણે વિશ્વના મોટાભાગના દેશોના અર્થતંત્રને નુકસાન થયું છે, ખાસ કરીને એવા દેશો જેઓ વિશ્વ વેપારમાં, વૈશ્વિક પૂરવઠા સાંકળમાં તથા મેરિટાઈમ હિતો ધરાવે છે. યુદ્ધ શરૂ થયા પછીના ભારતના કેટલાક આર્થિક આંકડાઓ સાથેના કોષ્ટકમાં રજૂ કર્યા છે પ્રમુખ ટ્રમ્પના જુઠાણાથી વિશ્વ સારી રીતે વાકેફ છે. ઈરાનના હવાઈ દળ તથા નેવીનો ખાતમો બોલાવી દેવાયો હોવાના અથવા ઈરાન પાસે વધુ લશકરી શસ્ત્ર અને સરંજામ બચ્યા નથી અથવા ઈરાન ખાતે શાસક બદલાઈ ગયા છે અથવા ઈરાને અમેરિકાની દરખાસ્ત સ્વીકારી લીધી છે એવા તેમના વિવિધ દાવાનો કોઈએ વિશ્વાસ કર્યો નથી. ટ્રમ્પ યુદ્ધ અટકાવે છે અને ફરી શરૂ કરે છે અને પછી સ્થગિતતાની જાહેરાત કરે છે. દરમિયાન ઈઝરાયલે ઈરાન તથા લેબેનોન પર હુમલા ચાલુ રાખ્યા છે અને ઈરાને વળતા હુમલા કર્યા છે. ૨૮ ફેબુરઆરીએ શરૂ થયેલું યુદ્ધ હજુ સુધી અટકયુ નથી તેની વિશ્વને જાણ છે. બધુ સામાન્ય છે તેવો સરકાર દાવો કરે છે. યુદ્ધની કિંમત તથા પરિણામો આરબીઆઈ સારી રીતે જાણતી હોય તેવું લાગે છે. પોતાના એપ્રિલ બુલેટિનમા વૈશ્વિક પૂરવઠા સાંકળના દબાણ, રિટેલ ફુગાવો ઊંચે જવા, બોન્ડ યીલ્ડસ, આયાતમાં ઘટાડો તથા એફઆઈઆઈના ફ્લોમાં વોલેટાઈલ બાબતે રિઝર્વ બેન્કે ચિંતા વ્યકત કરી હતી અને ચેતવણી ઉચ્ચારી છે કે જો સંઘર્ષ ચાલુ રહેશે અને પૂરવઠા સાંકળનો વેળાસર ઉકેલ નહીં લવાય તો, ઘરેલુ અર્થતંત્ર સામે પડકારજનક સ્થિતિ ઊભી થઈ શકશે. પેટ્રોલ તથા ડીઝલના ભાવ જાળવી રાખવા (કદાચ ચૂંટણીઓને કારણે) સિવાય સરકારે ભાગ્યે જ કોઈ પગલાં લીધા છે. એવું લાગે છે કે સરકાર બની રહેલા ઘટનાક્રમોને મૂક પ્રેક્ષક બનીને જોઈ રહી છે અને આ ઘટનાક્રમોથી ભારતને અસર ન થાય તેવી પ્રાર્થના કરી રહી છે. ભારતની પ્રજા સ્થિતિસ્થાપક અને અડગ છે. તેઓ જાણે છે કે તેઓ સરકાર પાસે ખાસ અપેક્ષા રાખી શકે એમ નથી. તેમને તેમના રોજગાર તથા આવકનું રક્ષણ કરવાની ચિંતા છે.

# ભારતમાં શહેર સુધરાઈનાં બીજ અમદાવાદમાં રોપાયાં હતાં

વડોદરાના ગાયકવાડે પૂના ખાતે પેશ્વાને સંદેશો મોકલ્યોઃ અમદાવાદનો તમારો સુબો શેલુકર હદ વટાવી ગયો છે. એનો કશોક બંદોબસ્ત કરવો પડશે! ગાયકવાડે પરવાનગી આપીઃ તમે શેલુકરને પકડીને પૂના મોકલી દો! તાજેતરમાં ગુજરાતભરમાં ૧૫ મહાનગરપાલિકાની ચૂંટણી થઈ. શું તમે જાણો છો કે અમદાવાદની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ભારતના સર્વપ્રથમ કહી શકાય એવા પ્રજાપ્રેરિત લોકતંત્ર તરીકે જન્મી હતી? આ આખો ઐતિહાસિક સિલસિલો શરૂઆતથી જાણવા જેવો છે. ઓગણીસમી સદીના પૂવાર્ધની આ વાત. અમદાવાદ શહેરનો કોટ ઘણી જગ્યાએથી તૂટી ગયો હતો. ઠેકઠેકાણે ગાબડાં પડી ગયાં હતાં. તે વખતના અંગ્રજ જિલ્લા કલેક્ટર મિસ્ટર બોરડેલે અમદાવાદના પ્રતિષ્ઠિત નાગરિકોની મીટિંગ બોલાવી. કોટનું સમારકામ કરવા માટે નાણાં એકઠાં કરવા પડે તેમ છે તે વિશે ચર્ચા કરી. આ બેઠકના પગલે ૨૧-૪-૧૮૩૧ના રોજ 'ટાઉન વૉલ ફન્ડ કમિટી'ની સ્થાપના કરવામાં આવી. સરકારે તેને કાયદેસરની માન્યતા આપી. સમજોને કે આ જ કમિટીને કારણે ભારતમાં શહેર સુધરાઈનાં બીજ રોપાયાં! ટાઉન વૉલ ફન્ડ કમિટીએ નિર્ણય લીધોઃ ભંડોળ એકત્રિત કરવા માટે ઘી જેવી ચીજવસ્તુઓ પર એક ટકો વેરો ઊઘરાવો. આ રીતે એ જમાનામાં અઢી લાખ રૂપિયા એકઠા કરવામાં આવ્યા, જેમાંથી અમદાવાદના કોટનું સમારકામ કરવામાં આવ્યું. કમિટીએ સુધરાઈનાં કાર્યો પણ ૧૮૩૪થી શરૂ કરી દીધાં હતાં.

૧૮૫૦માં અંગ્રેજ સરકારે ઘોષણા કરીઃ જે જૂથને અથવા જે લોકોને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવી હોય તેમણે સરકારને અરજી કરવી. ૧૮-૮-૧૮૫૨ના રોજ અમદાવાદના ૨૭૧ અગ્રગણ્ય નાગરિકોએ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવા માટે અરજી કરી. ગોરી સરકારે ચાર વર્ષ પછી, ૧૧-૧૧-૧૮૫૬ના રોજ સ્થાનિક સ્વરાજ્ય માટે ૩૦ સભ્યોનું કમિશન રચ્યું. કમિશનની પહેલી મીટિંગ ૨૩-૧૨-૧૮૫૬ના રોજ મેજિસ્ટ્રેટની કચેરીમાં થઈ. ૧-૧-૧૮૫૭થી કમિશનનો અમલ શરૂ થઈ ગયો. આમ, સ્થાનિક સ્વરાજ્યના વહીવટ માટે કાયદેસર રીતે 'અમદાવાદ શહેર સુધરાઈ'ની સ્થાપના આ દિવસે થઈ. ૧૮૭૩માં સ્થાનિક સ્વરાજ્ય માટે 'બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ એક્ટ-સિક્સ' આવ્યો. તેથી આ સંસ્થા હવે 'સિટી મ્યુનિસિપાલિટી' તરીકે આળખાવા લાગી. ૧૮૮૪માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો. તે અનુસાર, ૧૫-૯-૧૮૮૫ના રોજ મ્યુનિસિપાલિટી બોર્ડની રચના થઈ, જેમાં ૨૫ સભ્યો હતા. અમદાવાદના સિટી મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે અંગ્રેજ સરકારે શેઠ રણછોડલાલ છોટાલાલની નિમણૂક કરી. વર્ષો સુધી સરકાર ખુદ પ્રમુખોની સીધી નિયુક્તિ કરતી રહી, પણ ૧૯૧૫માં પહેલી વાર પ્રજાકીય મ્યુનિસિપાલિટી અસ્તિત્ત્વમાં આવી. ૧૯૧૬માં જાણીતા સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠને પ્રમુખ બનાવવામાં આવ્યા.

૯-૨-૧૯૨૪ના રોજ અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચૂંટાઈ આવેલા પ્રમુખ કોણ હતા? સરદાર વલ્લભભાઈ પટેલ! વલ્લભભાઈની કામગીરીની પ્રશંસા તો મુંબઈ સરકારે પણ કરેલી. ઈન ફેક્ટ, સાયમન કમિશનના રિપોર્ટમાં રીતસર આ નોંધ જોવા મળે છેઃ 'અમદાવાદ મ્યુનિસિપાલિટીના સ્વરાજ્ય પક્ષના નેતા શ્રીયુત વલ્લભભાઈ પટેલે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મારફતે જે સુંદર અને કાર્યક્ષમ વહીવટ ચલાવ્યો, તેના પરથી અમને ખાતરી છે કે આ પ્રાંતના લોકો પ્રાંતીય સ્વાતંત્ય માટે જરૂરી કાબેલિયત ધરાવે છે.'

### તમિલનાડુનું રિઝલ્ટ આવતા જ થલાપતિના ઘરે પહોંચી 'ક્વીન ઓફ સાઉથ ઈન્ડિયા'; જાણો કોણ છે તૃષા કૃષ્ણન

# વિજયનો 'લેડી લક', ગર્લફ્રેન્ડના બર્થ-ડે પર ચૂંટણી જીત્યો!

## પાર્ટી TVK એ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં 110થી વધુ બેઠકો જીતી લીધી છે. હવે તેમનું સીએમ બનવું લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે

એક્ટર થલાપતિ વિજયે તમિલ રાજકારણમાં હીરોની જેમ એન્ટ્રી કરી છે. તેમની પાર્ટી TVK એ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં 110થી વધુ બેઠકો જીતી લીધી છે. હવે તેમનું સીએમ બનવું લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. TVKની જીતમાં વિજયના 'લેડી લક'ને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. આજે તે જ 'લેડી લક' એક્ટ્રેસ તૃષા કૃષ્ણનનો જન્મદિવસ છે, જેમનું નામ વિજય સાથે જોડાતું રહ્યું છે. તૃષા તમિલનાડુ ચૂંટણીનું પરિણામ આવે તે પહેલાં તિરુમાલા મંદિર પહોંચી, દર્શન કર્યા અને પછી વિજયના ઘરે પહોંચી. 51 વર્ષીય વિજય આજે તમિલ ફિલ્મોના સૌથી મોટા સ્ટાર છે તો તૃષા કૃષ્ણનને 'ક્વીન ઓફ સાઉથ ઈન્ડિયા' કહેવામાં આવે છે. બંને લગભગ 5 ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે, જેમાં 2023માં રિલીઝ થયેલી સુપરહિટ ફિલ્મ લિયો પણ સામેલ છે. આ તે જ સમય હતો જ્યારે વિજયની પત્ની સંગીતા સોર્નાલિંગમ છૂટાછેડા માટે કોર્ટમાં લડાઈ લડી રહી હતી. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, સંગીતા સોર્નાલિંગમે પોતાની છૂટાછેડાની અરજીમાં પતિ વિજય પર એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો હતો. જોકે, તેણે કોઈનું નામ લીધું ન હતું. વિજય અને સંગીતાએ 1999માં લગ્ન કર્યા હતા. બંનેને 2 બાળકો છે. વિજયે તાજેતરમાં છૂટાછેડાની જાહેરાત કર્યા પછી તૃષા સાથે જાહેરમાં દેખાયા. ઘણા લોકો માનતા હતા કે છૂટાછેડા પછી બંનેએ સંબંધને સત્તાવાર બનાવી દીધો છે. આ દરમિયાન વિજયના બોડીગાર્ડે એક પોસ્ટ શેર કરી જેમાં લખ્યું હતું, "હવે અફવાઓ સ્પષ્ટ કરવાનો સમય આવી ગયો છે."

આજે, તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે, ત્યારે તૃષા પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે. સવારે સૌથી પહેલા, એક્ટ્રેસ તિરુમાલા મંદિરની મુલાકાત લીધી અને બપોર સુધીમાં, તે વિજયના ઘરે પહોંચી ગઈ. સાઉથ મીડિયા પોર્ટલના અહેવાલો દાવો કરે છે કે ચૂંટણી પરિણામોની જાહેરાત પછી બંને તેમના લગ્નની જાહેરાત કરી શકે છે. જોકે, દિવ્ય ભાસ્કર સ્વતંત્ર રીતે આ દાવાની પુષ્ટિ કરતું નથી. તૃષાએ આજે તિરુપતિ બાલાજી મંદિરમાં પૂજા કરી હતી. રવિવારે રાતે તિરુપતિ જવા રવાના થઈ હતી અને હવે તેની મંદિર તસવીરો સામે આવી છે.

તૃષા કૃષ્ણન પરંપરાગત ઓફ-વ્હાઈટ સૂટ પહેરીને મંદિરમાં પહોંચી હતી. તેણે તેની ટીમ સાથે મંદિરની મુલાકાત લીધી હતી. જ્યારથી તેની મુલાકાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, ત્યારથી તેને તમિલનાડુ ચૂંટણીના પરિણામો સાથે જોડવામાં આવી રહ્યો છે. તૃષા કૃષ્ણન તાજેતરમાં થલાપતિ વિજય સાથેના જોડાણને કારણે હેડલાઈન્સમાં છે. વિજયની પાર્ટી, TVK હાલમાં 234 બેઠકોમાંથી 109 બેઠકો પર આગળ છે. 43 વર્ષની ઉંમરે, તૃષા આજે સાઉથ સિનેમાની સૌથી સફળ એક્ટ્રેસમાં સ્થાન ધરાવે છે. આ ખાસ પ્રસંગે, 'ક્વિન ઓફ સાઉથ' બનવા સુધીના તેના ઉદય અને



'થલાપતિ' સાથેના તેના જોડાણની સંપૂર્ણ કહાની.


તૃષા કૃષ્ણન મિસ ચેન્નઈ જીત્યા બાદ સાઉથ ઈન્ડસ્ટ્રી સાથે જોડાઈ હતી. કરિયરની શરૂઆતમાં તે ફાલ્ગુની પાઠકના સુપરહિટ મ્યુઝિક આલ્બમના ગીત 'મેરી ચુનર ઉડ-ઉડ જાયે' માં જોવા મળી હતી. તેની સાથે ગીતમાં આયેશા ટાકિયાએ પણ ડેબ્યૂ કર્યું હતું. 2010માં અક્ષય કુમાર સાથે બોલિવૂડમાં ડેબ્યૂ તૃષા કૃષ્ણને 2010માં ફિલ્મ 'ખટ્ટા મીઠા'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મનું ડિરેક્શન પ્રિયદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું, જેણે તૃષાને તેની કારકિર્દીમાં પહેલો મોટો બ્રેક આપ્યો હતો. આ ફિલ્મમાં તે અક્ષય કુમાર સાથે અભિનય કર્યો હતો. શરૂઆતમાં, ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. તૃષાની કારકિર્દીમાં આ એકમાત્ર હિન્દી ફિલ્મ રહી. ફિલ્મ હિટ હોવા છતાં, તૃષાએ ત્યારબાદ બોલિવૂડમાં વધુ કામ કર્યું નહીં. 25 વર્ષની કારકિર્દીમાં, તૃષાએ લગભગ 70 ફિલ્મોમાં અભિનય કર્યો છે, જેના માટે તેને પાંચ ફિલ્મફેર એવોર્ડ્સ સાઉથ, એક તમિલનાડુ સ્ટેટ ફિલ્મ એવોર્ડ અને એક નંદી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

સાઉથ ઈન્ડસ્ટ્રીમાં સફળતા મેળવ્યા બાદ 23 જાન્યુઆરી 2015માં તૃષા કૃષ્ણનની સગાઈ બિઝનેસમેન વરુણ મનિયન સાથે થઈ હતી. પરંતુ થોડા દિવસો પછી જ આ સગાઈ તૂટી ગઈ. સાઉથ મીડિયા પોર્ટલ મનોરમાને આપેલા ઈન્ટરવ્યૂમાં તૃષાએ સગાઈ તૂટવા પર કહ્યું હતું કે, 'હું જે વ્યક્તિ સાથે લગ્ન કરવા માંગતી હતી, તેણે મારી સામે એક્ટિંગ છોડવાની શરત રાખી હતી. તો મેં સગાઈ તોડી દીધી. હું ત્યારે જ ફિલ્મોમાંથી બ્રેક લઈશ, જ્યારે હું પ્રેગ્નેન્ટ હોઉં. જો મને લીડ રોલ ન મળે, તો હું કેરેક્ટર રોલ કરીશ, પરંતુ હું છેલ્લા શ્વાસ સુધી એક્ટિંગ કરીશ.'

સગાઈ તૂટ્યા પછી ઈન્ડિયા ગ્લિટ્સ તમિલને આપેલા ઈન્ટરવ્યૂમાં તૃષાએ કહ્યું હતું કે, "હું છૂટાછેડામાં વિશ્વાસ નથી કરતી. હું એવા કેટલાય પરિણીત કપલ્સને જાણું છું જે ખોટા કારણોસર સંબંધમાં છે. તે ખૂબ જ નાખુશ છે. મારે એવા લગ્ન નથી કરવા. હું સાચો સમય અને સાચો પાર્ટનર મળશે ત્યારે જ લગ્ન કરીશ. હું પ્રેમમાં પડવા માંગુ છું, લગ્ન મારા માટે સેકન્ડરી છે." ત્યારબાદ તૃષાનું નામ બાહુબલી એક્ટર રાણા દગ્ગુબાતી સાથે જોડાયું. બંને થોડા વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા, પરંતુ પછી બંનેનું બ્રેકઅપ થઈ ગયું. જોકે બંને બ્રેકઅપ પછી પણ મિત્રો રહ્યા. થલાપતિ વિજયે 25 ઓગસ્ટ 1999માં ફેન સંગીતા સોર્નાલિંગમ સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેમને 2 બાળકો છે. લગ્નના 27 વર્ષ પછી હાલમાં જ સંગીતાએ વિજય પાસેથી છૂટાછેડાની માંગ કરતી અરજી દાખલ કરી હતી. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, સંગીતાએ છૂટાછેડાનું કારણ વિજયનું એક્સ્ટ્રા મેરિટલ અફેર જણાવ્યું. અરજીમાં સંગીતાએ આરોપ લગાવ્યો કે થલાપતિ વિજયનું 2021 થી એક્ટ્રેસ સાથે એક્સ્ટ્રા મેરિટલ અફેર છે, જેનાથી તેમનો સંબંધ બગડવા લાગ્યો. વિજયે તેને ભરોસો અપાવ્યો કે તે એક્ટ્રેસ સાથે સંબંધ પૂરો કરી દેશે, પરંતુ વારંવાર મોકો આપવા છતાં તેણે એવું કર્યું નહીં. તે સતત તે એક્ટ્રેસ સાથે ટ્રિપ પર જતો રહ્યો, જેની તસવીરો સામે આવતી રહે છે. આ તસવીરો સામે આવવાથી તેને અપમાન અનુભવાયું. આ સિવાય વિજયે તેની જવાબદારી ઉપાડવાનું પણ લગભગ બંધ કરી દીધું, જેના પછી તેણે છૂટાછેડાનો નિર્ણય લીધો.

### આયુષ્માનની ફિલ્મ પર ચીટિંગને પ્રમોટ કરવાનો આરોપ:

# એક્ટરની 'પતિ પત્ની ઔર વો 2' ફિલ્મ પર સ્પષ્ટતા, કહ્યું- એક સ્વચ્છ પારિવારિક મૂવી છે



આયુષ્માન ખુરાનાની આગામી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો દો'નું ટ્રેલર રિલીઝ થતા જ વિવાદોમાં ઘેરાઈ ગયું છે. સોશિયલ મીડિયા પર ફિલ્મ પર લગ્નમાં છેતરપિંડીને પ્રોત્સાહન આપવા અને તેને મનોરંજક રીતે દર્શાવવાના આરોપો લાગી રહ્યા છે. જોકે, હવે ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન આયુષ્માન ખુરાના અને રકુલ પ્રીત સિંહે આ આરોપોનો જવાબ આપ્યો છે. એક્ટરનો દાવો છે કે ફિલ્મમાં તેનો કિરદાર 'ગ્રીન ફ્લેગ' છે અને તે કોઈપણ પ્રકારની બેવફાઈ કે છેતરપિંડીને પ્રોત્સાહન આપતી નથી. ફિલ્મનું ટીઝર આવ્યા બાદથી જ કેટલાક લોકો તેના પર સવાલ ઉઠાવી રહ્યા હતા. વિવેચકોનું કહેવું છે કે ફિલ્મમાં એક પરિણીત પુરુષનો અન્ય સ્ત્રીઓ સાથે અફેર બતાવવો સમાજમાં ખોટો સંદેશ આપી શકે છે. આરોપ છે કે આવી વાર્તાઓથી લોકો લગ્નમાં પાર્ટનરને છેતરવા માટે પ્રેરિત થઈ શકે છે. આને 'ચીટિંગ'ને ગ્લોરિફાય કરતી ફિલ્મ ગણાવવામાં આવી રહી હતી. આ આરોપોને નકારી કાઢતા આયુષ્માન ખુરાનાએ ટ્રેલર લોન્ચ પર પોતાની સ્પષ્ટતા આપી. તેણે કહ્યું, 'આ ફિલ્મ ચાર પાત્રોની ગૂંચવણો વિશે છે. મારો જે રોલ છે એટલે કે પ્રજાપતિ પાંડે, તે સંપૂર્ણપણે એક 'ગ્રીન ફ્લેગ' પાત્ર છે. તેનો નૈતિક હોકાયંત્ર બિલકુલ સાચો છે. અમે કોઈપણ પ્રકારની છેતરપિંડીને પ્રોત્સાહન આપી રહ્યો નથી કારણ કે આ એક સ્વચ્છ પારિવારિક ફિલ્મ છે. આ ફક્ત એક કોમેડી ઓફ એરર્સ છે, જેમાં પ્રજાપતિનો કોઈની સાથે કોઈ અફેર નથી. એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહે પણ આયુષ્માનની વાતનું સમર્થન કર્યું. તેણે કહ્યું, આ ફિલ્મ ગેરસમજો પર આધારિત છે. આવી પરિસ્થિતિ કોઈની પણ સાથે થઈ શકે છે. લોકો ચોક્કસપણે તેનાથી સંબંધિત થશે. તેને વિવાદના દૃષ્ટિકોણથી જોવાને બદલે મનોરંજન તરીકે જોવું જોઈએ. રકુલનું માનવું છે કે ફિલ્મમાં એવું કંઈ નથી જેનાથી કોઈની ભાવનાઓને ઠેસ પહોંચે. ટીઝરમાં આયુષ્માન ખુરાના 'પ્રજાપતિ પાંડે'ના પાત્રમાં જોવા મળી રહ્યો છે. આ વખતે તેની લાઈફમાં કન્ફ્યુઝનનું લેવલ ઘણું વધારે છે. આયુષ્માન એક કે બે નહીં, પરંતુ ત્રણ મહિલાઓ વચ્ચે ફસાયેલો છે. ફિલ્મમાં સારા અલી ખાન, વામિકા ગબ્બી અને રકુલ પ્રીત સિંહ લીડ રોલમાં છે. ટીઝરમાં વિજય રાજ એક પોલીસવાળાના રોલમાં દેખાઈ રહ્યો છે, જે કોમેડીને વધુ વધારી રહ્યો છે. આ ફિલ્મ 15 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આયુષ્માન ખુરાનાની આગામી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો દો'નું ટ્રેલર રિલીઝ થતા જ વિવાદોમાં ઘેરાઈ ગયું છે. સોશિયલ મીડિયા પર ફિલ્મ પર લગ્નમાં છેતરપિંડીને પ્રોત્સાહન આપવા અને તેને મનોરંજક રીતે દર્શાવવાના આરોપો લાગી રહ્યા છે. જોકે, હવે ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન આયુષ્માન ખુરાના અને રકુલ પ્રીત સિંહે આ આરોપોનો જવાબ આપ્યો છે. એક્ટરનો દાવો છે કે ફિલ્મમાં તેનો કિરદાર 'ગ્રીન ફ્લેગ' છે અને તે કોઈપણ પ્રકારની બેવફાઈ કે છેતરપિંડીને પ્રોત્સાહન આપતી નથી. ફિલ્મનું ટીઝર આવ્યા બાદથી જ કેટલાક લોકો તેના પર સવાલ ઉઠાવી રહ્યા હતા. વિવેચકોનું કહેવું છે કે ફિલ્મમાં એક પરિણીત પુરુષનો અન્ય સ્ત્રીઓ સાથે અફેર બતાવવો સમાજમાં ખોટો સંદેશ આપી શકે છે. આરોપ છે કે આવી વાર્તાઓથી લોકો લગ્નમાં પાર્ટનરને છેતરવા માટે પ્રેરિત થઈ શકે છે. આને 'ચીટિંગ'ને ગ્લોરિફાય કરતી ફિલ્મ ગણાવવામાં આવી રહી હતી. આ આરોપોને નકારી કાઢતા આયુષ્માન ખુરાનાએ ટ્રેલર લોન્ચ પર પોતાની સ્પષ્ટતા આપી. તેણે કહ્યું, 'આ ફિલ્મ ચાર પાત્રોની ગૂંચવણો વિશે છે. મારો જે રોલ છે એટલે કે પ્રજાપતિ પાંડે, તે સંપૂર્ણપણે એક 'ગ્રીન ફ્લેગ' પાત્ર છે. તેનો નૈતિક હોકાયંત્ર બિલકુલ સાચો છે. અમે કોઈપણ પ્રકારની છેતરપિંડીને પ્રોત્સાહન આપી રહ્યો નથી કારણ કે આ એક સ્વચ્છ પારિવારિક ફિલ્મ છે. આ ફક્ત એક કોમેડી ઓફ એરર્સ છે, જેમાં પ્રજાપતિનો કોઈની સાથે કોઈ અફેર નથી. એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહે પણ આયુષ્માનની વાતનું સમર્થન કર્યું. તેણે કહ્યું, આ ફિલ્મ ગેરસમજો પર આધારિત છે. આવી પરિસ્થિતિ કોઈની પણ સાથે થઈ શકે છે. લોકો ચોક્કસપણે તેનાથી સંબંધિત થશે. તેને વિવાદના દૃષ્ટિકોણથી જોવાને બદલે મનોરંજન તરીકે જોવું જોઈએ. રકુલનું માનવું છે કે ફિલ્મમાં એવું કંઈ નથી જેનાથી કોઈની ભાવનાઓને ઠેસ પહોંચે. ટીઝરમાં આયુષ્માન ખુરાના 'પ્રજાપતિ પાંડે'ના પાત્રમાં જોવા મળી રહ્યો છે. આ વખતે તેની લાઈફમાં કન્ફ્યુઝનનું લેવલ ઘણું વધારે છે. આયુષ્માન એક કે બે નહીં, પરંતુ ત્રણ મહિલાઓ વચ્ચે ફસાયેલો છે. ફિલ્મમાં સારા અલી ખાન, વામિકા ગબ્બી અને રકુલ પ્રીત સિંહ લીડ રોલમાં છે.


### પ્રિન્સ નરુલાની પાર્ટીમાં ધડબડાટી

# 'બિગ બોસ' ફેમ બસીર અલીએ કેમેરામેનને ઢીબી નાખ્યો:દારૂ પીને એક્ટ્રેસિસ સાથે ગેરવર્તણૂક કરતા એક્ટરનો પારો ચડ્યો

'બિગ બોસ 19' ફેમ બસીર અલીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક કેમેરામેનને ખરાબ રીતે માર મારતો જોવા મળી રહ્યો છે. અફરાતફરી વચ્ચે બસીર અલી ખૂબ જ આક્રમક દેખાયો. આ દરમિયાન ત્યાં પ્રિન્સ નરુલા અને શિવ ઠાકરે પણ હાજર હતા. વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યુ છે કે, બસીર અલીએ કેમેરામેનને થપ્પડ મારી અને તેને ઢસડ્યો, ત્યારબાદ તે વ્યક્તિએ બસીર તરફ બોટલ ફેંકી. ત્યાં હાજર લોકો પણ બંનેને અલગ કરતા જોવા મળ્યા. થોડીવાર પછી પોલીસે પહોંચીને મામલો સંભાળ્યો. દાવો કરવામાં આવી રહ્યો છે કે, મારપીટનો આ વીડિયો પ્રિન્સ નરુલાના રેસ્ટોરન્ટની ઓપનિંગનો છે. પ્રિન્સ નરુલાની પાર્ટીમાં બસીર ઉપરાંત શિવ ઠાકરે, 'સ્પ્લિટ્સવિલા' કન્ટેસ્ટન્ટ સૌંદર્યા શેટ્ટી અને કિયારા પણ હતાં. જ્યારે સૌંદર્યા અને કિયારા પાર્ટીમાં પહોંચ્યાં, તેવો જ એક કેમેરામેને બંને પર વાંધાજનક ટિપ્પણીઓ કરી. જ્યારે સૌંદર્યાએ આ વાત બસીરને જણાવી, ત્યારે તે તેની સુરક્ષા માટે તેની સાથે બહાર જઈ રહ્યો હતો.

કેમેરામેનની વાંધાજનક ટિપ્પણી બાદ બસીર સૌંદર્યા સાથે બહાર નીકળ્યો.

કેમેરામેનની વાંધાજનક ટિપ્પણી બાદ બસીર સૌંદર્યા સાથે બહાર



નીકળ્યો.

આ દરમિયાન ફરી એક-બે વાર તે કેમેરામેને ગેરવર્તન કર્યું. બસીરે આનો વિરોધ કર્યો હતો. પાર્ટી પૂરી થયા પછી જ્યારે બસીર કાર તરફ જવા લાગ્યો, ત્યારે તે કેમેરામેન તેને જોઈને ગાળો બોલવા લાગ્યો. આ જોઈને બસીરે તેને મારવાનું શરૂ કરી દીધું. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, પ્રિન્સ નરુલા અને શિવ ઠાકરે દૂર ઊભા રહીને ઝઘડો જોઈ રહ્યા હતા.

'બિગ બોસ 19'નો સફર વિવાદોથી ભરેલો રહ્યો

એક્ટર બસીર અલી ઓગસ્ટ 2025માં ટીવી પર પ્રસારિત થયેલા રિયાલિટી શો 'બિગ બોસ 19'નો સ્પર્ધક બન્યો હતો. બાદમાં તેને શોમાંથી એલિમિનેટ કરી દેવામાં આવ્યો હતો.

બસીર અલીએ 'બિગ બોસ' શો અને સલમાન ખાનને પક્ષપાતી ગણાવ્યા હતા.

બસીર અલીએ 'બિગ બોસ' શો અને સલમાન ખાનને પક્ષપાતી ગણાવ્યા હતા.

શો દરમિયાન તે સાથી સ્પર્ધકો સાથેના ઝઘડા અને નેહલ ચુડાસમા સાથેની મિત્રતા અને ત્યારબાદના વિવાદોને લઈને ચર્ચામાં રહ્યો હતો. 'બિગ બોસ' પહેલા તે 'એમટીવી રોડીઝ' અને 'સ્પ્લિટ્સવિલા 10' જેવા શો જીતીને લોકપ્રિયતા મેળવી હતી. તેણે ટીવી સિરિયલ 'કુંડલી ભાગ્ય'માં શૌર્ય લુથરાની ભૂમિકા પણ ભજવી હતી.

### ગુરદાસ અને બબ્બુ માનની જેમ તારો પણ અહંકાર તોડીશું

# દિલજીત દોસાંઝે પડકાર ફેંકતા ખાલિસ્તાનીઓ ભડક્યા:વીડિયો જાહેર કરી ધમકી આપી



સિંગર દિલજીત દોસાંઝનો ઓરા વર્લ્ડ ટૂર 2026 વિવાદોમાં ઘેરાઈ ગયો છે. 30 એપ્રિલે કેનેડામાં કેલગરી શો દરમિયાન ખાલિસ્તાની ઝંડા બતાવવામાં આવ્યા હતા. તેના જવાબમાં દિલજીતે જાંઘ પર થાપી મારીને કહ્યું હતું- 'હું બહાર ઉઠાવીને ફેંકી દઈશ.' હવે દિલજીતની આ થાપીને લઈને ખાલિસ્તાનીઓ ગુસ્સે થયા છે. આને લઈને 3 મેના રોજ '@બબ્બર' એકાઉન્ટ પરથી દિલજીતને ચેલેન્જ કરવામાં આવી કે, 'હવે સામે ઊભો રહેજો. આ થાપી ખાલિસ્તાનને નહીં પણ પંથને મારવામાં આવી છે.'

ખાલિસ્તાનીઓએ ધમકી આપતા કહ્યું, 'તમને નથ્થ નાખીશું. થાપી મારીને તમે શીખ હોવાનો મુખોટો ઉતારી દીધો છે. બબ્બુ માન અને ગુરદાસ માનનો અહંકાર પણ આ જ રીતે તોડ્યો હતો. ખાલિસ્તાનીઓએ એવો પણ દાવો કર્યો કે, 'કેલગરીમાં દિલજીત વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, દિલજીતે ઉઠાવીને બહાર ફેંકી દેવાની વાત કહીને ઓસ્ટ્રેલિયાના શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાના કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.' જોકે, કેલગરી પોલીસે આ સંબંધમાં ઓફિશિયલ નોટ જાહેર કરી નથી. આ થાપી પંથને મારી છેઃ ખાલિસ્તાની હેન્ડલ '@બબ્બર' દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ખાલિસ્તાનીએ કહ્યું, 'દિલજીતે પોતાના શોમાં જે થાપી મારી છે, તે અમને નહીં પણ શીખ પંથને મારી છે. આ પહેલા આવો જ અહંકાર ગુરદાસ માન અને બબ્બુ માનને થયો હતો. તે પછી શું થયું, તે બધા જાણે છે. હવે માફી માંગે છે. દિલજીતનો પણ અહંકાર આ જ રીતે કાઢીશું અને આ થાપીનો જવાબ આપીશું.' અમિતાભ બચ્ચનને પગે કેમ લાગ્યોઃ ખાલિસ્તાનીએ કહ્યું કે, 'દિલજીતે આ પહેલા KBC (કૌન બનેગા કરોડપતિ) શોમાં અમિતાભ બચ્ચનના પગ સ્પર્શીને ખોટું કર્યું.' જોકે, દિલજીત આ મામલે કહી ચૂક્યો છે કે તે અમિતાભના શોમાં પંજાબીઓ અને પૂર પીડિતો માટે ફંડ એકત્ર કરવા ગયો હતો, ન કે પોતાના પ્રમોશન માટે. 'ચમકીલા'ને જાણી જોઈને બાળકો સુધી પહોંચાડ્યોઃ ખાલિસ્તાનીએ દિવંગત પંજાબી સિંગર અમરજીત ચમકીલાને લઈને બનાવેલી ફિલ્મને લઈને પણ દિલજીત દોસાંઝને ધમકાવ્યો. ખાલિસ્તાનીએ કહ્યું કે, 'જે ચમકીલાનું પંજાબમાંથી નામ ભૂંસી નાખવામાં આવ્યું હતું, તેને દિલજીતે ફરીથી બાળકો-બાળકો સુધી પહોંચાડી દીધો.' દિલજીતે ખાલિસ્તાની ઝંડા બતાવવાને લઈને થયેલા વિવાદ પર 2 મેના રોજ એડમન્ટન (કેનેડા) માં શો દરમિયાન કહ્યું- 'હું તો વચ્ચે ફસાઈ ગયો છું.

### મોત સામે મારો ભાઈ ચેમ્પિયનની જેમ લડ્યો

# સલમાન ખાન 42 વર્ષ જૂના મિત્રના અવસાનથી ભાંગી પડ્યો:ફોટો શેર કરી લાંબી ઈમોશનલ પોસ્ટ લખી



બોલિવૂડ એક્ટર સલમાન ખાને પોતાના નજીકના મિત્ર સુશીલ કુમારના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. સલમાને 42 વર્ષ જૂના મિત્ર સુશીલને માત્ર મિત્ર જ નહીં પરંતુ ભાઈ સમાન ગણાવ્યા. સલમાન ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સુશીલ માટે એક લાંબી ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. સલમાને પિતા સલીમ ખાન સાથેના પણ સુશીલના જૂના ફોટો શેર કર્યા. એક્ટરે લખ્યું, 'આ વ્યક્તિ 42 વર્ષથી મારા માટે ભાઈ સમાન હતો, સૌથી સારો, દયાળુ અને ખૂબ જ મદદગાર. ભલે તે મુશ્કેલીમાં હોય, પણ તે હંમેશા હસતો, ડાન્સ કરતો અને ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ તેને કોઈ દુઃખ કે ચિંતા નહોતી. પછી ભલે તે આર્થિક, માનસિક કે શારીરિક તકલીફ હોય, તે હંમેશા કહેતો 'કોઈ ફરક નથી પડતો, બધું સારું થઈ જશે.' સલમાને આગળ લખ્યું, 'તેનું નામ સુશીલ કુમાર છે- અથવા 5 મિનિટ પહેલાં સુધી તો એવું જ હતું. અલવિદા ભાઈ! તમે એક મર્દની જેમ જીવ્યા અને મૃત્યુ સામે એક હેવીવેઈટ ચેમ્પિયનની જેમ લડ્યા. તારા માટે મારી આંખોમાં કોઈ આંસુ નથી, ફક્ત યાદો અને હાસ્ય છે.' પોતાની પોસ્ટમાં સલમાને જીવનની ફિલોસોફી પર પણ વાત કરી. તેણે આગળ લખ્યું, 'મારો ભાઈ ચહેરા પર સ્મિત સાથે વિદાય પામ્યો, શું વાત છે ભાઈ! કોઈ વહેલું જશે તો કોઈ મોડું, બધાએ જવાનું જ છે. કોઈ નથી જાણતું ક્યારે અને કેવી રીતે, એટલે કંઈક એવું કરીને જાવ. હવે તમારી સિગારેટ અને વ્હિસ્કીનો આનંદ માણો, ચિયર્સ ભાઈ. મને લાગે છે કે હું તમને થોડો યાદ કરીશ.' વર્કફ્રન્ટની વાત કરીએ તો, સલમાન ખાન હાલમાં તેની આગામી ફિલ્મ 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ'ની તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્માણ સલમા ખાનના બેનર સલમાન ખાન ફિલ્મ્સ હેઠળ થઈ રહ્યું છે. આ ફિલ્મનું ડિરેક્શન અપૂર્વ લાખિયા કરી રહ્યા છે અને તેમાં ચિત્રાંગદા સિંહ લીડ રોલમાં જોવા મળશે. આ ઉપરાંત, રિતેશ દેશમુખની ફિલ્મ 'રાજા શિવાજી'માં સલમાનનો કેમિયો પણ હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

પોતાની પોસ્ટમાં સલમાને જીવનની ફિલોસોફી પર પણ વાત કરી. તેણે આગળ લખ્યું, 'મારો ભાઈ ચહેરા પર સ્મિત સાથે વિદાય પામ્યો, શું વાત છે ભાઈ! કોઈ વહેલું જશે તો કોઈ મોડું, બધાએ જવાનું જ છે. કોઈ નથી જાણતું ક્યારે અને કેવી રીતે, એટલે કંઈક એવું કરીને જાવ. હવે તમારી સિગારેટ અને વ્હિસ્કીનો આનંદ માણો, ચિયર્સ ભાઈ. મને લાગે છે કે હું તમને થોડો યાદ કરીશ.' વર્કફ્રન્ટની વાત કરીએ તો, સલમાન ખાન હાલમાં તેની આગામી ફિલ્મ 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ'ની તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્માણ સલમા ખાનના બેનર સલમાન ખાન ફિલ્મ્સ હેઠળ થઈ રહ્યું છે. આ ફિલ્મનું ડિરેક્શન અપૂર્વ લાખિયા કરી રહ્યા છે અને તેમાં ચિત્રાંગદા સિંહ લીડ રોલમાં જોવા મળશે.